સમતા અને વિકાસ સંસ્થાન, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ.

અંતર્ગત

**પ્રકલ્પ અહેવાલ**

# ડાંગ જિલ્લાનો આદિવાસી વિકાસ દર્શન


**-: પ્રકલ્પ સંયોજક :-**

*ડૉ.નિમિષા શુક્લ*

**-: માનદ નિયામક :-**

*ડૉ.વિદ્યુત જોષી*

**-: અધ્યેતા :-**

**કૈલાસ ભોયે**

**મદદનીશ અધ્યાપક, ગ્રામ અર્થશાસ્ત્ર, વિભાગ**

**મહાદેવ દેસાઇ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા,**


**વર્ષ- 2022-23**

# પ્રકરણ-1 :

## સારાંશ અને ભલામણો

### 1.1 પ્રસ્તાવના

આદિવાસી વિકાસ અંગે અંગ્રેજ શાસનથી લઇ આજ પર્યંત વિવિધ પ્રયાસો થયા. અનેક સમિતિઓ બની. વ્યૂહરચનો ઘડાઇ, વિવિધ વિકાસલક્ષી યોજના અને કાર્યક્રમો પણ ઘડાયા તેમ છતા આદિવાસી સમુદાયોનો અપેક્ષિત વિકાસ થયો નથી. તેમના સ્વતંત્ર વિકાસ માટે બંધારણીય જોગવાઇઓ પણ કરવામાં આવી તેમજ PESA જેવા વિશિષ્ટ અધિકારના કાયદાઓ પણ ઘડવામાં આવ્યા. સરકારી, બિન સરકારી સંસ્થાઓ અને અન્ય નાગરિક સંગઠનો પણ આદિવાસીઓના વિકાસ માટે અનેક કાર્યક્રમો લઇને આદિવાસી વિસ્તારોમાં બેસી ગયા છે. બધા પ્રયાસો આયોજનપૂર્વકના તાર્કિક રહ્યા છે. બૌદ્ધિક વર્ગ દ્વારા વિચારપૂર્વક આર્થિક વિકાસનુ આયોજન અને તેનુ અમલ થયું. તેમ છતા આદિવાસીઓની આર્થિક સ્થિતિમાં તેનાથી બદલાવ નહિવત થયો, કારણ કે આ બધા જ પ્રયાસો બુદ્ધિપૂર્વકના હતા પરંતુ આદિવાસીઓની સ્થિતિ, ક્ષમતા અને તેમની ઇચ્છા મુજબના ન હતા. તેથી પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસીઓના વિકાસનો નવો અભિગમ સૂચવ્યો છે. આ નવા અભિગમ મુજબ ‘આદિવાસીઓની ક્ષમતાઓનુ વર્ધન એટલે આદિવાસી વિકાસ’ . વિકાસના આ અભિગમ હેઠળ ડાંગ જિલ્લામાં આદિવાસી વિકાસના પડકારો અને પ્રશ્નો તપાસી તેના ઉકેલ માટે સ્થાનિક આદિવાસીઓની ક્ષમતાનુ માપન કરી તે મુજબ તેમના વિકાસની કાર્ય-યોજના તૈયાર કરી છે. તથા આ કાર્ય યોજનાના અમલ માટે વાસ્તવદર્શી ભલામણો કરવામાં આવી છે.

### 1.2 સારાંશ

પ્રસ્તુત અભ્યાસનો અહેવાલ કુલ પાંચ પ્રકરણોમાં વિભાજિત છે. આ પાંચે પ્રકરણોનો ક્રમશઃ સારાંશ નીચે મુજબ છે.

પ્રકરણ-1 : સારાંશ અને ભલામણો
પ્રકરણ-2 : આદિવાસી વિકાસનો અભિગમ
પ્રકરણ-3 : આદિવાસી અને ડાંગ જિલ્લાની ઓળખ
પ્રકરણ-4 : આદિવાસી વિકાસના ક્ષેત્રો
પ્રકરણ-5 : કાર્ય યોજના (Action Plan)

પ્રસ્તુત અહેવાલના પ્રકરણ-1 માં સમગ્ર અહેવાલનો સારાંશ અને મુખ્ય ભલામણોનો સમાવેશ થાય છે. જેમા શૈક્ષણિક વિકાસની ભલામણો, વનપેદાશ આધારિત ગ્રામોદ્યોગ વિકાસની ભલામણો, જંગલ-જમીન અધિકારલક્ષી ભલામણો, પરંપરાગત ખેતપેદાશો અને તેની બજાર વ્યવસ્થાની ભલામણો, જળ વ્યવસ્થાપન, પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગને લગતી ભલામણોનો સમાવેશ થાય છે.

પ્રકરણ-2મા આદિવાસી વિકાસ અંગે નવા અભિગમને વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે. પ્રકરણના પ્રારંભે આદિવાસી વિકાસ અંગેના ભૂતકાલીન અભિગમો તપાસ્યા છે. જેમ કે, પંડિત નેહરૂના

પંચશીલ, ડૉ. એલ્વિન, SMPT, ઢેબર કમીશન, આદિજાતિ પેટાયોજના, ITDP, MADA ભૂરિયા સમિતિ, પેસા કાનુન, ગાંધીવાદી સેવકો, સમાજ સુધારકો, વનબંધુ કલ્યાણ યોજના, એફ.આર.એ. ઉપરાંત આયોજિત વિકાસ કાર્યક્રમો વગેરેની સમીક્ષા કરી છે. તાર્કિક અને આયોજનપૂર્વકના આ બધા પ્રયાસો છતા આદિવાસીઓની આર્થિક સ્થિતિમાં અપેક્ષિત બદલાવ લાવી શકાયો નથી. તેથી આ માટે નવા અભિગમને સૂચિત કરાયો છે. નવા અભિગમ અનુસાર આદિવાસીઓનો સંપોષિત વિકાસ કરવો હોય તો તેમની ક્ષમતાઓનુ પ્રફૂલ્લન કરીને તેમની સંસ્કૃતિ-પ્રકૃતિને અનુરૂપ વિકાસનું માળખુ ગોઠવવું જોઇશે. આ અભિગમ મુજબ "આદિવાસીઓની ક્ષમતાઓનુ વર્ધન એટલે આદિવાસી વિકાસ. પ્રસ્તુત પ્રકરણમાં ડાંગ જિલ્લાના આદિવાસીઓના આર્થિક વિકાસ માટે મુખ્ય પાંચ ક્ષમતાઓ આધારિત 'પંચવર્ધિત' વિકાસનો અભિગમ વિચારાયો છે. જેમા 1) દરજ્જા વર્ધન 2) કૌશલ્ય વર્ધન 3) મૂલ્ય વર્ધન 4) ભાગીદારી વર્ધન અને 5) સ્વાશ્રય વર્ધન. નો સમાવેશ થાય છે.

પ્રકરણ-3 માં ગૌણ માહિતીના આધારે આદિવાસીઓનો વર્તમાન આર્થિક-સામાજિક દરજ્જાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમા ડાંગ જિલ્લાના આદિવાસીઓની સામાજિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક ઓળખ અને ભૌગોલિક સ્થિતિને પણ આવરી લીધી છે. આ ઉપરાંત આજીવિકાના તમામ ક્ષેત્રો, જેવા કે કૃષિ, ઉદ્યોગ, સેવા, સહકારી પ્રવૃત્તિઓ, કારીગરી અને ખાણ-ખનિજ વગેરેની વર્તમાન સ્થિતિ અને તેમા આવેલ પરિવર્તનો તપાસ્યા છે. સાથે સાથે છેલ્લા દાયકા દરમિયાન ડાંગ જિલ્લામાં આંતરમાળખાકીય સવલતોની સ્થિતિ અને તેમાં આવતા પરિવર્તનોને ધ્યાનમાં રાખી મૂલ્યાંકન કર્યું છે.

પ્રકરણ-4 માં જુથ ચર્ચા અને પ્રત્યક્ષ અવલોકના માધ્યમથી ડાંગ જિલ્લાના આદિવાસીઓની ક્ષમતાઓનુ માપન દર્શાવ્યુ છે. ડાંગ જિલ્લામાં આદિવાસી વિકાસના વિભન્નક્ષેત્રોમાં આદિવાસી વિકાસના પ્રશ્નો અને તેના ઉકેલ માટે તેમનામાં રહેલી ક્ષમતાને માપી તેને વિકસાવવાની શક્યતાઓનો વિચાર કરવામાં આવ્યો છે. જેમા મુખ્યત્વે વિકાસના પાયાના તમામ ક્ષેત્રોને આવરી લીધા છે. જેમ કે શિક્ષણ, જંગલ-જમીનનો ઉપયોગ અને અધિકારો, વનપેદાશ એકત્રીકરણ અને ઉપયોગ, પરંપરાગત કૃષિ પેદાશો તથા તેનુ બજાર, પશુપાલન, મત્યઉદ્યોગ, સહકારી પ્રવૃત્તિઓ વગેરે ક્ષેત્રો સમક્ષના પડકારો-પ્રશ્નો તેના ઉકેલ માટે સ્થાનિક આદિવાસીઓમાં રહેલી ક્ષમતા અને વિકાસની શક્યતાઓ ચકાસવામાં આવી છે.

ડાંગી આદિવાસીઓના વિકાસ સમક્ષ રહેલા પડકારો, પ્રશ્નો ચકાસ્યા બાદ તેને ઉકેલવા સ્થાનિક આદિવાસીઓની પરંપરાગત અને વર્તમાન ક્ષમતા માપવામાં આવી, ત્યાર બાદ તેમની ક્ષમતામાં વધારો કરી શકાય તે માટેની કાર્ય યોજના પ્રકરણ-5માં વ્યકત કરી છે. આ કાર્ય યોજના સ્થાનિક આદિવાસીઓની ક્ષમતા, ભાગીદારી, સંસ્કૃતિ, જીવનશૈલી, સ્થાનિક સાધનો, સ્થાનિક જરૂરિયાતો, વર્તમાન નીતિઓ, કાયદા અને સ્થાનિક લોકોની ઇચ્છા મુજબની તૈયાર કરવામાં આવી છે. તથા આ કાર્ય યોજનાનુ અમલીકરણ કેવી રીતે અને કોના દ્વારા થશે, સરકારી તથા બિનસરકારી સંસ્થાઓની, સ્થાનિક સંગઠનો અને નાગરિકોની શુ ભૂમિકા રહેશે વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. આ કાર્ય યોજનામાં આર્થિક-સામાજિક વિકાસના સ્થાનિક કક્ષાના તમામ પાયાના ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## 1.3 ભલામણો

### શૈક્ષણિક વિકાસની ભલાણો.

આદિવાસી વિકાસનો કાયમી ઉકેલ મેળવવુ હોય અથવા સંપોષિત આદિવાસી વિકાસની દિશામાં પ્રયત્નો કરવા હોય તો શિક્ષણ અને કેળવણીને કેન્દ્ર સ્થાને રાખવુ પડશે.

- શાળાઓમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકોની ખાલી જગ્યા ફરજિયાત ભરાશે.
- શિક્ષકોને વસ્તીગણતરી, ચૂંટણી, સર્વે જેવા બિનશૈક્ષણિક કાર્યોમાંથી સંપૂર્ણ મુક્તિ અપાશે.
- શિક્ષક વિદ્યાર્થી સાથે આત્મિયતા કેળવી શકે તે માટે સ્થાનિક સામાજિક-સાંસ્કૃતિક તથા આર્થિક સ્થિતિથી વાકેફ હોય અને સ્થાનિક બોલી/ભાષા બોલી શકે એવા સ્થાનિક શિક્ષકોની નિમણુંક કરાશે.
- શિક્ષકોના જિલ્લા બહારના દૈનિક આવન-જાવન પર નિયંત્રણ લાવવું. શિક્ષકનું નિવાસ 15 કિ.મી.ની હદમાં હોવું જોઇએ.
- શિક્ષકોની નિયમિતતા અને શૈક્ષણિક ક્ષમતા પર ભાર. આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારી અને ગામના સરપંચશ્રીએ તકેદારી રાખવી જોઇશે.
- વિદ્યાર્થીઓને શાળાનુ વાતાવરણ આકર્ષે એવી શૈક્ષણિક સગવડો અનિવાર્ય બનાવવું.
- શૈક્ષણિક સંસ્થાઓમાં નિયમિત રીતે રમત-ગમતની પ્રવૃત્તિઓ તથા સ્પર્ધાઓ યોજીવી તથા રમત-ગમતના શિક્ષકની નિમણુંક ફરજિયાત બનાવવી.
- જિલ્લામાં યુવા અને રમત-ગમત વિભાગ સંચાલિત 'જિલ્લા રમત-ગમ્મત શિક્ષણ અને તાલીમ કેન્દ્ર(સ્પોર્ટસ એકેડેમી) શરુ કરાશે.
- વિદ્યાર્થીઓની નિયમિતતા વધે અને શિક્ષકોને વાલીઓનો સહકાર મળે તે માટે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વર્ષમાં બે વખત વાલી મિટિંગનુ આયોજન કરવું,
- સરકાર દ્વારા  માધ્યમિક થી ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં લઇ સુયોગ્ય સુવિધાયુક્ત છાત્રાલયોની સગવડ વધારવી.
- સ્થાળાંતરિત મજુરોના બાળકો માટે પ્રાથમિક શાળાઓમાં મોસમી છાત્રાલયની વ્યવસ્થા જરુરી સુધારા સાથે ચાલુ રાખવી.

### વન પેદાશ આધારિત ગ્રામોદ્યોના વિકાસની ભલામણો

- વન વિભાગ દ્વારા ડાંગના વાંસ બાહ્ય કંપનીઓને વેચવાને બદલે સ્થાનિક આદિવાસીઓ માટે રોજગારી સર્જનમાં વાપરવા જોઇએ.
- ડાંગના જંગલના વાસની ગુણવત્તાને ધ્યાને લઇ તેની બનાવટો અંગે TSP, NGO અને ITI મારફત કાયમી ધોરણો તાલીમ કેન્દ્ર સ્થાપીને નીચે મુજબના ક્ષેત્રોમાં તાલીમ આપી સહકારી ધોરણે ગ્રામોદ્યોગો ચલાવવામાં આવશે. જેમ કે, 1) વાંસકામ એકત્રીકરણ મંડળીઓ, 2) ટોપલા-ટોપલી બનાવટ 3) વાંસના રમકડા અને સુશોભન વસ્તુઓ 4) વાંસનુ ફર્નિચર 5) વાસના પેકિંગ બોક્ષ અને

વૃક્ષ ઉછેર કુડાળા 6) બાજ-દડીયા 7) ફર્નિચર-નકશીકામ 8) પ્લાયવુડ ઉદ્યોગ, 9) કાગળ ઉદ્યોગ વગેરે. સહકારી ધોરણે મંડળીઓ દ્વારા ઉદ્યોગ ચલાવાશે.

- સહકારી મંડળીઓ દ્વારા થયેલ ઉત્પાદનના વેચાણ માટે જિલ્લા સહકારી સંઘ સરકારી અને બિનસરકારી એજન્સીના આર્થિક સહયોગથી મેળાઓનુ આયોજન કરશે. આ માટે વેપારીઓ/વિક્રતાઓને નિમંત્રણ આપી ઉત્પાદક સહકારી મંડળીઓ સાથે વેપારી કરાર કરવામાં આવશે.
- સરકાર દ્વારા ઔષધિઓના જાણકાર ભગતોને દવા બનાવી ઇલાજ અને વેચાણની માન્યતા આપવી. જંગલ જમીનમાંથી ઔષધિઓ કાઢવાનો એફ.આર.એ-2006 અન્વયે સામુદાયિક અધિકાર આપવા. પ્રારંભિક મૂડીરોકાણ માટે આર્થિક સહાય અને જરૂરી સાધન સામગ્રી આપવી. આયુષ, વિભાગ દ્વારા પ્રમાણિત કરીને આવી દવા અને ઇલાજ કરનારને પ્રમાણપત્ર આપવા. મસયાંતરે ગુજરાત આદિજાતિ વિકાસ સોસાયટીના માધ્યમથી આયુર્વેદિક ઇલાજના કેમ્પનુ આયોજન કરી ડાંગી વૈધરાજોને પ્રોત્સાહિત કરવામાં આવે.

**જંગલ-જમીન અધિકારલક્ષી ભલામણો**

- ડાંગ જિલ્લામાં 33 ટકા ચોખ્ખો વાવેતર વિસ્તાર છે જ્યારે 59 ટકા જંગલ વિસ્તાર છે. તેથી જંગલ જમીન કે સરકારના તાબાની ખેતીલાયક જમીન, જમીન વિહોણા મજુરોને ખેતી માટે સાલવારી ખેડ હક્ક ધોરણે આપવા.
- વન અધિકાર કાયદા-2006 અન્વયે ચાર હેકટરની મર્યદામાં રહી દાવો કરેલ સંપૂર્ણ જમીન માન્ય કરવામાં આવે. એજ રીતે ગામના સહકારી મંડળો કે લોકો દ્વારા વિવિધ હેતુ માટે સામુદાયિક દાવાઓ કરવામાં આવે તો ગ્રામસભાના ઠરાવને આધિન માન્ય કરવાના રહેશે.
- વન વિભાગ દ્વારા  જંગલ વિસ્તારમાં લોકોને રોજગારી અર્થે ઉપયોગી બને એવા વૃક્ષો-છોડ કે વન્ય સંપત્તિનો ઉછેર કરવો જોઇએ.
- જિલ્લામાં પશુપાલન વિકાસ હેતુથી જંગલ જમીનમાં પશુચરાણ માટે અલગ અને  ઘાસચારાના ઉછેર માટે અલગથી સામુદાયિક વન અધિકાર આપવા.
- સહભાગી વન વ્યવસ્થાપન કાર્યક્રમને સુધારા સાથે લાગુ પાડવામાં આવે. જેમા વન મંડળી ઇચ્છે એ વૃક્ષો કે ઉપયોગી વનસંપત્તિનો ઉછેર કરી શકે, વેચી શકે અને ઉપજની વેચાણ આવકનો સંપૂર્ણ હિસ્સો પ્રાપ્ત થાય.
- જમીન સમતલ, બોરીબંધ, સરક્ષણ દિવાલ જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા અમલમાં રહેલ યોજનાઓનો લાભ વધુને વધુ ખેડૂતોને મળે તે માટે આવી યોજનાઓનુ વિસ્તરણ કરવું જરૂરી.
- PESA કાનુન મુજબ કોઇ પણ સરકારી કે બિનસરકારી એજન્સીઓએ ખાણ-ખનિજ, જમીન, જંગલ કે અન્ય જે તે ગામના હદમાં આવતી સંપત્તિનો ઉપયોગ માટે ગ્રામસભાની મંજુરી અનિવાર્ય બનાવવી.

**પરંપરાગત/પ્રાકૃતિક ખેત પેદાશો અને તેની બજાર વ્યવસ્થા**

- ડાંગ જિલ્લામાં નાગલી, વરઇ, અડદ, તુવેર, ડાંગર, ખરસાણી, કુળીત, સોયાબીન જેવા વિશિષ્ટ પાકો થાય છે. જે સંપૂર્ણ દેશી બિયારણોના ઉપયોગથી પરંપરાગત પ્રાકૃતિક ખેત પદ્ધતિથી થાય છે. જેના વેચાણ માટે સહકારી ધોરણે બજાર વ્યવસ્થા વિકસાવવામાં આવે.
- ગામદીઠ એક સહકારી ખેડૂત મંડળ બનશે. જે પરંપરાગત ખેતપેદાશોનુ એકત્રીકરણ કરશે. પ્રાથમિક સહકારી મંડળીઓનું જિલ્લા સ્તરે સહકારી સંઘ બનશે. જે વેચાણ માટે અલગ બ્રાન્ડથી બજાર ઊભુ કરશે. તથા સરકાર કે બિનસરકારી સંસ્થા દ્વારા તાલીમ અને આર્થિક સહાય પુરી પાડશે.
- જિલ્લા ગ્રામવિકાસ એજન્સી દ્વારા અમલી મિશન મંગલમ યોજના અન્યવયે સખી મંડળોને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી તાલીમ, સાધન સામગ્રી અને બજાર ઊભૂ કરી આપવામા આવશે. આવા સખી મંડળો- નાહરી હોટેલ, નાગલી અને અડદ પાપડ, મહૂડા અને નાગલી બિસ્કિટ, નાગલી અને મહૂડા ચોકલેટ, વરઇ-સાવાની ભગર, વિવિધ દેશી કઠોળ અને તેની દાળ, વાંસ અને મહુડા ફૂલનું અથાણું, દેશી ચટણી, જંગલી મધ, મહૂડાનુ તેલ, દેશી ઘાણીનું તેલ, પોલિસ વિનાના દેશી ચોખ્ખા વગેરે પ્રવૃત્તિઓના ગૃહ ઉદ્યોગ ચલાવશે.
- કાજુ અને કેરીની ખેતી માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અથવા જિલ્લા બાગાયત શાખા અંતર્ગત વાડીયોજના પ્રોજેક્ટ મુજબ આર્થિક સહાય અને અમલીકરણ કરાશે. સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી સહકારી મંડળોને જે તે પ્રવૃત્તિ માટે તાલીમ આપી, સાધનો પુરા પાડવામાં આવશે. કાજુ અને કેરીના રોપા ઉછેરની પ્રવૃત્તિ માટે સહકારી મંડળને તાલીમ અપાશે. આ મંડળ પાસેથી રોપા અનુક્રમે કાજુ સહકારી ખેડૂત મંડળ અને આંબા સહકારી ખેડૂત મંડળ ખરીદશે. ત્યાર બાદ આ ખેડૂતો દ્વારા તૈયાર થયેલ કાજુ પ્રોસેસિંગ કરતા મંડળો ખરીદશે. છેવટે પ્રોસેસ થયેલ તૈયાર કાજુનુ પોતાના બ્રાન્ડ નામથી પેંકિંગ કરીને કાજુ પ્રોસેસિંગ મંડળો સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી વેચાણ કરીને નફો મેળવશે.
- ડાંગ જિલ્લાના મોટાભાગના ખેડૂતો પાસે કુલ જમીનનો અમુક ભાગ ઢોળાવવાળો કે ખરાબારૂપે પડતર હોય છે. જેમા વ્યક્તિગત ખાનગી માલિકીથી સાગ ઉછેર શક્ય છે. આ માટે વન વિભાગ જે રીતે જંગલ જમીનમાં વૃક્ષારોપણ કરે છે એ રીતે ખેડૂતની ખાનગી માલિકીની પડતર જમીનમાં વૃક્ષારોપણ કરી આપે. વૃક્ષારોપણનો તમામ ખર્ચ વન વિભાગનો રહેશે. ત્યાર બાદ વૃક્ષોની કાળજી રાખી ઉછેરવાની જવાબદારી ખેડૂત સંભાળશે. આ માટે વનવિભાગ દ્વારા ખેડૂતને તાલીમ આપવામાં આવે. વૃક્ષોની માલિકી સંપૂર્ણ ખેડૂતની રહેશે.

**જળ વ્યવસ્થાપનની ભલામણો**

- મનરેગા હેઠળ જંગલ જમીન, પડતર કે ખરાબાની જમીન પર ખાડા કરી વરસાદના પાણીને જમીનની અંદર ઊતારી પાણીના સ્તર ઉપર લાવવાની યોજના અમલમાં મુકવી જોઇએ.
- FRA-2006 અન્વયે સામુદાયિક વન અધિકાર આપી, ખેડૂતોની જમીન ડૂબાણમાં ન જાય તથા લોકોએ વિસ્થાપિત થવાની જરૂર ન પડે વગેરે બાબતોને ધ્યાને લઇ પડતર કે જંગલ જમીનમાં

ડેમ બનાવવા જોઇએ. સરકારના સહાયથી બનેલ ડેમના પાણીના વપરાશ માટે સહભાગી સિંચાઇ વ્યવસ્થા લાગુ પાડવામાં આવશે.

- વ્યકિતગત ધોરણે વરસાદના પાણીનું સંગ્રહ કરવા માટે દરેક કુટુંબને ઓછામાં ઓછી 10 હજાર લિટરની ભૂગર્ભ ટાંકી બનાવી, ઘરના નળીયાનુ પાણી તેમાં સંગ્રહવાની સંપૂર્ણ ગોઠવણ કરી આપવામાં આવે. માત્ર ટાંકા બનાવીને કામ અધુરૂ છોડવુ ના જોઇએ. આ કાર્ય સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી કરી શકશે.

**પશુપાલનક્ષેત્રે વિકાસલક્ષી ભલામણો**

- ડાંગ જિલ્લામાં જંગલ વિસ્તારની વિપુલતા હોવાથી દેશી પશુ ઉછેર લઘુત્તમ ખર્ચે શક્ય બને છે. ડાંગી ગાયોનુ ઘી, દૂધની બનાવટો, ગૌમુત્ર, છાણ અને તેની બનાવટો વગેરેનું અલાયદુ બજાર ઊભુ થઇ શકે છે. વન અધિકાર કાયદા અન્વયે ગૌચર કે ચરાણનો સામુદાયિક અધિકાર આપી કાયમી ધોરણે ઘાસચારાની તંગી નિવારી શકાય એમ છે. સાથે સાથે સહકારી ડેરી ઉદ્યોગના પ્રવર્તમાન પ્રશ્નોનું નિરાકરણ કરી ખેડૂતોમાં સહકારી ધોરણે ડેરી પ્રવૃત્તિ વિકસાવી શકાય. સાથે સાથે ડાંગી ગૌવંશ સુધારણાનો પણ અમલ કરવું હિતાવહ છે.
- ડાંગમાં ઘણા કુટુંબો ખેતીની સાથે દેશી બકરા ઊછેરનો વ્યવસાય કરે છે. ખૂબ નાના પાયે થતા આ વ્યસાયને વિસ્તારવાની જરૂર છે. આ માટે સરકાર દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી પશુ ઉછેર(રાખવા)ની વ્યવસ્થામાં આર્થિક અને તક્નિકી સહાય કરવામાં આવે. સામુદાયિક વન અધિકારની જોગવાઇ અન્વયે ગૌચરની માન્યતા આપી શકાય. અને તે ગૌચરનું સંચાલન સહકારી ધોરણે કરવામાં આવે.
- ડાંગ જિલ્લામાં મોટાભાગના કુટુંબો પરંપરાગત રીતે દેશી મરઘાઓનો ઉછેર કરે છે. આ વ્યવસાયને પ્રાકૃતિક પોલ્ટ્રી ફાર્મ સ્વરૂપે આધુનિક ઢબે વિકસાવવાની જરૂર છે. આ માટે સરકારી કે બિન સરકારી એજન્સી દ્વારા મરઘા ઉછેર(રાખવા)નું માળખુ ઊભુ કરી આપી તકનિકી સહયોગ આપવામાં આવે. મરઘા વેચાણ માટે ખેડૂતો સહકારી ધોરણે મંડળી બનાવશે. મંડળી દ્વારા સભ્ય ખેડૂતો પાસેથી મરઘાઓ એકત્રિત કરી મોટા બજારમાં વેચાણ અર્થે મોકલવામાં આવશે.

**મત્સ્ય ઉદ્યોગના વિકાસની ભલામણ**

- ડાંગ જિલ્લામાં તાજેતરમાં કેટલાંક સ્થાનિક યુવા સાહસિકો કૃત્રિમ તળાવ ઊભુ કરીને મત્સ્ય ઉછેરના સફળ પ્રયોગો કરી રહ્યા છે. આ યુવા સાહસિકોના મતે સ્થાનિક કક્ષાએ માછલીઓના બજાર કે માંગનો પ્રશ્ન નથી, પરંતુ મૂડીરોકાણ ખર્ચની મોટી સમસ્યા રહેલી છે. તેથી સરકારી કે બિન સરકારી સંસ્થાઓ દ્વારા નીચે મુજબની તકનિકી અને આર્થિક સહાય પુરી પાડીને આ ઉદ્યોગ વિકસાવી શકાય.

  1) તળાવ ખોદી આપવામાં આવે.

  2) તળાવમાં સારી ગુણવત્તાનુ પ્લાસ્ટિક પાથરી આપવામાં આવે.

  3) મત્સ્ય ઉછેર અને માછલીઓ માટેના દાણ બનાવવાની તાલીમ આપવામાં આવે.

  4) દાણ બનાવવાના યંત્રો-સાધનો આપવામાં આવે.

**સ્થળાંતરિત મજુરો માટેની ભલામણો**

- સ્થળાંતરિત મજુરો માટે સ્થાનિક રોજગારીના વિકલ્પ તરીકે નાના અને ગૃહ ઉદ્યોગો વધુ ઉપયોગી થઇ શકે. જેમ કે વાંસના રમકડા અને ફર્નિચર, લાંકડા પર કોતરણી, સુથારી કામ, હાઉસ પ્લાન અને કડિયાકામ, ઈંટ ઉદ્યોગ, કાજુની પ્રક્રિયા, અડદ-નાગલીનો પાપડ ઉદ્યોગ, નાગલીના બિસ્કીટ અને અન્ય બનાવટો, વાંસ કામ. વગેરે પ્રકારનાં ઉદ્યોગો સ્થાનિક જરૂરિયાત મુજબ શરૂ કરી શકાય.
- સીમાન્ત અને નાના ખેડૂતો કે જે મોસમી બેરોજગાર છે. તેમના માટે ખેતીને સહાયક એવા પશુપાલન વ્યવસાય ઉત્તમ વિકલ્પ છે. સહકારી ધોરણે પશુપાલન, દાણ-ઘાસચારાની વ્યવસ્થા વગેરે અનુભવ જન્ય વ્યવસાય છે.
- ટૂકમા, સ્થાનિક કક્ષાએ કાયમી અને પૂરક રોજગારીના વિકલ્પો વિકસાવવાની આવશ્યકતા છે.

*****

## પ્રકરણ-2 :

## Approaches to Tribal Development (આદિવાસી વિકાસના અભિગમો)

### 2.1 પ્રસ્તાવના-

અઢારમી સદીના અંત સુધી આદિવાસીઓનુ જીવન સ્વતંત્ર અને મુક્ત હતું. પોતાની આસપાસનુ જળ, જંગલ અને જમીન પોતાનું સમજી મુક્ત રીતે ઉપયોગ અને વ્યવસ્થાપન કરતા હતા. મનફાવે ત્યા જરૂરિયાત મુજબની ખેતી કરીને જીવતા હતા. અંગ્રેજ શાસને વિવિધ કાયદાઓ અને જંગલ નીતિ લાદીને જંગલ-જમીનથી વિખુટા પાડી દીધા હતા. અનેક કાયદાકીય બંધનો દ્વારા તેમની જરૂરિયાતો છીનવાઇ ગઇ. અંગ્રેજોએ આદિવાસીઓને અન્ય પ્રજાથી જુદા પાડવાની નીતિ અપનાવી. પરિણામે આદિવાસીઓનું શોષણ વધ્યું. જમીનદારો, શાહૂકારો અને કોન્ટ્રાક્ટરોએ આદિવાસીઓનું ખૂબ શોષણ કર્યું. દેશમાં આદિવાસીઓ અને તેમના વિસ્તારો પ્રત્યેની સભાનતા સૌ પ્રથમ તત્કાલિન અંગ્રેજ સરકારના ઇ.સ.1870ના કાયદામાં દેખાઇ. ત્યાર બાદ ઇ.સ.1974, 1919 અને ઇ.સ.1935ના ભારતીય કાયદાઓમાં સુધારા વધારા સાથે વિભિન્ન રીતે આદિવાસીઓની ઓળખ ચાલુ રહી. અને આદિવાસી વિસ્તારોને પછાત વિસ્તારનો દરજ્જો આપી, ત્યા વિશેષ રક્ષણ માટે પ્રયત્નો થયા. ટૂંકમાં અંગ્રેજોની આવી અલગતાવાદી નીતિને કારણે આદિવાસીઓ ગરીબી, શોષણ, કુપોષણ, દબાણો, રોગો અને અજ્ઞાનતામાં પીડાતા રહ્યા. આદિવાસી વિકાસના નામે અંગ્રેજોએ ઇ.સ.1947 સુધી સંખ્યાબંધ નિયંત્રણો હેઠળ આદિવાસીઓને દબાવી દીધા હતા.

ભારતને આઝાદી મળતા આદિવાસીઓના વિવિધ પ્રશ્નોને ધ્યાનમાં રાખીને ભારતીય બંધારણમાં તેમના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક વિકાસ માટે વિશિષ્ટ જોગવાઇઓ કરવામાં આવી. ભારતીય બંધારણના અનુચ્છેદો 15(4), 16(4), 46, 244, 275, 330, 332, 334, 335, 338, 339, અને 342માં આદિવાસીના આર્થિક વિકાસ, શિક્ષણ, રાજ્યની નોકરીમાં અનામત બેઠકો, શોષણ સામે પગલા લેવા, કેન્દ્રિય સહાય, સ્વતંત્ર વહીવટ, લોકસભા અને વિધાનસભામાં અનામત બેઠકો તથા તેમાના કલ્યાણલક્ષી આયોજન માટે રાષ્ટ્રપતિ અને રાજ્યપાલને વિશેષ સત્તા વગેરે માટે જોગવાઇઓ કરવામાં આવી છે.

એ જ રીતે ઠક્કરબાપા જેવા ગાંધીવિચારના અનુયાયિઓ અને સ્વયંસેવકોએ આઝાદી પહેલાથી આદિવાસી વિકાસના પ્રયાસો કર્યા છે. તેઓએ આદિવાસી વિસ્તારોમાં આશ્રમશાળાઓના માધ્યમથી બુનિયાદી શિક્ષણનો પાયો નાખ્યો. સાથે સાથે આજીવિકા, મંડળો અને સંગઠનો બનાવી આર્થિક-સામાજિક અને જાગૃતિના રચનાત્મક કાર્યો કર્યા. આમ, ગાંધીવાદી કાર્યકર્તાઓ, કોંગ્રેસીઓ અને અન્ય રાષ્ટ્રવાદીઓએ આદિવાસીઓને વિકસિત કરી મુખ્ય પ્રવાહ સાથે જોડવાના પ્રયાસો કર્યા છે.

સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી પંડીત નેહરુએ આદિવાસી વિકાસ માટે સુગ્રથન અભિગમ અપનાવ્યો. તેમણે ડૉ.વેરિયર એલ્વિન સાથે મળીને આદિવાસી પંચશીલની રચના કરી. જે નેહરુના પંચશીલ સિદ્ધાંતો તરીકે પ્રચલિત છે. જેની સારરૂપ બાબતો નીચે મુજબ છે.

1) આદિવાસીઓએ પોતાનો વિકાસ પોતાની પ્રતિભાથી કરવો જોઇએ. તેમના પર કશુય લાદવુ જોઇએ નહી. એમની કળા અને સંસ્કૃતિને ખીલવવા તમામ પ્રોત્સાહનો આપવા જોઇએ.
2) જમીન અને જંગલ પરના હક્કોનો આદર કરવો જોઇએ.
3) તેમના વિકાસ અને પ્રશાસન માટે તેમનામાંથી જ ટીમ તૈયાર કરી તાલીમ આપવી જોઇએ. પ્રારંભમાં ટેક્નિકલ કર્મચારીઓ સિવાય બિન આદિવાસીઓને તેમના વિસ્તારમાં પ્રવેશવા દેવા ન જોઇએ.
4) તેમના પર વધુ પડતુ પ્રશાસન લાદવું જોઇએ નહી. સંખ્યાબંધ યોજનાઓથી તેમને આંજી દેવા જોઇએ નહી. તેમની જ સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા અને તેના હરીફ થયા વગર કામ કરવું જોઇએ.
5) કામના પરિણામને આંકડાઓ કે નાણા ખર્ચથી માપવા કરતાં માનવચરિત્રની ગુણવત્તા કેટલી વિકસી શકી છે તેને આધારે મૂલવવું જોઇએ.

આમ, આદિવાસી વિકાસ અંગેની પંડીત નેહરુની કલ્પના મુજબ આદિવાસીઓનો વિકાસ તેમની સંસ્કૃતિ, તેમની જરૂરિયાત મુજબ તેમની રીતે, તેમના દ્વારા જ થવો જોઇએ. બાહ્ય હસ્તક્ષેપ ન હોવો જોઇએ. તેમને માત્ર ટેક્નિકલ પ્રોત્સાહન અને સવલતો આપવી જોઇએ. જ્યારે આજે સરકાર દ્વારા આ કલ્પનાથી તદ્દન વિરુદ્ધની નીતિ અપનાવાઇ રહી છે. જે આદિવાસીઓના વિકાસ માટે છે કે તેમને પાંગળા-ગુલામ મજુર બનાવવા માટે છે ?

સ્વતંત્ર ભારત સરકાર દ્વારા આયોજન રૂપે આદિવાસી વિકાસની શરૂઆત પ્રથમ પંચવર્ષીય યોજનાથી થઈ. પ્રથમ પંચવર્ષીય યોજનાના ગાળામાં ઇ.સ.1954માં 45 આદિવાસી ઘટકોને અગલ પાડી ‘Special Multi Purpose Tribal blocks(SMPT)’ યોજના દાખલ કરી. બીજી યોજના દરમિયાન જે વિસ્તારમાં 66.67 ટકાથી વધુ આદિવાસી વસ્તી હોય તે દરેક ઘટકમા આ SMPT યોજના લાગુ કરવામાં આવી. ગૃહમંત્રાલયે  ડો.એલ્વિનની અધ્યક્ષતા હેઠળ SMPT ની સમિક્ષા માટે સમિતિ નીમી. ઇ.સ.1960 તેના અહેવાલમાં એલ્વિન સમિતિની ભલામણોને ધ્યાનમા લઇ SMPT કાર્યક્રમને વધુ વિસ્તૃત બનાવી ચાલુ રાખ્યુ. તેમની ભલામણ અનુસાર આદિવાસી વિકાસ ઘટકો 150 થી 200 ચોરસ માઇલ જેટલા નાના વિસ્તારવાળા તથા 25000 જેટલી વસ્તીવાળા રાખવા. ત્રીજી યોજનાના અંતે કુલ વસ્તીના 40 ટકા આદિવાસી વસ્તીને આવરી લેતા 500 ઘટકો રચાયા હતા (જોષી, 2009). ચોથી યોજનાના અંતમાં આદિવાસી વિકાસ કાર્યક્રમોની તપાસ કરવા માટે શ્રી શીલુ આઓની અધ્યક્ષતામાં એક અભ્યાસ જુથની રચના કરી. તેણે 1969 માં અહેવાલ રજુ કર્યો. આ અહેવાલમાં કાર્યક્રમના અમલની અનેક મર્યાદા સહિત ઘટક કાર્યક્રમોની અપર્યાપ્તતા દર્શાવી. મોટા ભાગની આદિવાસી વસ્તી વિકાસ કાર્યક્રમોથી વંચિત રહી ગઇ છે. જ્યારે જેમને યોજનાઓના લાભો મળ્યા તેઓ શૈક્ષિક અને આર્થિક રીતે આગળ હતી. ટૂંકમા ઘટક કાર્યક્રમોને કારણે આદિવાસી વિસ્તારો અને લોકો વચ્ચે આર્થિક સામાજિક અસમાનતાની સાથે સાથે ઘણી નકારાત્મક અસરો જોવા મળી હતી. આદિવાસી વિકાસ માટે નાણાકીય ફાળવણી પણ ખૂબ ઓછી હતી. સાથે સાથે  શીલુ આઓ સમિતિએ ઢેબર કમિશનની ભલામણોનો અમલ કરવા માટે જોરદાર પગલા લેવાની તેમજ વધુ વ્યાપક સાધનો સાથે સમસ્યાના કદ તથા એકંદર રાષ્ટ્રીય વિકાસના થઇ રહેલા પ્રયત્નોને અનુરૂપ સમતોલ સુગ્રથિત આદિવાસી વિકાસ કાર્યક્રમો યોજવાની માંગ કરી હતી.

ભારતના બંધારણના અનુચ્છેદ-339 અનુસાર બંધારણના અમલ બાદ દશ વર્ષે આદિવાસી વિસાતારોના વહીવટની સ્થિતિ અને આદિવાસી વિકાસની સ્થિતિ તપાસવા કમિશનની નિમણુંક કરવાની હોય છે. આ સંદર્ભે ભારત સરકારે 28 એપ્રિલ 1960ના રોજ શ્રી યુ.એન.ઢેબરના અધ્યક્ષતામાં કમિશનની 11 સભ્યોના કમિશનની નિમણુંક કરી. તેમણે 14 ઓક્ટોબર 1961ના રોજ ભારત સરકારને અહેવાલ સૂપરત કર્યો. આ અહેવાલમાં કમિશન દ્વારા અનુસૂચિત વિસ્તાર, તેનો વહીવટ, આદિવાસીઓની સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, શૈક્ષણિક, તબીબી, વ્યાવસાયિક સ્થિતિની સાથે સમસ્યાઓ અને વહીવટની મર્યાદાઓ પણ વિગતે વર્ણવી છે. અને આદિવાસી વિકાસ માટે કાર્યક્રમોની વ્યૂરચના બદલવાની પણ હિમાયત કરી છે. ઢેબર કમિશનની આ ભલામણોના આધારે સરકાર દ્વારા પાંચમી પંચવર્ષીય યોજના દરમિયાન આદિવાસી પેટા યોજનાનો અભિગમ સ્વીકારવામાં આવ્યો જે આજ સુધી ચાલુ છે. તાજેતરમાં આદિવાસી વિકાસ માટે (૧) Tribal Area Sub Plan –આદિવાસી વિસ્તાર પેટા યોજના (૨) સંકલિત આદિવાસી વિકાસ યોજના ITDP (3) MADA –Modified Area Development Approach. વગેરે વ્યૂહરચના હેઠળ વિકાસના વિવિધ કાર્યક્રમો અમલી છે.

આ ઉપરાંત અનુસૂચિત વિસ્તારોની સ્થિતિની સમીક્ષા અર્થે ભારત સરકારે શ્રી દિલીપસિહ ભૂરિયાના અધ્યક્ષપણા હેઠળ અભ્યાસ સમિતિની નિમણુંક કરી. આ ભૂરિયા સમિતિની ભલામણો સ્વીકારી સરકારે ‘Panchayat Extension to Schedule Area Act-1996 ’ પસાર કર્યો. જેમા સ્થાનિક સ્તરે આદિવાસીઓના જળ, જંગલ, જમીનની માલિકી અને ઉપયોગ અંગે તેમજ આર્થિક, સામાજિક તથા રાજકીય સ્વતંત્ર અધિકારોના રક્ષણની સંખ્યાબંધ જોગવાઇઓ છે.

ઉપરોક્ત જોગવાઇઓ અને વિકાસ કાર્યક્રમો ગુજરાત રાજ્યને પણ સારી રીતે લાગુ પડે છે. કારણ કે ગુજરાતમાં લગભગ 90 લાખ આદિવાસી વસ્તી પૂર્વના જિલ્લાઓમાં વસવાટ કરે છે. આ સંદર્ભે ગુજરાતમાં પણ પાંચમી પંચવર્ષીય યોજનાથી એટલે કે ઇ.સ. 1975થી આદિવાસી વિસ્તાર પેટા યોજના કાર્યરત છે. આ ઉપરાંત તાજેતરમાં ગુજરાતમાં મુખ્યમંત્રીના દશમુદ્દા કાર્યક્રમ તરીકે જાણીતી ‘વનબંધુ કલ્યાણ યોજના’ ફેબ્રુઆરી 2007થી એક વિશિષ્ટ મિશન તરીકે અમલમાં છે. એ જ રીતે કેટલીક કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ જેમ કે VKV-CSS, વિશેષ કેન્દ્રિય સહાય(SCA), અનુસૂચિ 275-1 હેઠળનુ અનુદાન, ગ્રાન્ટ અંડર અંબ્રેલા સ્કીમ, સરક્ષક સહ વિકાસ(CCD) વગેરે કાર્યક્રમો હેઠળ કરોડો રૂપિયાની ફાળવણી થાય છે.

**આદિવાસી વિકાસ અંગે ઊભા થતા સવાલો**

આદિવાસી વિકાસ અંગે અંગ્રેજ શાસનથી લઇ આજ પર્યંત વિવિધ પ્રયાસો થયા. અનેક સમિતિઓ બની. વ્યૂહરચનો ઘડાઇ, વિવિધ વિકાસલક્ષી યોજના અને કાર્યક્રમો પણ ઘડાયા તેમ છતા આદિવાસી સમુદાયોનો અપેક્ષિત વિકાસ થયો નથી. તેમના સ્વતંત્ર વિકાસ માટે બંધારણીય જોગવાઇઓ પણ કરવામાં આવી તેમજ PESA જેવા વિશિષ્ટ અધિકારના કાયદાઓ પણ ઘડવામાં આવ્યા. સરકારી, બિન સરકારી સંસ્થાઓ અને અન્ય નાગરિક સંગઠનો પણ આદિવાસીઓના વિકાસ માટે અનેક કાર્યક્રમો લઇને આદિવાસી વિસ્તારોમાં બેસી ગયા છે. તેમ છતા આદિવાસી વિકાસ બાબતે ઊભા થતા કેટલાંક સવાલો આજે પણ યથાવત છે....

- આદિવાસી વિસ્તારોમાં આંતર માળખાકીય સવલતો પર્યાપ્ત અને ગુણવત્તાસભર કેમ નથી ?
- આદિવાસી વિસ્તારમાં શિક્ષણની ગુણવત્તા કેમ સતત બગડતી જાય છે ? આદિવાસી વિદ્યાર્થીઓમાં શિક્ષણ એક પ્રવાહી કેમ થતુ જાય છે ?
- આદિવાસી વિકાસ યોજનાઓનુ અમલીકરણ બિન કાર્યક્ષમ શા માટે ?
- સરકાર અને નાગરીક સંગઠનો આદિવાસી વિકાસમાં કેમ સફળ નથી થતા ?
- મોટાભાગના આદિવાસી તાલુકાઓ મજૂરોના ભંડારો તરીકે કેમ ટકી રહ્યા છે ?
- આદિવાસીઓમાં સ્થળાંતરના પ્રશ્નો કેમ યથાવત છે ?
- બહૂહેતુ સિંચાઇ યોજનાઓ માટે વિસ્થાપિત આદિવાસીઓનું પુનઃસ્થાપન કેમ નથી થતું ? સ્થાનિક આદિવાસીઓને યોજનાઓનો લાભ કેમ મળતો નથી ?
- જળ, જંગલ જેવા સ્થાનિક સંસાધનોની ઉપજનો હિસ્સો આદિવાસીઓને કેમ નથી મળતો ?
- જંગલ જમીન પરના પરંપરાગત અધિકારો હજુ સુધી કેમ અપાતા નથી ?

આમ, ઉપરોક્ત સવાલોને ધ્યાનમાં લેતા આદિવાસી વિકાસની નવી દિશા કંડારવાની આવશ્યકતા છે. તે માટે આદિવાસી વિકાસનો નવો અભિગમ કેળવવાની જરૂર છે. આ નવો અભિગમ કવો હોવો જોઇએ તેનો હવે વિચાર કરીએ.

**2.2 આદિવાસી વિકાસનો નવો અભિગમ**

**આદિવાસી વિકાસ એટલે શુ ?**

"આદિવાસીઓની ક્ષમતાઓનુ વર્ધન એટલે આદિવાસી વિકાસ."

આદિવાસીઓના આર્થિક વિકાસ અંગે રાજ્ય દ્વારા સમયાંતરે વિભિન્ન આર્થિક વ્યૂહરચનાઓ થતી આવી છે. બિન સરકારી સંસ્થાઓના પ્રયાસો પણ આ દિશામાં નોંધનીય રહ્યા છે. બધા પ્રયાસો આયોજનપૂર્વકના તાર્કિક રહ્યા છે. બૌદ્ધિક વર્ગ દ્વારા વિચારપૂર્વક આર્થિક વિકાસનુ આયોજન અને તેનુ અમલ થયું. તેમ છતા આદિવાસીઓની આર્થિક સ્થિતિમાં તેનાથી બદલાવ નહિવત થયો. કારણ કે આ બધા જ પ્રયાસો બુદ્ધિપૂર્વકના હતા પરંતુ આદિવાસીઓની સ્થિતિ, ક્ષમતા અને તેમની ઇચ્છા મુજબના ન હતા. તેથી આદિવાસીઓના વિકાસનો અભિગમ બદલવાની આવશ્યકતા ઊભી થઇ છે. આદિવાસી વિકાસના નવા અભિગમ માટે નીચે મુજબની બાબતો ધ્યાનમાં લેવી અનિવાર્ય છે.

- આદિવાસી વિકાસ માટે તેમની આર્થિક સ્થિતિ ઉપરાંત સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય અને શૈક્ષણિક સ્થિતિના વિકાસને પણ સમાન મહત્વ આપવુ જરૂરી છે.
- સંપોષિત આદિવાસી વિકાસ માટે આદિવાસીઓની ક્ષમતાઓ વિકસાવવામાં આવશે તો આર્થિક વિકાસ આપોઆપ થઇ જશે. આર્થિક વિકાસ એ ટૂંકાગાળાનો પ્રયાસ છે, જ્યારે ક્ષમતાઓનો વિકાસ એ લાંબાગાળાના કાયમી વિકાસના પ્રયાસો છે.
- આદિવાસી વિકાસની વ્યૂહરચના આદિવાસીઓની ઇચ્છા, ક્ષમતા અને સંસ્કૃતિને અનુરૂપ હોવી જોઇએ.

- વિકાસ યોજનાઓનુ ઘડતર અને અમલ આદિવાસીઓ દ્વારા અને તેમની અનુકૂળતા પ્રમાણે થવું જોઇએ.
- આદિવાસીઓમાં રહેલ ક્ષમતા, કળા-કૌશલ્ય અને હુનરને માપીને વિકસાવીને આર્થિક વિકાસ માટે પ્રોત્સાહિત કરવા.
- વિકાસના હેતુસર આદિવાસીઓને આર્થિક સહાયને બદલે તેમની ક્ષમતા વિકસાવવા તાલીમ, તકનિકી સહાય અને મૂલ્યવર્ધક બજાર ઊભૂ કરી આપવામાં જાહેર ખર્ચ કરવો જરૂરી છે.
- વિકાસની સ્વયંગામી કક્ષાએ પહોચે ત્યા સુધી સ્થાનિક આદિવાસીઓ સાથે બિન આદિવાસીઓની સ્પર્ધા પર નિયંત્રણ રાખવુ જરૂરી બને છે.

આમ, આદિવાસીઓનો સંપોષિત વિકાસ કરવો હોય તો તેમની ક્ષમતાઓનુ પ્રફૂલ્લન કરીને તેમની સંસ્કૃતિ-પ્રકૃતિને અનુરૂપ વિકાસનું માળખુ ગોઠવવું જોઇશે. આ અભિગમ મુજબ "આદિવાસીઓની ક્ષમતાઓનુ વર્ધન એટલે આદિવાસી વિકાસ કહેવાય." ડાંગ જિલ્લાના સંદર્ભમાં આદિવાસી વિકાસના હેતુસર આદિવાસીઓમાં નીચે મુજબની ક્ષમતાઓનુ વર્ધન કરી શકાય.

### 2.3 દરજ્જા વર્ધન : સામાજિક-સાંસ્કૃતિક ક્ષમતા વર્ધન.

આધુનિક સમયમાં વૈશ્વિક સ્તરે ગરીબીની પરિભાષા વધુ વ્યાપક બની છે. તે મુજબ ગરીબી માત્ર આર્થિક અભાવની સ્થિતિ નથી, પરંતુ સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય તકોનો અભાવ કે પછાતપણાની સ્થિતિ છે. આવી અભાવની સ્થિતિ વ્યક્તિ કે કુટુંબના સામાજિક દરજ્જામાં ઘટાડો લાવે છે. ડાંગ જિલ્લાના આદિવાસીઓ પોતાના સમાજમા કે પ્રદેશમાં ઊંચો દરજ્જો ધરાવે છે. તે દરજ્જો સમાજના મુખ્ય પ્રવાહમાં પણ ઊંચો અંકાય તે રીતે તેમનુ દરજ્જા વર્ધન કરવાની આવશ્યકતા છે. આ માટે ડાંગ જિલ્લાના આદિવાસીઓની નીચે મુજબની સામાજિક –સાંસ્કૃતિક વિશેષતાઓને વિકસાવીને સાર્વત્રિક સ્વરૂપ આપવાની જરૂર છે.

1) ગુણવત્તાસભર કેળવણી અને શૈક્ષણિક વિકાસ
2) લોકસંગીત અને લોક નૃત્યોની જાળવણી.
3) વન ઔષધિ આધારિત ચિકિત્સા પદ્ધતિનું પુનઃસ્થાપન
4) લગ્ન સંસ્થાની પરંપરાઓ તથા લોક સંસ્કૃતિની જાળવણી
5) પ્રકૃતિ રક્ષક અને પ્રકૃતિ પૂજાની પરંપરાઓની જાળવણી
6) માનસિક-શારિરીક સ્વાસ્થ્ય વર્ધક જીવનશૈલી

### 2.4 કૌશલ્ય વર્ધન : વ્યવસાયિક કળા-કૌશલ્યોનો વિકાસ

ડાંગ જિલ્લાના આદિવાસીઓ પોતાની પ્રકૃતિ-સ્વભાવ અને સ્થાનિક પરિસ્થિતિ અનુરૂપ નીચે મુજબના ક્ષેત્રોમાં વિશેષ ક્ષમતા અને કળા-કૌશલ્ય ધરાવે છે. આ ક્ષમતાઓને વિકસાવીને તથા તેમના કૌશ્લ્યમાં વર્ધન કરીને તેમનો વિકાસ સાધી શકાય.

1) પરંપરાગત ખેતપેદાશો ઉત્પન્ન કરવાની ક્ષમતા
2) પરંપરાગત ખેતપેદાશોની બનાવટની ક્ષમતા

3) વન ઔષધિ આધારિત કુદરતી ઉપચારની ક્ષમતા

4) લોક સંગીત તથા લોક નૃત્યોનુ કૌશલ્ય

5) ગૌણ વન પેદાશો એકત્રીકરણ અને વન પેદાશની બનાવટોનું કૌશલ્ય

6) રમત-ગમતની ક્ષમતા

7) દેશી પશુપાલન, મરઘા ઉછેર અને કુદરતી પશુ ચિકિત્સા પદ્ધતિ

**2.5 મૂલ્ય વર્ધન : પરંપરાગત ક્ષમતાઓનું આધુનિકરણમાં રૂપાંતર**

ડાંગ જિલ્લાના આદિવાસીઓના મુખ્ય વ્યવસાયો ખેતી અને પશુપાલન છે. આ વ્યાવસાયો પેઢીદર પેઢી વારસાગત રીતે ચાલ્યા આવે છે. ખેતી અને પશુપાલનની પદ્ધતિઓ પરંપરાગત(દેશી) અને પ્રાકૃતિક સ્વરૂપની છે. સ્વનિર્મિત હળથી ખેડાણ કરી પોતાની જરૂરીયાત મુજબના પાકોના દેશી બીયારણોની વાવણી કરવામાં આવે છે. ખાતર કે દવા વિના જેટલુ પાકે એટલામાં સંતોષ માની નિર્વાહ પ્રકારની ખેત વ્યવસ્થા જોવા મળે છે. તેથી જ રાજ્ય દ્વારા ડાંગ જિલ્લાને તાજેતરમાં પ્રાકૃતિક ખેતીનો જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. નાગલી, જુવાર, ડાંગર, વરઇ, ખરસાણી, અડદ, તુવર વગેરે ડાંગ જિલ્લાના મુખ્ય દેશી-પ્રાકૃતિક પાકો છે. એ જ રીતે દેશી પશુપાલન પરંપરાગત અને પ્રાકૃતિક પદ્ધતિથી થાય છે. જેમા મુખ્યત્વે દેશી ગાય, ભેંસ, બકરા, મરઘા વગેરેનો સમાવેશ થાય છે. પશુઓને જંગલમાં ચરાવવા સિવાય અન્ય ખાણ-દાણ કે ઘાસચારાની વ્યવસ્થા નહિવત જોવા મળે છે. આમ, સંપૂર્ણ પ્રાકૃતિક પદ્ધતિથી થતી ખેતી અને પશુપાલનની પેદાશ સ્થાનિક માંગના અભાવે નફાકારક નથી. પરંતુ પ્રાકૃતિક પેદાશો આરોગ્યપ્રદ હોવાથી તેનું પ્રચાર પ્રસાર, મૂલ્યવર્ધન અને બાહ્ય બજારીકરણ કરીને નફાકારક બનાવી શકાય. આવુ બજારીકરણ નીચે મુજબના ક્ષેત્રોમાં શક્ય છે.

1) નાગલી, ખરસાણી અને વરઇની પરંપરાગત બનાવટોનુ બજારીકરણ

2) મહુડાનુ તેલ અને મહુડાના ફૂલની બનાવટોનુ બજારીકરણ

3) પરંપરાગત ખોરાક અને વાનગીઓનું બજારીકરણ

4) દેશી પશુપાલનનું મૂલ્યવર્ધન

**2.6 ભાગીદારી વર્ધન :**

નાગરીક સંગઠનો મજબૂત થાય, રાજકીય નેતૃત્વ વધે, આર્થિક સહભાગીદારી વધે, સ્વસંચાલિત સહકારી પ્રવૃત્તિઓ વધે વગેરે બાબતે પ્રગતિ થાય તો ભાગીદારી વર્ધનથી આદિવાસી વિકાસ શક્ય બને.

**2.6 સ્વાશ્રય વર્ધન : સ્વતંત્ર અને સ્વાવલંબી વિકાસ**

આદિવાસીઓનો આર્થિક વિકાસ ત્યારે થયો કહેવાશે કે જ્યારે આદિવાસીઓ પોતાના વિકાસમાં સ્વતંત્ર અને સ્વાવલંબી બને. બાહ્ય બિન આદિવાસીઓની માલિકીના ગુલામ બનવાને બદલે પોતે માલિક બને- નિયોજક બને.

**2.7 ઉપસંહાર**

આમ, પ્રસ્તુત અભિગમ મુજબ આદિવાસી વિકાસની વ્યૂરચના ગોઠવવાની આવશ્યકતા છે. અર્થાત આદિવાસીઓની ટૂંકાગાળાની આર્થિક વૃદ્ધિ કરતા સંપોષિત વિકાસની દિશામાં તેઓની ક્ષમતાનુ વર્ધન કરીને વિકાસ સાધવુ પડશે.

*****

# પ્રકરણ-3 :

# Profile of the District and People (આદિવાસી અને તેમના જિલ્લાની ઓળખ)

**1. પ્રસ્તાવના**

**પ્રાચીન સમયમાં ડાંગ**

'ડાંગ' આજના ગુજરાતનો જંગલ પ્રદેશ તથા આદિવાસી પ્રદેશ તરીકેની આગવી વિશેષતા ધરાવતો જિલ્લો છે. 'ડાંગ' શબ્દ સંસ્કૃત ભાષાના 'दंडकारण्य' પરથી ઉતરી આવ્યો હોવાનું મનાય છે. 'दंडकारण्य' એટલે 'વાંસનું વન' આજે પણ આ જંગલ પ્રદેશમાં વાંસ પુષ્કળ જોવા મળે છે. આ જંગલ પ્રદેશનો રામાયણમાં 'दंडकारण्य' તરીકે ઉલ્લેખ થયો છે. રામ-શબરીનું મિલન આજ ભૂમિ પર થયું હતું, તેવી દંતકથા પ્રચલિત છે. આજના બરડીપાડાથી સુબીર સુધીનો પ્રદેશ 'શબરી વન' તરીકે સ્થાનિક લોકો ઓળખે છે. એ જ રીતે મહાભારત કાળમાં પાંડવોએ ગુપ્તવાસ દરમિયાન ડાંગના પાડવા ગામે આવેલ એક ગુફામાં આશ્રય લીધો હોવાનું મનાય છે. આ ગુફા આજે પણ પાંડવ ગુફા તરીકે જાણીતી છે.

વિસ્તારની દ્રષ્ટિએ નાનો પરંતુ જંગલ સંપત્તિની દ્રષ્ટિએ સમૃદ્ધ એવા ડાંગ પ્રદેશમાં પ્રાચીન કાળમાં વિવિધ રાજા-રજવાડાઓની સત્તા સ્થપાઇ, આ અંગેનું દત્તાત્રય ચિતળે(૧૯૭૮)એ તેમના પુસ્તક 'ડાંગ એક સમ્યક દર્શન' માં વિસ્તૃત વર્ણન કર્યુ છે. ચિતળેના જણાવ્યા પ્રમાણે બળવાખોરોની ભૂમિ તરીકે ઓળખાતા ડાંગ પર યાદવોથી પેશ્વાઇકાળ સુધીમાં અનેક રાજસત્તાઓ આવી ગઇ. દંડકારણ્ય પ્રાચીન કાળના લાટનું જ અંગ હોવાથી તે લાટના રાજાઓની સત્તા હસ્તક હતું. સમય જતાં આ વિસ્તારનો સમાવેશ બાગલાણમાં થયો. ત્યારે મરાઠા-પેશ્વાઓની સત્તા હતી. બાગલાણ પર મોગલોની સત્તા આવતા ડાંગ પ્રદેશ ખાનદેશની સત્તા હેઠળ રહ્યું. સત્તરમી સદીના પૂર્વાર્ધમાં ઔરંગઝેબે બાગલાણ કબજે કર્યો. ઇ.સ. ૧૬૬૪માં શિવાજીએ સુરત લૂંટ્યું, તે પણ ડાંગ થઇને જ. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં એટલે કે ઇ.સ. ૧૮૧૮માં અંગ્રેજોએ મરાઠાઓને હરાવી ખાનદેશ પર સત્તા સ્થાપી. વધુમાં ચિતળે નોંધે છે કે આ બધી જ રાજસત્તાઓ આવ્યા છતાં અંગ્રેજ રાજ આવ્યું ત્યાં સુધી સાચું સ્વાતંત્ર્ય તો ડાંગના રાજાઓ અને નાયકો જ ભોગવતા હતા. તે વખતે ગાઢવી, આમલા, દર્ભાવતી, વાસુર્ણા, પીંપરી, શિવબારી, ચીંચલી-ગડદ, અવચર, પીપલાઇદેવી, વાડિયાવન, પોળસવિહિર, બિલબારી, ઝરી-ગારખડી વગેરે રાજ્યો મળીને ડાંગ બન્યું હતું. ડાંગ પ્રદેશમાં તે સમયે ચાર ભીલ રાજા, એક કુનબી રાજા અને ૯ નાયકો મળીને કુલ ૧૪ રાજવીઓ રાજ કરતા હતા. સમગ્ર જંગલપ્રદેશ (જંગલ સંપત્તિ) આ રાજાઓની હતી.

**અંગ્રેજ શાસન સમયમાં ડાંગ**

'ડાંગ' તરફ અંગ્રેજોની પ્રથમ નજર ઇ.સ. ૧૮૧૮માં પડી અને તે પણ નવા કબજે કરાયેલા ખાનદેશ જિલ્લાની પશ્ચિમ સરહદે ભીલ રાજાઓનાં વારંવાર થતા હુમલાઓ અટકાવવાનાં ઉદ્દેશથી. પરંતુ ત્યારબાદ અંગ્રેજોને ઇમારતી સાગી લાકડાની જરૂરિયાત પડતાં તેમણે ડાંગના જંગલો પર સત્તા મેળવવાનાં પ્રયાસોં કર્યા. આ પ્રયાસોનું વર્ણન ડેવિડ હાર્ડીમેન નામના પ્રસિદ્ધ અંગ્રેજ લેખકે તેમના 'Power in the Forest – The Dangs : ૧૮૨૦-૧૮૪૦' માં વિસ્તૃત રીતે કર્યું છે. અંગ્રેજોએ ડાંગ પ્રદેશ પર કબજો જમાવવા વિવિધ પ્રયાસો કર્યા. સૈન્યનાં બળે, લીઝ કરારરૂપે, અનામત જંગલ

નીતિરૂપે તથા રાજાઓને અપાતી હક્કની રકમ અથવા લીઝની રકમમાં વધારો કરીને તથા આર્થિક-સામાજિક બદલાવ લાવીને પણ અંત સુધી પ્રયાસો કર્યા. તેમ છતાં આઝાદ ભારત સુધી એનકેન પ્રકારે ડાંગી રાજાઓ પોતાનાં હક માટે લડતાં રહ્યા. તેઓ સંપૂર્ણ રીતે અંગ્રેજોનાં ગુલામ બન્યા ન હતા. 'ડાંગી પ્રજાનાં વિત્તક આજીવિકાની ખોટ અને સાંસ્કૃતિક આઘાત' નામનાં પુસ્તકમાં એ.પી.રવાણીનાં કહેવા મુજબ "અંગ્રેજો દ્વારા ડાંગને કદી જીતવામાં આવ્યું ન હતું. ભારત જ્યારે ગુલામ થયું ત્યારે ડાંગ ગુલામ ન હતું. ડાંગમાં એ સમયે ભીલ રાજાઓ, નાયકો અને ભાવબંધોનું શાસન હતું. ડાંગના ગાઢ જંગલ અને ટેકરીઓવાળા પ્રતિકૂળ વિસ્તારને કારણે અંગ્રેજો પણ ડાંગ ઉપર પ્રત્યક્ષ રીતે શાસન કરી શક્યા ન હતા. એટલે કે ડાંગ વિદેશી વિસ્તાર તરીકે ચાલુ રહેલું અને સરકારને લીઝ ધરાવનાર તરીકેનાં અધિકારો માત્ર અપાયા હતા. 'ફોરેન જ્યુરીસ્ડીક્સન એક્ટ' હેઠળ ડાંગનો વહીવટ ચાલતો હતો. 'એન્લાર્જમેન્ટ ઓફ એરિયાઝ એન્ડ એલોકેશન ઓફ બાઉન્ડ્રીઝ હુકમ-૧૯૪૭' ની જોગવાઇઓ હેઠળ મુંબઇ રાજ્યના ભાગ તરીકે ભારતીય વિસ્તારમાં ડાંગ રાજ્યનું વિલીનીકરણ થતાં સુધી આ સ્થિતિ ચાલુ રહી."

**સ્વાતંત્ર્ય પછીનું ડાંગ**

સ્વતંત્રતા બાદ ઓગસ્ટ ૧૯૪૭ થી ૧૯૬૦ સુધી ડાંગ મુંબઇ રાજ્યનાં શાસન હેઠળ રહ્યું. ૧ મે ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્ર અને ગુજરાત છૂટા પડતાં ડાંગનો સમાવેશ ગુજરાતમાં થયો. ત્યારથી ડાંગ જિલ્લાનો વહીવટ અલગ જિલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવે છે.

**2. ભૌગોલિક પરિચય**

જંગલ પ્રદેશ તરીકે પ્રચલિત ડાંગ જિલ્લો જંગલસંપત્તિની દૃષ્ટિએ ગુજરાતનો મહત્વનો જિલ્લો છે. ડાંગ જિલ્લો ગુજરાતનાં દક્ષિણ છેડે અને સહ્યાદ્રિ પર્વતમાળાનાં પશ્ચિમ ઢોળાવ પર આવેલો છે. ડાંગ પ્રદેશ ભૌગોલિક દ્રષ્ટિએ ગુજરાતમાં ૨૦.૩૯ ઉત્તર અક્ષાંશથી ૨૧.૦૫ ઉત્તર અક્ષાંશ અને ૭૩.૯ પૂર્વ રેખાંશથી ૭૩.૫૧ પૂર્વરેખાંશ વચ્ચે પથરાયેલો છે. જંગલ અને પહાડી વિસ્તાર છે. જિલ્લાની ઉત્તર-પૂર્વે અને દક્ષિણ સરહદે મહારાષ્ટ્રનાં નવાપુર, ધૂલીયા અને નાસિક જિલ્લાઓ આવેલા છે. તથા પશ્ચિમે નવસારી જિલ્લાનો વાંસદા તાલુકો અને તાપી જિલ્લાનો વ્યારા તાલુકો આવેલો છે. ડાંગ પ્રદેશ અરબી સમુદ્રની સપાટીથી લગભગ ૪૫૭ થી ૧૩૧૭ મીટર ઉંચાઇએ આવેલ ખડકાળ પ્રદેશ છે. ખીણોમાં નીચાણવાળો સપાટ પ્રદેશ લાલ રંગની જમીનનો બનેલો છે. જ્યારે પશ્ચિમ ડાંગ પ્રદેશ મુખ્યત્વે કાળી જમીનનો બનેલો છે. આખો પ્રદેશ પહાડી અને ઢોળાવવાળો હોવાથી જમીનનું ધોવાણ પુષ્કળ થાય છે. કસની દ્રષ્ટિએ આ પ્રદેશની જમીન ખૂબ જ ઓછી ફળદ્રુપ અને ઉતરતી કક્ષાની છે. અહીની જમીનમાં 'આલ્મ' નું પ્રમાણ વધુ હોવાથી વરસાદ પછી જમીન અતિ કઠણ થઇ જાય છે. જમીન ઢોળાવવાળી હોવાથી વરસાદનુ પાણી જમીનમાં ઉતરવાને બદલે ઝડપથી વહી જાય છે, જેની વિપરીત અસર પાક ઉત્પાદકતા પર થાય છે.

ડાંગ જિલ્લાની પશ્ચિમ દિશામાં અરબી સમુદ્ર હોવાને કારણે લગભગ ૯૫ ટકા વરસાદ વાયવ્ય દિશાથી મળે છે. વર્ષનાં લગભગ ૭૦ થી ૭૫ દિવસમાં સરેરાશ ૧૮૦૦ થી ૨૦૦૦ મી.મી. વરસાદ પડે છે. ડાંગ ગુજરાતનો ચેરાપુંજી કહેવાતો હોવા છતાં ખડકાળ અને ઢોળાવવાળી જમીનને કારણે પાણી ઝડપી વહી જાય છે. પરિણામે ઉનાળામાં પાણીની તંગી સર્જાય છે તથા મોટાભાગનાં વિસ્તારોમાં પાણી ખૂબ ઊંડે હોવાથી અસરકારક સિંચાઇ થઇ શકતી નથી. મોટાભાગનાં ખેડૂતો અવકાશી ખેતી કરે છે.

ડાંગ જિલ્લો ગીચ જંગલોથી છવાયેલો હોઇ આબોહવા એકંદરે ખુશનુમા રહે છે. જિલ્લામાં મહત્તમ ઉષ્ણતામાન સરેરાશ ૩૭.૪ સે. અને ન્યૂનત્તમ ૧૧.૧ સે.ની આસપાસ રહે છે. ઉનાળામાં ક્યારેક ૪૪ સે. ઉષ્ણતામાનનો પણ અનુભવ થાય છે. પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર અહીંની ગિરિમાળાઓ ઉપરાંત શબરીધામ, પંપાસરોવર, ગીરાધોધ, મહાલનાં જંગલો, પાંડવગુફા, સાપુતારા વગેરે જોવાલાયક સ્થળોને કારણે ડાંગ ગુજરાત માટે પ્રવાસન જિલ્લો છે.

ડાંગ જિલ્લાની મુખ્ય ચાર નદીઓ અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા ડાંગ જિલ્લાને ચાર ભાગમાં વિભાજિત કરે છે. ચારે નદીઓ પશ્ચિમ વાહિની છે. ભારે વરસાદના પાણીનાં જોરદાર પ્રવાહથી નદીઓમાં ઘણી જગ્યાએ ઊંડા કોતરો નિર્માણ થયા છે. ખાપરી નદી ડાંગના બે સરખા ભાગ કરી ડુંગરડા ગામ નજીક અંબિકા નદીને મળે છે. અંબિકા નદી સાપુતારાની પર્વતહારોની તળેટીમાં તથા પૂર્ણા નદી ચીંચલી ગામ નજીકની ખીણોમાં ઉગમ પામે છે અને અનુક્રમે બીલીમોરા તથા નવસારી નજીક અરબી સમુદ્રને મળે છે.

ડાંગ જિલ્લો ગુજરાતમાં વન સંપત્તિની દ્રષ્ટિએ ઘણો સમૃદ્ધ વિસ્તાર છે. જિલ્લાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧,૭૪૬ ચો.કિ.મી. છે. જે પૈકી ૧૦૫૫.૫૭ ચો.કિ.મી. જંગલ વિસ્તાર છે. જેમાં ૮૨૬.૬૬ ચો.કિ.મી. રક્ષિતજંગલ અને ૮૪૫.૫૭ ચો.કિ.મી. અનામત જંગલવિસ્તારનો સમાવેશ થાય છે. અનામત જંગલ ડૂંગરાળ અને બિનખેડાણ લાયક વિસ્તાર છે. જ્યારે રક્ષિત જંગલો ક્યાંક સપાટ પ્રદેશો ધરાવે છે. જેમાં કેટલીક જગ્યાએ ખેડાણલાયક જમીન પણ છે. ડાંગના જંગલોમાં સાગ અને વાસંનું પ્રમાણ સૌથી વધુ છે. ઉપરાંત સીસમ, સાદડ, ખેર, હરડે, હળદવો, ટેટૂ, વડ, ટીમરું વગેરે વૃક્ષો મુખ્ય છે. મધ, લાખ અને વિવિધ પ્રકારની વન્ય ઔષધિઓ પણ આ પ્રદેશમાં પ્રાપ્ય છે. મુંબઇ રાજ્યનાં વિભાજન પહેલા ડાંગ જિલ્લાના જંગલોમાં વન્ય પ્રાણી જીવન સમૃદ્ધ હતું. જેમાં વાઘ, ચિત્તા, હરણ, સાંભર, ચિતળ, ભેખર, વિવિધ જાતનાં પક્ષીઓ, જંગલી ભૂંડ, જંગલી બિલાડાઓ વગેરે જોવા મળતા હતા. હાલમાં જંગલો છિછરા થઇ જવાને કારણે જંગલી પ્રાણીઓ ખૂબ જ ઓછા જોવા મળે છે.




### 3 જિલ્લાની સામાન્ય અને વસ્તીવિષયક રૂપરેખા

ભારતના સ્વાતંત્ર્યપૂર્વે ડાંગ જિલ્લાનો વહિવટ 'વિદેશ કાર્યક્ષેત્ર એક્ટ' હેઠળ ચાલતો હતો. સ્વાતંત્ર્ય બાદ ભારત સરકારના 19 જાન્યુઆરી 1948ના જાહેરનામાં અનુસાર મુંબઇ રાજ્યના એક સ્વતંત્ર એક જિલ્લા તરીકે રચના થઇ. ત્યારથી 1 મે 1960માં મુંબઇ રાજ્યનુ વિભાજન થતા આ જિલ્લો ગુજરાતનો એક ભાગ તરીકે અસ્તિત્વ ધરાવે છે. કુલ 311 ગામોમાં આ જિલ્લા વસ્તી વસવાટ કરે છે. સને 1961ની વસ્તી ગણતરી મુજબ જિલ્લાની કુલ વસ્તી 71,567 હતી તે પૈકી 37,418 પુરુષો અને 34,149 સ્ત્રીઓ હતી. ડાંગ જિલ્લો ગુજરાતમાં આર્થિક દ્રષ્ટિએ નબળા વર્ગમાં આવે છે. પરંતુ છેલ્લા દાયકા દરમ્યાન શિક્ષણ, આરોગ્ય અને પ્રજાનાં જીવનધોરણ વગેરે બાબતે હકારાત્મક પરિવર્તનો જોવા મળે છે. આ પરિવર્તનોની અસર વસ્તીનાં વલણોમાં કેટલાક અંશે દેખાય છે. જે કોષ્ટક-૫.3 અને આલેખ-૫.૧ પરથી સમજી શકાશે.


**કોષ્ટક- 3.1 : ડાંગ જિલ્લાની વસ્તી અને તેમા થયેલ ટકાવારી ફેરફાર દર્શાવતું કોષ્ટક**

| વર્ષ | પુરૂષ | સ્ત્રી | કુલ | વૃદ્ધિ દર | સ્ત્રી-પુરૂષ પ્રમાણ | વસ્તી ગીચતા |
|---|---|---|---|---|---|---|
| ૧૯૯૧ (ટકા) | ૭૨૬૭૪ (૫૦.૪૪) | ૭૧૪૧૭ (૪૯.૫૬) | ૧૪૪૦૯૧ (૧૦૦) | ૨૬.૭૭ | ૯૮૩ | ૨૧૧ |
| ૨૦૦૧ (ટકા) | ૯૩૯૭૪ (૫૦.૩૩) | ૯૨૭૫૫ (૪૯.૬૭) | ૧૮૬૭૨૯ (૧૦૦) | ૨૯.૫૯ | ૯૮૭ | ૨૫૮ |
| ૨૦૧૧ (ટકા) | ૧૧૩૮૨૧ (૪૯.૮૬) | ૧૧૪૪૭૦ (૫૦.૧૪) | ૨૨૮૨૯૧ (૧૦૦) | ૨૨.૨૬ | ૧૦૦૬ | ૩૦૮ |

**સ્રોત**- સામાજિક- આર્થિક સમિક્ષા,૨૦૧૩-૧૪ અને જિલ્લાની આંકડાકીય રૂપરેખા, ૨૦૧૩-૧૪. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ.

ડાંગ જિલ્લામાં ઇ.સ. ૧૯૪૧ થી ૨૦૧૧ સુધી પુરુષોની સરખામણીએ સ્ત્રીઓમાં વસ્તી વધારાનો ટકાવારી દર હંમેશા ઊંચો રહ્યો છે. જો કે, સ્ત્રી-પુરુષ બંનેની વસ્તી વધારાનાં દર વચ્ચેનાં તફાવતનો ગાળો નજીવો છે. છેલ્લા ત્રણ દાયકાઓનાં વસ્તીનાં વલણો જોતા, આર્થિક અને ટેક્નોલોજીકલ વિકાસની સાથે ગુજરાતનાં મોટાભાગનાં જિલ્લાઓમાં વસ્તી વધારાનો દર ઘટવાની સાથે સ્ત્રી-પુરુષ પ્રમાણ પણ ઘટ્યું છે. પરંતુ ડાંગ જિલ્લામાં વસ્તી વધારાની ટકાવારી ઘટતી હોવા છતાં સ્ત્રી-પુરુષ પ્રમાણમાં સતત વધારો જણાયો છે. જે નોંધપાત્ર બાબત કહી શકાય. ડાંગ સમગ્ર રાજ્યમાં સૌથી વધુ સ્ત્રી-પુરુષ પ્રમાણ ધરાવતો જિલ્લો છે. વસ્તી ગણતરીનાં છેલ્લા ત્રણ દાયકા દરમ્યાન ડાંગમાં વસ્તી ગીચતા વધી છે.

**આલેખ-૩.૧ દશકા દરમિયાન વસ્તીમાં થયેલો ટકાવારી ફેરફાર**




**સ્રોત**- સામાજિક- આર્થિક સમિક્ષા,૨૦૧૩-૧૪ અને જિલ્લાની આંકડાકીય રૂપરેખા, ૨૦૧૩-૧૪. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ.

આલેખમાં દર્શાવ્યા મુજબ છેલ્લા દાયકા દરમ્યાન અભ્યાસક્ષેત્રની વસ્તીમાં વધારો થવાનો ટકાવારી દર ઘટ્યો છે. ઇ.સ.૧૯૧૧ થી ૨૦૧૧ના સમયગાળા દરમ્યાનનાં વસ્તી વધારાનાં વલણો જોતાં, આલેખ-૫.૧માં દર્શાવ્યા મુજબ ૧૯૧૧માં વસ્તી વધારાનો દર સૌથી ઊંચો હતો. જે એક દાયકામાં ઘટીને ઋણ થઇ ગયો હતો. આ તીવ્ર ફેરફાર કુદરતી હોનારતો અને રોગચાળાને કારણે જોવા મળે છે. ઇ.સ. ૧૯૬૧ સુધી ડાંગમાં વસ્તી વધારાના વલણો કુદરતી પરિબળો આધીન રહ્યા, પરંતુ ઇ.સ. ૧૯૬૧

પછી માનવ પ્રયત્નોને આધીન થયા છે. ૧૯૬૧થી આજ સુધી સામાજિક, આર્થિક વિકાસને કારણે વસ્તી વધારાનો ટકાવારી દર ઘટવાનું વલણ ધરાવે છે. પરંતુ વસ્તી ગણતરીના છેલ્લા ત્રણ દાયકાઓમાં આ વલણ ક્યાંક સ્થિર તો ક્યાંક ધીમો જણાય છે.


**કોષ્ટક-3.2 તાલુકાવાર કુલ વસ્તી વસ્તી વિષયક લાક્ષણિકતા**

| તાલુકા | વિસ્તાર (ચો.કિ.મી) | ગામ+ શહેરની સંખ્યા | કુલ વસ્તી | વસ્તી ગીચતા | સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ | શહેરી વસ્તીની ટકાવારી | સાક્ષરતા દર | કુલ વસ્તી સામે ટકા | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | S.C | S.T |
| આહવા | 737 | 121+2 | 101189 | 137 | 1014 | 17.76 | 78.42 | 0.78 | 92.13 |
| સુબીર | 501 | 92 | 55368 | 109 | 1012 | - | 65.14 | 0.05 | 99.03 |
| વઘઇ | 520 | 95+1 | 71734 | 138 | 989 | 9.36 | 78.02 | 0.25 | 94.81 |
| કુલ | 1766 | 308+3 | 228291 | 129 | 1006 | 10.81 | 75.16 | 0.43 | 94.65 |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

1,766 ચો.કિ.મી.નો ભૌગોલિક વિસ્તાર ધરાવતા ડાંગના ત્રણે તાલુકા પૈકી આહવા તાલુકો સૌથી વધુ ભૌગોલિક વિસ્તાર, ગામોની સંખ્યા અને જાતિ પ્રમાણ ધરાવતો જિલ્લો છે. ડાંગ જિલ્લામાં કુલ 308 ગામો અને 3 શહેરી વિસ્તારો આવેલા છે. જિલ્લામાં માત્ર 10.81 ટકા વસ્તી શહેરી વસ્તી છે. આહવા તાલુકાના બે શહેરી વિસ્તારો આહવા અને સાપુતારામાં 17.76 ટકા શહેરી વસ્તી છે. ડાંગ જિલ્લો તાપી પછી ગુજરાતમાં સૌથી વધુ (1006) જાતિ પ્રમાણ ધરાવતો જિલ્લો છે. જિલ્લામાં આહવા તાલુકો સૌથી વધુ 1014 જાતિપ્રમાણ ધરાવે છે, જ્યારે વઘઇ તાલુકો સૌથી ઓછુ 989 જાતિ પ્રમાણ ધરાવે છે. સમગ્ર જિલ્લાનુ સાક્ષરતા પ્રમાણ 75 ટકા છે, પરંતુ સુબીર તાલુકામાં સાક્ષરતા દર નીચે(65.14 ટકા) છે. જિલ્લાની કુલ વસ્તી પૈકી 94.65 ટકા આદિવાસી વસ્તી છે. ડાંગ જિલ્લાના સુબીર તાલુકામાં 99 ટકા વસ્તી આદિવાસી છે.

**આલેખ-૩.૨ સામાજિક વર્ગ મુજબ વસ્તી વૃદ્ધિ દર**




ઉપરોક્ત આલેખમાં ઇ.સ 1971 થી 2011 સુધીના વિવિધ દાયકાઓ દરમિયાન ડાંગ જિલ્લામાં વસવાટ કરતી જાતિઓનો વસ્તી વૃદ્ધિદર દર્શાવ્યો છે. જિલ્લાનો કુલ વૃદ્ધિદર અને આદિવાસી વસ્તીના વૃદ્ધિદર વચ્ચે સમાનતા જોવા મળે છે. કારણ કે જિલ્લામાં મોટા ભાગની વસ્તી આદિવાસી છે.

અનુસૂચિત જાતિના વસ્તીવૃદ્ધિ દરમાં છેલ્લા ચાર દાયકાઓ દરમિયાન ખૂબ મોટા ફેરફારો જણાયા છે. વર્ષ 1981માં 119 ટકાનો વધારો થયો અને 2001માં 27 ટકાનો ઘટાડો થયો. કારણ કે અનુસૂચિત જાતિની વસ્તી નોકરી-ધંધા અર્થે અન્ય રાજ્યોમાંથી આવેલ વસ્તી છે. એજ રીતે અન્ય વસ્તીના વૃદ્ધિદરમાં પણ અણધાર્યા ફેરફારો જોવા મળે છે. ટૂંકમાં બિન આદિવાસી વસ્તી ડાંગ જિલ્લાની મૂળ વતની નથી. વેપાર ધંધા અર્થ સ્થાળાંતરિત વસ્તી હોવાથી તેના વૃદ્ધિદરમાં મોટા ફેરફારો જણાય છે.

**કોષ્ટક-3.3 તાલુકાવાર આદિવાસી વસ્તી**

| જિલ્લા/ તાલુકા | ગ્રામીણ વસ્તી | | | શહેરી વસ્તી | | | કુલ વસ્તી | કુલ વસ્તી સામે ટકા | | જાતિ પ્રમાણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | | ગ્રામીણ | શહેરી | |
| આહવા | 40468 | 40667 | 81135 | 5704 | 6389 | 12093 | 93228 | 87.03 | 12.97 | 1019 |
| સુબીર | 27233 | 27599 | 54832 | 0 | 0 | 0 | 54832 | 100.0 | 0.00 | 1013 |
| વઘઇ | 32187 | 31984 | 64171 | 1947 | 1895 | 3842 | 68013 | 94.35 | 5.65 | 993 |
| કુલ | 99888 | 100250 | 200138 | 7651 | 8284 | 15935 | 216073 | 92.63 | 7.37 | 1009 |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

સમગ્ર ડાંગ જિલ્લાની કુલ આદિવાસી વસ્તી પૈકી 43.15 ટકા વસ્તી આહવા તાલુકામાં નિવાસ કરે છે. જ્યારે વઘઇ અને સુબીર તાલુકામાં અનુક્રમે 31.48 ટકા અને 25.38 ટકા છે. સુબીર તાલુકામાં સાપેક્ષ રીતે ઓછી વસ્તી છે. સુબીર તાલુકો સંપૂર્ણ ગ્રામીણ વિસ્તાર છે. જેમાં તમામ આદિવાસી વસ્તી ગ્રામીણ વિસ્તારમાં નિવાસ કરે છે. જ્યારે આહવા તાલુકાની 13 આદિવાસી વસ્તી શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે. સમગ્ર જિલ્લાની માત્ર 7.37 ટકા આદિવાસી વસ્તી શહેરી છે. વઘઇ સિવાયના અન્ય બન્ને તાલુકામાં પુરૂષો કરતા સ્ત્રીઓની વસ્તી વધુ છે. આહવા તાલુકામાં સ્ત્રી-પુરૂષ જાતિ પ્રમાણ સૌથી વધુ (1019) છે. જિલ્લાની સમગ્ર આદિવાસી વસ્તીમાં જાતિ પ્રમાણ 1009 છે. એનો અર્થ આદિવાસીઓમાં સ્ત્રી ભૃણ હત્યા જેવા દૂષણો નથી. સ્ત્રીઓને પુરૂષ સમકક્ષ દરજ્જો આપવામાં આપે છે. તાજેતરમાં અન્ય જિલ્લાઓનો બિન આદિવાસી સમાજ ગરીબ આદિવાસીઓને આર્થિક લાલચ આપીને કન્યાઓને લઇ જાય છે. પરિણામે બિન આદિવાસી સમાજના લોકો દ્વારા ડાંગ જિલ્લામાં કન્યા વિક્રયના દૂષણને ઊભુ કરવામાં આવી રહ્યુ છે.

**3.4 વિસ્તારવાર આદિવાસી બાળ(0-6) વસ્તીનું પ્રમાણ**

| વિસ્તાર | કુલ બાળ વસ્તી | આદિવાસી બાળ વસ્તી | | | કુલ બાળ વસ્તી સામે ટકા | જાતિ પ્રમાણ |
|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | | |
| ગ્રામીણ | 37988 | 18961 | 18361 | 37322 | 98.25 | 1004 |
| શહેરી | 2755 | 849 | 786 | 1635 | 59.35 | 1083 |
| કુલ | 40743 | 19810 | 19147 | 38957 | 95.62 | 1009 |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

જિલ્લાની કુલ બાળ વસ્તી સામે આદિવાસી બાળ વસ્તીનું પ્રમાણ 95.62 ટકા છે. એનો અર્થ ભવિષ્યમાં પણ ડાંગ જિલ્લામાં આદિવાસી વસ્તીનું ટકાવારી પ્રમાણ જળવાઇ રહેશે. ખાસ કરીને ગ્રામીણ

વિસ્તારમાં આદિવાસી બાળ વસ્તીનું પ્રમાણ 98 ટકા છે. જે દર્શાવે છે, કે ભવિષ્યમાં મોટા ભાગની આદિવાસી વસ્તી ગ્રામીણ વાસી હશે. આદિવાસી બાળ વસ્તીમાં જાતિ પ્રમાણ પણ કુલ વસ્તી જેટલુ જ 1009 છે. શહેરી વિસ્તારમાં જાતિ પ્રમાણ વધુ છે. જે નોંધનીય બાબત છે.

**3.5 આદિવાસી વસ્તીમાં વિસ્તારવાર સાક્ષરતા પ્રમાણ**

| વિસ્તાર | સાક્ષર વસ્તી | | | સાક્ષરતા દર | | |
|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ગ્રામીણ | 66127 | 53151 | 119278 | 81.71 | 64.91 | 73.26 |
| શહેરી | 6285 | 6294 | 12579 | 92.4 | 83.94 | 87.97 |
| કુલ | 72412 | 59445 | 131857 | 82.54 | 66.5 | 74.45 |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

ડાંગ જિલ્લામાં સાક્ષતાનુ પ્રમાણ 74.45 ટકા છે. એનો અર્થ અમુક વૃદ્ધો અને મહિલાઓ સિવાય તમામ અક્ષરજ્ઞાન ધરાવે છે. સાક્ષરતાનો દર શહેરી વિસ્તાર કરતા ગ્રામીણ વિસ્તારમાં નીચો છે. એ જ રીતે પુરૂષો કરતા સ્ત્રી સાક્ષરતા દર નીચો(66.5 ટકા) છે. ડાંગ જિલ્લામાં ઊંચા સાક્ષરતા દરની બીજી બાજુની વાસ્તવિકતા એ છે, લોકોમાં વ્યાવસાયિક, ટેક્નિકલ અને બજારુ શિક્ષણનનું પ્રમાણ ઓછુ છે.

**શ્રમશક્તિનુ વર્ગીકરણ**

જિલ્લામાં કુલ કામ કરતી વસ્તીનું પ્રમાણ 1,18,257 છે. એટલે કે કુલ વસ્તીના 51.80 ટકા શ્રમશક્તિ છે. કુલ કામદારો પૈકી 74 ટકા મુખ્ય કામદારો છે, જે આર્થિક વિકાસની અપેક્ષિત સ્થિતિ દર્શાવે છે. સુબીર અને વઘઇ તાલુકામાં કુલ કામદારોનુ પ્રમાણ 50 ટકાથી વધુ છે, જ્યારે આહવા તાલુકામાં 50 ટકાથી વધુ વસ્તી બિન ઉત્પાદક છે. સુબીર તાલુકામાં કુલ કામદારો પૈકી મુખ્ય કામદારોનુ ટકાવારી પ્રમાણ 80 ટકા છે, ભાવિ આર્થિક પ્રગતિનો સંકેત છે.

**3.6 તાલુકાવાર શ્રમશક્તિ દર્શાવતુ કોષ્ટક**

| વિગત | આહવા | સુબીર | વઘઇ | કુલ(ડાંગ) |
|---|---|---|---|---|
| મુખ્ય કામદારો (ટકા) | 36762 (75.45) | 23457 (79.69) | 27819 (69.37) | 88038 (74.45) |
| સિમાંત કામદારો (ટકા) | 11959 (24.55) | 5977 (20.31) | 12283 (30.63) | 30219 (25.55) |
| **કુલ કામદારો** (ટકા) | **48721 (48.15)** | **29434 (53.16)** | **40102 (55.90)** | **118257 (51.80)** |
| **કામ નહિ કરનારા** (ટકા) | **52468 (51.85)** | **25934 (46.84)** | **31632 (44.10)** | **110034 (48.20)** |
| **કુલ વસ્તી** (ટકા) | **101189** (100) | **55368** (100) | **71734** (100) | **228291** (100) |
| સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ | | | | |

### 4. કુદરતી સંસાધનો


### જમીન વપરાશ તરાહ

જમીન વપરાશની તરાહના આધારે આર્થિક વિકાસ માટે કુદરતી સંસાધનોની ઉપલબ્ધતાનો અંદાજ મેળવી શકાય છે. ડાંગ જિલ્લાની જમીન મુખ્યત્વે પથરાળ, ટેકરાવાળી અને વનરાજીથી આચ્છાદિત છે. વિવિધ ગુણધર્મોવાળી પાંચ પ્રકારની જમીન જોવા મળે છે. 1) કાળી 2) મધ્યમ કાળી 3) ગોરાડૂ 4) રેતાળ 5) પથરાળ જમીન. કુલ ભૌગોલિક વિસ્તારમાં વધારો-ઘટાડો થઇ શક્તો નથી, પરંતુ વિસ્તારના ઉપયોગનું સ્વરૂપ અને પ્રમાણ માનવ પ્રયત્નોથી ફેરફાર કરી શકાય છે. ડાંગ જિલ્લાનો મોજણી થયેલ કુલ ભૌગોલિક વિસ્તારની તાલુકાવાર ઉપયોગની તરાહ કોષ્ટક-4.1 પરથી સમજી શકાશે.

4.1 તાલુકાવાર જનીન વપરાશની તરાહ

| જમીન વપરાશ(હેકટરમાં) | આહવા | | સુબીર | | વઘઇ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રમાણ(હે) | ટકા | પ્રમાણ(હે) | ટકા | પ્રમાણ(હે) | ટકા | પ્રમાણ(હે) | ટકા |
| જંગલો | 39514.00 | 53.59 | 28506.00 | 55.99 | 35448.00 | 68.23 | 103468.00 | 58.59 |
| ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી જમીન | 3547.33 | 4.81 | 995.92 | 1.96 | 396.00 | 0.76 | 4939.25 | 2.80 |
| બિનખેતી વિષયક ઉપયોગમાં લેવાયેલી જમીન | 3520.00 | 4.77 | 300.83 | 0.59 | 35.00 | 0.07 | 3855.83 | 2.18 |
| ખેડી શકાય તેવી પડતર જમીન | 3518.00 | 4.77 | 78.00 | 0.15 | 55.00 | 0.11 | 3651.00 | 2.07 |
| કાયમી ગૌચર અને ચરાણની જમીન | 166.44 | 0.23 | 82.25 | 0.16 | 40.00 | 0.08 | 288.69 | 0.16 |
| પ્રકીર્ણ વૃક્ષો અને ઝાડો હેજળની જમીન | 502.00 | 0.68 | 175.00 | 0.34 | 15.00 | 0.03 | 692.00 | 0.39 |
| ચાલુ પડતર | 688.00 | 0.93 | 20.00 | 0.04 | 50.00 | 0.10 | 758.00 | 0.43 |
| અન્ય પડતર | 930.00 | 1.26 | 130.00 | 0.26 | 45.00 | 0.09 | 1105.00 | 0.63 |
| ચોખ્ખો વાવેતર વિસ્તાર | 21351.00 | 28.96 | 20621.00 | 40.51 | 15871.00 | 30.55 | 57843.00 | 32.75 |
| એક કરતાં વધુ વખત વાવેતર | 10093.00 | 13.69 | 11930.00 | 23.43 | 5940.00 | 11.43 | 27963.00 | 15.83 |
| એકંદર વાવેતર વિસ્તાર | 31444.00 | 42.64 | 32551.00 | 63.94 | 21811.00 | 41.98 | 85806.00 | 48.59 |
| અહેવાલ હેઠળનો વિસ્તાર (કુલ) | 73737.00 | 100.00 | 50909.00 | 100.00 | 51955.00 | 100.00 | 176601.00 | 100.00 |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ




સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

ડાંગ જિલ્લાનો કુલ ભૌગોલિક વિસ્તાર 1,76,601 હેક્ટર છે. જે પૈકી સૌથી વધુ જમીન જંગલવિસ્તાર હેઠળ છે. ત્યારબાદ બીજા ક્રમે ખેતી હેઠળની જમીનનો સમાવેશ થાય છે. ભારતની જંગલ નીતિ-૧૯૮૮ મુજબ દેશમાં ૩૩ ટકા જંગલો હોવા અનિવાર્ય છે. ડાંગ જિલ્લામાં આ ધોરણ કરતાં ઉલ્ટી સ્થિતિ જોવા મળે છે. અહીં ૩૩ ટકા જમીન ખેતી હેઠળ છે. જ્યારે ૫૯ ટકા જમીન જંગલોથી છવાયેલ છે. કુલ 66 ટકા જમીન વિસ્તાર બિન ખેતી હેઠળ છે. તેમા છતા જિલ્લાનો મુખ્ય વ્યવસાય ખેતી છે. જે વિરોધાભાષી સ્થિતિ દર્શાવે છે. વિકાસલક્ષી સંસાધનોની કમી દર્શાવે છે. ઉજ્જડ અને ન ખેડી શકાય તેવી જમીનનું પ્રમાણ ૩ ટકા જેટલું છે. તાલુકાનો કુલ ભોગોલિક વિસ્તાર પૈકી ચોખ્ખા વાવેતર વિસ્તાર તથા એકંદર વાવેતર વિસ્તારની ટકાવારી સુબીરમાં સાપેક્ષ રીતે વધારે છે. જ્યારે આહવા તાલુકો ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટો છે. જંગલ વિસ્તારનુ ટકાવારી પ્રમાણ(68.23 ટકા) વઘઇ તાલુકામાં વધુ છે. આહવા તાલુકામાં ચોખ્ખો વાવેતર વિસ્તાર સૌથી ઓછો છે, અને ઉજ્જડ, ખેડી ન શકાય તેવી અને બિન ખેતવિષયક ઉપયોગની જમીન સાપેક્ષ રીતે વધુ છે.

**4.2 જંગલ સંપત્તિ (ચો.કિ.મી)**

| વર્ષ | અનામત વન | રક્ષિતવન | અવર્ગીકૃતવન | કુલ વનવિસ્તાર | ટકાવારી(રાજ્યની સામે) |
|---|---|---|---|---|---|
| 2000-01 | 843.88 | 210.84 | 0 | 1054.72 | 5.52 |
| (ટકા) | (80.01) | (19.99) | (0.00) | (100.00) | |
| 2010-11 | 864.17 | 190.71 | 3.59 | 1058.47 | 5.53 |
| (ટકા) | (81.64) | (18.02) | (0.34) | (100.00) | |
| 2018-19 | 843.76 | 190.92 | 0 | 1034.68 | 4.72 |
| (ટકા) | (81.55) | (18.45) | (0.00) | (100.00) | |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

ઇ.સ.2010-11 થી 2018-19 ના સમયગાળા દરમિયાન ડાંગ જિલ્લાના કુલ વન વિસ્તારમાં 24 ચા.કિ.મી.નો ઘટાડો થયો છે. જે વન અધિકાર કાયદા હેઠળ જંગલ જમીનની ફાળવણીને કારણે જોવા મળે છે. ડાંગ જિલ્લામાં મુખ્યત્વે અનામત અને રક્ષિત વન વિસ્તાર જોવા મળે છે. છેલ્લા બે દાયકોઓ દરમિયાન આ બંને પ્રકારના વન વિસ્તારમાં નોંધનીય ફેરફાર નથી. ગુજરાત રાજ્યના કુલ જંગલ વિસ્તારની સામે ડાંગ જિલ્લાનો જંગલ વિસ્તાર 2010-11માં 5.53 ટકા હતો તે ઘટીને 2018-19માં 4.72 ટકા થયો છે. આ ઘટાડો ડાંગ જિલ્લાના કુલ વન વિસ્તારમાં ઘટાડાને કારણે જોવા મળે છે.

**મુખ્ય જંગલ પેદાશોનુ ઉત્પાદન અને મૂલ્ય**

ડાંગ જિલ્લામાં વર્ષ 2001-02 બાદ ઇમારતી લાકડૂં અને બળતણના ઉત્પાદનમાં મોટા પ્રમાણમાં ઘટાડો થયો છે. જ્યારે આ જ ગાળા દરમિયાન લાકડાંનુ મૂલ્યમાં નોંધપાત્ર વધારો થયો છે. જે લાંકડાની ભાવ સપાટીમાં થતા વધારાને કારણે જોવા મળે છે.

**કોષ્ટક-4.3 મુખ્ય જંગલ પેદાશોનુ ઉત્પાદન અને મૂલ્ય**

| વર્ષ | ઇમારતી લાકડૂં (00 ઘન મી.) | બળતણ (00 મે.ટન) | મૂલ્ય (રૂ. 000) |
|---|---|---|---|
| 2001-02 | 68.41 | 64.4 | 122724.49 |
| 2010-11 | 23.57 | 64.26 | 84858.00 |
| 2018-19 | 47.38 | 23.09 | 306378.08 |

**કોષ્ટક-4.4 તાલુકાવાર વાર્ષિક વરસાદ(મી.મી)**

| તાલુકા | 2011 | 2012 | 2013 | 2014 | 2015 | 2016 | 2017 | 2018 |
|---|---|---|---|---|---|---|---|---|
| આહવા | 1662 | 1636 | 2397 | 1764 | 1453 | 2207 | 1591 | 1702 |
| સુબીર | - | - | - | 1341 | 1045 | 1951 | 1660 | 1577 |
| વઘઇ | 2501 | 1916 | 3157 | 2014 | 1605 | 2361 | 2488 | 3452 |
| જિલ્લાનો સરેરાશ વરસાદ | 1388 | 1184 | 1851 | 1706 | 1368 | 2173 | 1913 | 2244 |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

ડાંગ જિલ્લો એ ગુજરાતની ચેરાપૂંજી ગણાય છે. જિલ્લામાં સરેરાશ 1200 થી 2200 મી.મી. વરસાદ પડે છે. છેલ્લા સાત વર્ષો બાદ વર્ષ 2018 માં સૌથી વધુ સરેરાશ 2244 મી.મી વરસાદ થયો છે. જિલ્લાના ત્રણે તાલુકાઓ પૈકી વઘઇ તાલુકામા વરસાદનુ પ્રમાણ વધુ હોય છે.

## 5. આંતર માળખાકીય સુવિધાઓ


જિલ્લામાં આહવા ખાતે રાજ્ય પરિવહન નિગમનું મથક આવેલ છે. આ મથક મારફત જિલ્લાના ૩૧૧ ગામો પૈકી ૨૬૯ ગામોમાં સીધી બસ સેવા પૂરી પાડવામાં આવે છે. ઉપરાંત ૩ કિ.મી. સુધીના અંતરના ૨૫ ગામો, ૩ થી ૫ કિ.મી. અંતરના ૧૦ ગામો અને ૫ કિ.મી. થી વધુ અંતરનાં ૭ ગામોને પરોક્ષ બસસેવા પૂરી પાડવામાં આવે છે. તેમ છતાં વધતી વસ્તી માટે ઘણા ગામોમાં આ બસ સેવા અપૂરતી અને અનિયમિત છે. તેથી મોટાભાગે ખાનગી વાહન(જીપ) દ્વારા લોકો ઊંચુ ભાડું ચુકવીને પણ મુસાફરી કરવા મજબૂર બને છે.

**5.1 વાહન વ્યવહાર (કિ.મી.માં 2018-19)**

| તાલુકા | જાહેર બાંધકામ હેઠળના માર્ગો | | | જિલ્લા પંચાયત હેઠળના માર્ગો | | | કુલ માર્ગો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પાકા | કાચા | કુલ | પાકા | કાચા | કુલ | પાકા | કાચા | કુલ |
| આહવા<br>(ટકા) | 89.55<br>(23.53) | 0<br>(0.00) | 89.55<br>(22.52) | 290.98<br>(76.47) | 17.12<br>(100) | 308.1<br>(77.48) | **380.53**<br>**(95.690** | **17.12**<br>**(4.31)** | **397.65**<br>**(100)** |
| સુબીર<br>(ટકા) | 30.5<br>(10.23) | 0<br>(0.00) | 30.5<br>(9.00) | 267.7<br>(89.77) | 40.6<br>(100) | 308.3<br>(91.00) | **298.2**<br>**(88.02)** | **40.6**<br>**(11.98)** | **338.8**<br>**(100)** |
| વઘઇ<br>(ટકા) | 92.78<br>(23.09) | 0<br>(0.00) | 92.78<br>(22.70) | 309.08<br>(76.91) | 6.8<br>(100) | 315.88<br>(77.30) | **401.86**<br>**(98.34)** | **6.8**<br>**(1.66)** | **408.66**<br>**(100)** |
| કુલ(ડાંગ)<br>(ટકા) | 212.83<br>(19.70) | 0<br>(0.00) | 212.83<br>(18.59) | 867.76<br>(80.30) | 64.52<br>(100) | 932.28<br>(81.41) | **1080.59**<br>**(94.37)** | **64.52**<br>**(5.63)** | **1145.11**<br>**(100)** |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

સમગ્ર જિલ્લામાં કુલ રસ્તાઓની લંબાઇ 1,145 ચો.કિ.મી. છે. જે પૈકી 94 ટકા રસ્તાઓ પાકા છે. ખાસ કરીને વઘઇ તાલુકામાં પાકા રસ્તાનુ ટકાવારી પ્રમાણ વધુ છે. જિલ્લાના કુલ માર્ગો પૈકી મોટાભાગના (81 ટકા) માર્ગો જિલ્લા પંચાયત હેઠળના છે. સુબીર તાલુકામાં આ પ્રમાણ 91 ટકા છે. એટલે કે જાહેર બાંધકામ હેઠળના માર્ગો આ તાલુકામાં ખૂબ જ ઓછા(9 ટકા) છે. એ જ રીતે કાચા રસ્તાઓનુ પ્રમાણ સાપેક્ષ રીતે સુબીર તાલુકામાં વધુ જોવા મળે છે. સમગ્ર જિલ્લામાં મોટા ભાગના માર્ગો ગ્રામ્ય કક્ષાના છે. જ્યારે રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના માર્ગોનુ પ્રમાણ અનુક્રમે 82 ચો.કી.મી. અને 195 ચો.કી.મી. છે. આમ, જરૂરિયાત કરતા પાકા માર્ગોનુ પ્રમાણ મર્યાદિત કહી શકાય.



**સંદેશ વ્યવહાર**

વધતી વસ્તી તથા માહિતી અને ટેક્નોલોજીના યુગમાં સંદેશવ્યવહારની વધતી જરૂરિયાત સામે જિલ્લામાં ઉપલબ્ધ સવલતો ખૂબ જ અપૂરતી જણાય છે. જિલ્લામાં વઘઇ, સુબીર, આહવા જેવા તાલુકા મથકોએ ભારતીય સંચાર નિગમ લિમિટેડ, વોડાફોન, આઇડીયા વગેરે કંપીની સેવા ઉપલબ્ધ થાય છે. પરંતુ ઊંડાણના ગામો સુધી તેમની સેવા યોગ્ય રીતે પહોંચી શકતુ નથી. તેથી સંદેશવ્યવહાર માટે ટપાલ સેવા પર આધાર રાખવો પડે છે. જિલ્લામાં કુલ કુટુંબો પૈકી ૭૮૪ કુટુંબો ટેલિફોનની સેવા ધરાવે છે. જ્યારે ૯૨૪૩થી પણ વધુ કુટુંબો મોબાઇલ ફોનનો ઉપયોગ કરે છે. ઉપરાંત જિલ્લામાં એક દૂરવર્તી મથક અને એક ટેલિવિઝન રીલે કેન્દ્ર દ્વારા પ્રસારણ સેવા પૂરી પાડવામાં આવે છે.

**કોષ્ટક-5.2 ટપાલ સુવિધા દર્શાવતું કોષ્ટક**

| તાલુકા | ટપાલ કચેરીઓ | | કુલ | | ટપાલ | ટપાલ કચેરી | કુલ ગામો |
|---|---|---|---|---|---|---|---|
| | મુખ્ય કચેરી | શાખા | સંખ્યા | ટકા | કર્મીઓ | વગરના ગામો | સામે ટકા |
| આહવા | 1 | 21 | 22 | 41.51 | 46 | 101 | 82.11 |
| સુબીર | 1 | 12 | 13 | 24.53 | 25 | 79 | 85.87 |
| વઘઇ | 1 | 17 | 18 | 33.96 | 29 | 78 | 81.25 |
| કુલ | 3 | 50 | 53 | 100 | 100 | 258 | 82.96 |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

ડાંગ જિલ્લામાં મુખ્ય ટપાલ કચેરી અને તેની શાખાઓ સહિત કુલ 53 ટપાલ કેન્દ્રો છે, અને 100 ટપાલ કર્મીઓ છે. એટલે કે ટપાલ કેન્દ્રદીઠ 2 કર્મચારીઓ છે. દરેક તાલુકામાં એક એક મુખ્ય કચેરીઓ છે. આહવા તાલુકામાં ટપાલ કેન્દ્રો અને ટપાલ કર્મીઓનુ પ્રમાણ સાપેક્ષ રીતે વધુ છે. નોંધનીય બાબત એ છે કે, કુલ 311 ગામો પૈકી 258 ગામોમાં ટપાલ કેન્દ્રો નથી. એટલે કે 80 થી 85 ટકા ગામોમાં ટપાલ કેન્દ્રો નથી. આવી અભાવભરી સ્થિતિને કારણે જ અંતરિયાળ ગામોમાં ટપાલ પહોંચતા ઓછામાં ઓછુ અઠવાડિયું લાગે છે.

**કોષ્ટક-5.3 પીવાના પાણીના સ્રોત મુજબ કુટુંબોનુ વર્ગીકરણ**

| વિસ્તાર | કુટુંબોની સંખ્યા | શુદ્ધ કરેલ સ્રોતમાથી નળ દ્વારા | શુદ્ધ ન કરેલ સ્રોતમાથી નળ દ્વારા | ઢાંકેલા કુવા દ્વારા | ખુલ્લા કુવા દ્વારા | ડંકી | પાતાળ કુવા | ઝરણા | નદી, નહેર | ટાંકા, તળાવ, સરોવર | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રામ્ય (ટકા) | 43842 (100) | 2377 (5.42) | 4096 (9.34) | 4346 (9.91) | 9293 (21.20) | 20275 (46.25) | 1563 (3.57) | 957 (2.18) | 912 (2.08) | 9 (0.02) | 14 (0.03) |
| શહેરી (ટકા) | 4606 (100) | 1691 (36.71) | 321 (6.97) | 218 (4.73) | 470 (10.20) | 1567 (34.02) | 331 (7.19) | 01 (0.02) | 02 (0.04) | 00 (0.00) | 05 (0.11) |
| કુલ (ટકા) | 48448 (100) | 4068 (8.40) | 4417 (9.12) | 4564 (9.42) | 9763 (20.15) | 21842 (45.08) | 1894 (3.91) | 958 (1.98) | 914 (1.89) | 09 (0.02) | 19 (0.04) |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

ડાંગ જિલ્લામાં મોટાભાગના એટલે કે, 45 ટકા કુટુંબો ડંકી દ્વારા પીવાના પાણી વ્યવસ્થા કરે છે. કેટલાક ગામોમાં સરકાર દ્વારા આવી ડંકીની વ્યવસ્થા કરવામાં આવી છે. હજુ પણ 20.15 ટકા કુટુંબો ખુલ્લા કુવા દ્વારા પીવાનુ પાણી દુરના અંતરેથી ભરીને લઇ જાય છે. સમગ્ર ડાંગ જિલ્લામાં માત્ર 8 ટકા કુટુંબો શુદ્ધ કરેલ સ્રોતમાંથી નળ દ્વારા પાણી મેળવે છે. 4 થી 5 ટકા કુટંબો હજુ પણ ઝરા, નદી, તળાવમાંથી પીવાનુ પાણી મેળવે છે. જે જિલ્લામાં સૌથી વધુ વરસાદ પડે છે, તે જિલ્લા માટે આ શરમજનક બાબત છે. આ બાબતે સરકારે ગંભીર નોંધ લેવી જોઇએ.

**વિજળી-બળતણ**

ડાંગ જિલ્લામાં વિજ ઉત્પાદન યુનિટ નથી. સ્થાનિક વિજ ઉત્પાદનનો સંપૂર્ણ અભાવ છે. સમગ્ર ડાંગ જિલ્લામાં દક્ષિણ ગુજરાત વિજ કંપની લિ. તરફથી વિજ પૂરવઠો પુરો પાડવામાં આવે છે.


**કોષ્ટક-5.4 તાલુકાવાર વિજવપરાશ (000 યુનિટ)**

| તાલુકા | ઘર-ગથ્થુ | વાણિ-જ્યક | ઔદ્યો-ગિક | જાહેર દિવાબત્તિ | ખેતી-સિંચાઇ | વારિ ગૃહ | અન્ય | કુલ | માથાદીઠ વપરાશ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| આહવા | 20210 | 16752 | 14193 | 1130 | 1592 | 6778 | 1563 | 62218 | 614.87 |
| (ટકા) | (32.48) | (26.92) | (22.81) | (1.82) | (2.56) | (10.89) | (2.51) | (100) | |
| સુબીર | 1695 | 79 | 0 | 15 | 127 | 712 | 4 | 2632 | 47.54 |
| (ટકા) | (64.40) | (3.00) | (0.00) | (0.57) | (4.83) | (27.05) | (0.15) | (100) | |
| વઘઇ | 5838 | 172 | 1437 | 53 | 4264 | 1351 | 46 | 13161 | 183.47 |
| (ટકા) | (44.36) | (1.31) | (10.92) | (0.40) | (32.40) | (10.27) | (0.35) | (100) | |
| કુલ | 27743 | 17003 | 15630 | 1198 | 5983 | 8841 | 1613 | 78011 | 341.72 |
| (ટકા) | (35.56) | (21.80) | (20.04) | (1.54) | (7.67) | (11.33) | (2.07) | (100) | |


સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

લોકોના આર્થિક જીવન ધોરણને અસર કરનારું મહત્વનું પરિબળ વિજ વપરાશ છે. વર્ષ 2018-19 દરમિયાન ડાંગ જિલ્લાનુ કુલ વિજ વપરાશ 7.8 કરોડ યુનિટ છે. માથાદીઠ વિજ વપરાશ 3,41,720 છે. આ વપરાશ દર પ્રમાણમાં નીચુ કહી શકાય. ખાસ કરીને સુબીર તાલુકામાં માથાદિઠ વિજ વપરાશનું પ્રમાણ ખૂબ જ નીચું છે. જે વિજળીની અનિયમિતા અને તદ્દન ઓછા વોલ્ટનુ પાવર ગ્રામીમ વિસ્તારમાં આપવામાં આવે છે. તે દર્શાવે છે. આહવા અને વઘઇમાં શહેરી પ્રકારના અને વિકસિત હોવાથી અહી માથાદિઠ વિજ વપરાશ પ્રમાણમાં ઠીક ઠીક છે. સમગ્ર જિલ્લામાં ઘરગથ્થુ

**આલેખ-પ.૨ વિજળી વપરાશનુ પમાણ**




**આલેખ-પ.૩ કુલ વિજવપરાશની ટકાવારી**



વિજવપરાશ તો માત્ર 35 ટકા છે. બાકી 65 ટકા વપરાશ અન્ય હેતુ માટે થયો છે. ઘરગથ્થુ વિજવપરાશ વપરાશ સિવાય ઔદ્યોગિક અને વાણિજ્યિક વિજવપરાશ અન્ય વપરાશ કરતા વધુ છે. જિલ્લામાં જાહેર દિવાબત્તીની વ્યવસ્થા આહવા શહેર સિવાય જ્વલ્લેજ જોવા મળે છે. સંપૂર્ણ ગ્રામીણ વસ્તી ધરાવનાર સુબીર તાલુકાના ગામોમાં 64.40 ટકા ઘરગથ્થુ વિજવપરાશ છે. બાકી 27 ટકા પાણી પુરવઠાનો વપરાશ છે. આ સિવાય અન્ય વિજવપરાશના સ્રોતો નહિવત છે. ખેતી ક્ષેત્ર માટે વધુ પાવર ધરાવતી વિજ જોડાણની આવશ્યકતા હોય છે. જે ડાંગ જિલ્લામાં ખૂબ મર્યાદિત છે. માટે કુલ વિજરાશમાં સિંચાઇ ક્ષેત્રે થતા વિજવપરાશનું પ્રમાણ માત્ર 7 ટકા છે.

**શિક્ષણની સવલતો**

**કોષ્ટક-5.5 શિક્ષણની સવલતો**

| ક્રમ | તાલુકા | પ્રાથમિક શાળા | | માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા | | કૉલેજ | |
|---|---|---|---|---|---|---|---|
| | | **શાળાની સંખ્યા** | **વિદ્યાર્થી-શિક્ષક પ્રમાણ** | **શાળાની સંખ્યા** | **વિદ્યાર્થી-શિક્ષક પ્રમાણ** | **શાળાની સંખ્યા** | **વિદ્યાર્થી-શિક્ષક પ્રમાણ** |
| ૧ | આહવા | 180 | 23.93 | 44 | 62.74 | 2 | 51.58 |
| ૨ | સુબીર | 120 | 27.15 | 19 | 43.72 | 0 | 0.00 |
| ૩ | વઘઇ | 128 | 23.22 | 27 | 47.74 | 3 | 13.18 |
| ૪ | કુલ (ડાંગ) | 428 | 24.61 | 90 | 54.80 | 5 | 26.14 |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ


ડાંગ જિલ્લામાં કુલ 428 પ્રાથમિક શાળાઓ છે, જેમા કુલ 51,550 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. 120 વિદ્યાર્થીએ એક પ્રાથમિક શાળા છે તથા 25 વિદ્યાર્થીએ એક શિક્ષક છે. એ જ રીતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા માત્ર 90 છે, જેમા કુલ 11,014 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જિલ્લામાં માત્ર લગભગ ચાર ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ 122 વિદ્યાર્થીએ એક શાળા છે. જ્યારે આહવા તાલુકામાં 150 વિદ્યાર્થીએ એક શાળા છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થી-શિક્ષક પ્રમાણ 55 છે. જે શિક્ષણની ગુણવત્તા માટે મોટો પડકાર છે. જિલ્લામાં ઉચ્ચ શિક્ષણની પણ મર્યાદિત સુવિધા છે.

વધતી વસ્તી, શિક્ષણ અંગેની જાગૃતિ અને શિક્ષણનું વધતું જતું મહત્વના સંદર્ભે જિલ્લામાં માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક તથા ટેકનિકલ શિક્ષણની સવલતો અપૂરતી છે. તેથી પ્રાથમિક શિક્ષણ બાદ મોટાપાયે વિદ્યાર્થીઓને આગળનાં અભ્યાસ માટે જિલ્લા બહાર જવું પડે છે.

### આરોગ્યની સવલતો

ડાંગ જિલ્લામાં આરોગ્યલક્ષી સેવાઓ અપૂરતી છે. એક સામાન્ય દવાખાનું, એક આયુર્વેદિક દવાખાનું, એક સામૂહિક આરોગ્યકેન્દ્ર, ૯ પ્રાથમિક આરોગ્યકેન્દ્ર, ૪૭ પેટાકેન્દ્રો, બે ડિસ્પેન્સરી, ૪૩૫ આંગણવાડી કેન્દ્રો અને ૫ પશુ દવાખાના વગેરે સવલતો ઉપલબ્ધ છે. વધતી વસ્તી અને આરોગ્યનાં વધતા પ્રશ્નોને કારણે આ સવલતો અપૂરતી જણાય છે. વધુમાં તબીબી કેન્દ્રોમાં અપૂરતા કર્મચારી, અપૂરતા સાધનો તથા અંતરિયાળ ગામોમાં કર્મચારીઓની સતત ગેરહાજરીની સમસ્યાઓ છે. તેના કારણે ખાનગી તબીબી સેવાઓથી લોકોનું આર્થિક શોષણ થતું જણાય છે. આરોગ્યલક્ષી સરકારી યોજનાઓ અંગે લોકજાગૃતિનાં અભાવે જરૂરિયાતમંદ લોકોને લાભ મળતો નથી.

**આલેખ-૫.૪ તાલુકાવાર તબીબી સવલતો(સંખ્યા)**




### અભ્યાસક્ષેત્રમાં વિભિન્ન સવલતોનાં ઉપયોગની તરાહ

કુટુંબના આર્થિક જીવનધોરણનો આધાર તેની આવક કરતાં વસ્તુ/સેવા કે જરુરિયાતોનાં વપરાશની કક્ષા પર વધુ રહેલો છે. અર્થશાસ્ત્રનાં અભ્યાસમાં માનવ જરૂરિયાતોને મુખ્ય ત્રણ વર્ગમાં વિભાજિત કરવામાં આવે છે (૧) પ્રાથમિક જરૂરિયાતો, (૨) સુખસગવડની જરૂરિયાતો અને (૩) મોજશોખની જરૂરિયાતો. આવક વધતા આ જરૂરિયાતો સંતોષવાનું વલણ વધતુ જોવા મળે છે.

અભ્યાસક્ષેત્રમાં કુલ કુટુંબો પૈકી કેટલાં કુટુંબો કયા પ્રકારની સવલતો ભોગવે છે તેનાં આધારે તે કુટુંબોનું જીવનધોરણ તપાસવાનો અહીં પ્રયાસ થયો છે. આ અંગેનું વિશ્લેષણ કોષ્ટક-૫.૬માં દર્શાવ્યું છે.

**કોષ્ટક- ૫.૬ : વિભિન્ન સવલત ધરાવતા કુટુંબોની સંખ્યા દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | સવલત/મિલકત | ગ્રામીણ | | શહેરી | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ૧ | વીજળીની સવલત | ૨૫૭૨૩ | ૫૮.૬૭ | ૪૦૭૧ | ૮૮.૩૮ | ૨૯૭૯૪ | ૬૧.૫૦ |
| ૨ | બેંકિગ | ૧૯૩૫૯ | ૪૪.૧૬ | ૨૯૬૪ | ૬૪.૩૫ | ૨૨૩૨૩ | ૪૬.૦૮ |
| ૩ | રેડિયો અને ટ્રાન્ઝિસ્ટર | ૮૨૪૭ | ૧૮.૮૧ | ૭૦૮ | ૧૫.૩૭ | ૮૯૫૫ | ૧૮.૪૮ |
| ૪ | ટેલિવિઝન | ૬૬૦૨ | ૧૫.૦૬ | ૨૬૬૦ | ૫૭.૭૫ | ૯૨૬૨ | ૧૯.૧૨ |
| ૫ | કમ્પ્યુટર/લેપટોપ | ૧૦૧૦ | ૨.૩૦ | ૨૪૬ | ૫.૩૪ | ૧૨૫૬ | ૨.૫૯ |
| ૬ | ટેલિફોન/મોબાઇલ | ૬૯૮૦ | ૧૫.૯૨ | ૧૯૨૬ | ૪૧.૮૨ | ૮૯૦૬ | ૧૮.૩૮ |
| ૭ | સાયકલ | ૫૯૮૦ | ૧૩.૬૪ | ૯૩૪ | ૨૦.૨૮ | ૬૯૧૪ | ૧૪.૨૭ |
| ૮ | સ્કુટર,મોટર સાઇકલ,મોપેડ | ૪૨૩૪ | ૯.૬૬ | ૧૪૨૮ | ૩૧.૦૦ | ૫૬૬૨ | ૧૧.૬૯ |
| ૯ | કાર,જીપ,વાન | ૬૫૪ | ૧.૪૯ | ૩૩૭ | ૭.૩૨ | ૯૯૧ | ૨.૦૫ |
| ૧૦ | ક્રમ ૩ થી ૯ સુધીની તમામ મિલકત ધરાવતા કુટુંબો | ૮૩ | ૦.૧૯ | ૧૮૮ | ૪.૦૮ | ૨૭૧ | ૦.૫૬ |
| **૧૧** | **કુલ કુટુંબોની સંખ્યા** | **૪૩૮૪૨** | **૯૦.૪૯** | **૪૬૦૬** | **૯.૫૧** | **૪૮૪૪૮** | **(૧૦૦)** |

સ્રોત- સામાજિક- આર્થિક સમીક્ષા-૨૦૧૩-૧૪, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગાંધીનગર.

ડાંગ જિલ્લાના તમામ ગામો વીજળીકરણ હેઠળ આવરી લીધા, છતાં ૬૧ ટકા કુટુંબો જ વીજળીની સવલતો ધરાવે છે. જ્યારે અન્ય ૩૯ ટકા કુટુંબો દીવાબત્તી માટે કેરોસીન કે અન્ય વસ્તુનો ઉપયોગ કરે છે. શહેરી વિસ્તારમાં વીજળીની સવલત ધરાવતા કુટુંબોની ટકાવારી એકંદરે સારી છે, પરંતુ ગ્રામીણ ક્ષેત્રે આ સ્થિતિ ચિંતાજનક છે. કુલ કુટુંબો પૈકી ૪૬ ટકા કુટુંબો જ બેંકિગ સવલત ધરાવે છે અર્થાત્ ૪૬ ટકા કુટુંબો જ બચતક્ષમતા ધરાવે છે. ડાંગ જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં નાના-મોટા વાહનો, કમ્પ્યુટર, લેપટોપ વગેરે સવલતો ધરાવનાર કુટુંબોનું ટકાવારી પ્રમાણ ખૂબ જ નીચું છે. જ્યારે આ સિવાયની સામાન્ય જરૂરિયાતો ધરાવનાર કુટુંબોનું પ્રમાણ પણ માત્ર ૧૩ થી ૧૫ ટકા છે. વીજળી અને બેંકિગ સવલતોને બાદ કરતા કોષ્ટક-૫.૬માં દર્શાવેલ તમામ સવલતો ધરાવતાં કુટુંબોની સંખ્યા નહિવત(૦.૫૬ ટકા) છે.

## 6. આવક અને રોજગારીના ક્ષેત્રો

### 6.1 પ્રાથમિક ક્ષેત્ર

**જમીન ધારણ મુજબ કુટુંબોનુ વર્ગીકરણ**


ડાંગ જિલ્લો દરિયાઇ સપાટીથી 1500 થી 2000 ફૂટની ઊંચાઇવાળો ખડકાળ પ્રદેશ છે. જિલ્લો સહ્યાદ્રિ પર્વતોની હારમાળાથી શરુ થઇ પશ્ચિમ તરફ ઢળતો ગુજરાતના સપાટ મેદાનો સુધીનો જંગલ વિસ્તાર છે. જિલ્લામાં જમીનનો કુલ વિસ્તાર 1,76,601 હેકટર છે. જે પૈકી 58.59 ટકા જંગલ વિસ્તાર અને માત્ર 32.75 ટકા એટલે કે 57843 હેકટર ચોખ્ખો વાવેતર વિસ્તાર છે. અર્થાત 66 ટકા જમીન ખેતી સિવાયના ઉપયોગ હેઠળ છે. ડાંગ જિલ્લામા કુલ 12,573 જમીન ધારકો વચ્ચે જમીનનું વિભાજન કોષ્ટક 6.1.1 મુજબ જોઇ શકાય.

**6.1.1 જમીન ધારણ મુજબ કુટુંબોનુ વર્ગીકરણ (હેકટરમાં)**


| ક્રમ | વિભાગ | કદ વર્ગ | અ.જાતિ | | અ.જન.જાતિ | | અન્ય | | સંસ્થાકીય | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સંખ્યા | વિસ્તાર | સંખ્યા | વિસ્તાર | સંખ્યા | વિસ્તાર | સંખ્યા | વિસ્તાર | સંખ્યા | વિસ્તાર |
| 1 | સીમાન્ત | 0.0 - 0.99 | 2 | 1 | 1706 | 855 | 11 | 5 | 2 | 1 | 1721 | 862 |
| 2 | નાના | 1.00 - 1.99 | 1 | 2 | 1924 | 2887 | 11 | 17 | 2 | 3 | 1938 | 2909 |
| 3 | અર્ધ મધ્યમ | 2.00 - 3.99 | 4 | 12 | 3291 | 9695 | 15 | 46 | 1 | 2 | 3311 | 9755 |
| 4 | મધ્યમ | 4.00 - 9.99 | 3 | 17 | 4472 | 28313 | 4 | 20 | 1 | 5 | 4480 | 28355 |
| 5 | મોટા | 10.00 < | 0 | 0 | 1121 | 15469 | 2 | 28 | 0 | 0 | 1123 | 15497 |
| 6 | કુલ | | 10 | 32 | 12514 | 57219 | 43 | 116 | 6 | 11 | 12573 | 57378 |
| 7 | ટકા | | 0.08 | 0.06 | 99.53 | 99.72 | 0.34 | 0.20 | 0.05 | 0.02 | 100.00 | 100.00 |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

જિલ્લામાં મોટા ખેડૂતોનુ પ્રમાણ માત્ર 8.93 ટકા છે જે સૌથી ઓછુ છે. જ્યારે મોટા ભાગના (41.74 ટકા)જમીન ધારકોનો સમાવેશ મધ્યમ ખેડૂતોમાં થાય છે. હાલની સ્થિતિ મુજબ ડાંગ જિલ્લામાં સિમાન્ત ખેડૂતો કરતા મધ્યમ ખેડૂતોનુ પ્રમાણ વધુ છે. જે સારી બાબત છે. પરંતુ એક નોંધનીય વાસ્તવિકતા એ છે કે ડાંગના મોટાભાગના ખેડૂતો પાસે રહેલી જમીન બિન પિયત છે. પથરાળ અને ઢોળાવવાળી હોવાથી ખાસ ઉપજાવ નથી. તેથી અહિના સીમાન્ત ખેડૂતો અને મોટા ખેડૂતો વચ્ચે કોઇ ખાસ આર્થિક તફાવત નથી. આમ ખેડૂતો પાસે રહેલી જમીનનો કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે સિંચાઇની સુવિધા અને જમીન સુધારાના પગલા અતિ આવશ્યક છે. જિલ્લામાં 94 ટકાથી વધુ આદિવાસી વસ્તી છે. તેથી સ્વાભાવિક રીતે જ 99 ટકા જમીન આદિવાસી ખેડૂતો પાસે છે.




આલેખ-.....મુજબ સરેરાશ જમીન ધારણ પ્રમાણની સમાજના વિવિધ વર્ગો વચ્ચે તૂલના કરતા કેટલીક નોંધનીય હકીકતો જાણી શકાય છે. જેમ કે જિલ્લાની 99 ટકા જમીન આદિવાસીઓ પાસે છે. પરંતુ સરેરાશ જમીન પ્રમાણ જોતા મધ્યમ ખેડૂતો સિવાય નાના, અર્ધ મધ્યમ અને મોટા ખેડૂતોમાં બિન આદિવાસી ખેડૂતો પાસે સરેરાશ જમીનનુ પ્રમાણ વધારે છે. ખાસ કરીને નાના ખેડૂતોમાં આદિવાસી ખેડૂતો પાસે કુટંબદીઠ જમીન પ્રમાણ 1.5 હેકટર છે, જ્યારે અનુસૂચિત જાતિના ખેડૂતો પાસે આ પ્રમાણ 2 હેકટર છે.




## તાલુકાવાર ખાદ્ય પાકો હેઠળનો વિસ્તાર

ડાંગ જિલ્લામાં મુખ્યત્વે કાળી, ગોરાળુ અને રેતાળ પ્રકારની જમીન હોવાથી કેટલાક વિશિષ્ટ પાકોની અનુકુળતા રહેલી છે. જુન થી ઓક્ટોબર સુધીમાં અહી ડાંગર, જુવાર, મકાઇ, નાગલી, વરી, કોદરા અને બરટી જેવા અનાજના પાકો લેવામાં આવે છે. તથા આજ સમયગાળા દરમિયાન અડદ, તુવેર, કુળીત જેવા કઠોળના પાકો અને ખરસાણી, સોયાબી, મગફળી જેવા તેલીબિયાના પાકો લેવામાં

આવે છે. આ ઉપરાંત ઓક્ટોબર થી માર્ચના ગાળામાં કઇક અંશે ચણા, ઘઉ, મસુર, વટાણા વગેરે પાકો લેવામાં આવે છે. આ સિવાય શાકભાજી, મસાલા, શેરડી જેવા પાકો ખૂબ મર્યાદિત પ્રમાણમાં લેવાય છે.

**6.1.2 તાલુકાવાર ખાદ્ય પાકો હેઠળનો વિસ્તાર (હેકટરમાં)**


| ક્રમ | વિગત | આહવા | | સુબીર | | વઘઇ | | કુલ | | કુલ ઉત્પાદન (મે ટન) | | હેકટરદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વિસ્તાર | ટકા | વિસ્તાર | ટકા | વિસ્તાર | ટકા | વિસ્તાર | ટકા | ઉત્પાદન | ટકા | ઉ. ( કિ.ગ્રા) |
| 1 | અનાજ | 12498 | 53.37 | 9878 | 52.04 | 9198 | 42.69 | 31574 | 49.38 | 107512 | 38.42 | 3405 |
| 2 | કઠોળ | 4213 | 17.99 | 3692 | 19.45 | 4232 | 19.64 | 12137 | 18.98 | 13629 | 4.87 | 1123 |
| 3 | શાકભાજી | 1651 | 7.05 | 993 | 5.23 | 2665 | 12.37 | 5309 | 8.30 | 92091 | 32.91 | 17346 |
| 4 | મસાલા | 86 | 0.37 | 65 | 0.34 | 107 | 0.50 | 258 | 0.40 | 5454 | 1.95 | 21140 |
| 5 | ફળ | 1733 | 7.40 | 1200 | 6.32 | 3710 | 17.22 | 6643 | 10.39 | 38747 | 13.85 | 5833 |
| 6 | શેરડી | 85 | 0.36 | 55 | 0.29 | 235 | 1.09 | 375 | 0.59 | 9375 | 3.35 | 25000 |
| 8 | તેલીબીયા | 3050 | 13.02 | 3000 | 15.80 | 1210 | 5.62 | 7260 | 11.35 | 9680 | 3.46 | 1333 |
| 7 | **કુલ ખાદ્ય પાકો** | **23316** | **99.57** | **18883** | **99.48** | **21357** | **99.12** | **63556** | **99.39** | **276488** | **98.80** | **4350** |
| 9 | ફૂલ | 51 | 0.22 | 59 | 0.31 | 79 | 0.37 | 189 | 0.30 | 1653 | 0.59 | 8746 |
| 10 | ઘાસચારા | 50 | 0.21 | 40 | 0.21 | 110 | 0.51 | 200 | 0.31 | 1706 | 0.61 | 8530 |
| 11 | **કુલ અખાદ્ય પાકો** | **101** | **0.43** | **99** | **0.52** | **189** | **0.88** | **389** | **0.61** | **3359** | **1.20** | **8635** |
| 12 | **કુલ** | **23417** | **36.62** | **18982** | **29.68** | **21546** | **33.69** | **63945** | **100.00** | **279847** | **100.00** | **4376** |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ


કોષ્ટક-6.1.2 મુજબ વર્ષ 2018-19 દમિયાન કુલ 63,945 હેકટર વિસ્તારમાં વિવિધ પાકોનુ વાવેતર થયુ છે. જે પૈકી 99.39 ટકા વિસ્તારમાં ખાદ્ય પાકોનુ વાવેતર છે. જ્યારે અખાદ્યપાકોનુ વાવેતર ખૂબ જ મર્યાદિત છે. ત્રણે તાલુકાઓના વાવેતર વિસ્તારમાં ખાસ તફાવત નથી તેમ છતા આહવા તાલુકાનો વાવેતર વિસ્તાર સૌથી વધુ (36.62 ટકા) છે. શાકભાજી અને ફળોનું વાવેતર વઘઇ તાલુકામાં વધુ થાય છે. અન્ય તાલુંકાઓની સરખાયમણીમાં બાગાયતી ખેતી અને

શાકભાજીની ખેતીના વિકાસની શક્યતા વઘઉ તાલુકામાં સૌથી વધુ છે. આ તાલુકામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રને કારણે ખેડૂતોમા આધુનિક ખેતીની જાગૃતતા પણ સાપેક્ષ રીતે વધુ છે. ડાંગ જિલ્લાના બધા જ તાલુકાઓમાં સિંચાઇના અભાવને કારણે શેરડી અને મસાલાના પાકો મર્યાદિત છે. એ જ રીતે અનાજની સરખામણીમાં કઠોળ અને તેલિબીયાના પાકોનુ પ્રમાણ પણ મર્યાદિત જોવા મળે છે. પાણીના અભાવે પશુપાલનની પણ મુશ્કેલી છે. માટે ઘાસચારાનુ વાવેતર વિસ્તાર માત્ર 0.61 ટકા છે. અનાજ, કઠોળ અને તેલિબીયાના વાવેતરમાં આહવા તાલુકાના ગામો મોખરે છે. કુલ વાવેતર વિસ્તાર પૈકી સૌથી અનાજના પાકોનો વાવેતર વિસ્તાર સૌથી વધુ (49.38 ટકા) છે. બીજા ક્રમે કઠોળનુ વાવેતર 18.98 ટકા છે. મુખ્યત્વે દરેક તાલુકાઓમાં અનાજ અને કઠોળ મુખ્ય પાકો છે. અનાજમાં સૌથી વધુ વાવેત વિસ્તાર ડાંગરનુ છે, જે 20400 હેકટર વિસ્તાર ધરાવે છે. ત્યાર પછીના ક્રમે નાગલી 7800 હેકટરમાં અને મકાઇ 2280 હેકટરમાં જોવા મળે છે. કઠોળમાં અડદનો વાવેતર વિસ્તાર સૌથી વધુ(5000 હેકટર) છે. આ ઉપરાંત ચણા અને તુવેરનો વાવેતર પણ નોધપાત્ર છે.

**આલેખ-૬.૧.૩ તાલુકાવાર વાવેતર વિસ્તાર(હે)**




**આલેખ-૬.૧.૪ હેકટરદીઠ ઉત્પાદન(કિ.ગ્રા)**



ડાંગ જિલ્લામાં જે પાકોનો વાવેતર વિસ્તાર સાપેક્ષ રીતે વધુ જે તે પાકોની ઉત્પાદકતા ખૂબ જ નીચી છે. આલેખ-....માં દર્શાવ્યા મુજબ અનાજ, કઠોળ અને તેલિબીયાનો વાવેતર વિસ્તાર સૌથી વધુ છે. પરંતુ આ પાકોની ઉત્પાદકતા શાકભાજી, મસાલા અને શેરડી જેવા પાકો કરતા ખૂબ જ નીચી છે. આમ, ડાંગ જિલ્લાની પાક તરાહ નફાકારક નથી. સિંચાઇના અભાવે એવા પાકો લેવામાં આવી રહ્યા છે. કે જેની ઉત્પાદતા ખૂબ નીચી છે. ખેડૂતોને વધુ મહેનતે ઓછુ ઉત્પાદન મળે છે. સિંચાઇના અભાવે જમીનનો કાર્યક્ષમ અને નફાકારક ઉપયાગ થઇ શકતો નથી તે વાસ્તવિકતા છે. તેથી ડાંગના લોકોનો વાસ્તવમાં વિકાસ કરવો હોય તો સરકાર દ્વારા સિંચાઇની સવલતને પ્રાથમિકતા આપવી અનિવાર્ય છે. જો નર્મદાનું પાણી કચ્છમાં જઇ શકે તો નર્મદા ઉપરાંત તાપી યોજનાઓનુ પાણી ડાંગ જિલ્લામાં પહોંચાડી શકાય તે ન ભૂલવું જોઇએ.

**તાલુકાવાર સિંચિત વિસ્તાર (00 હેકટરમાં)**

ડાંગ જિલ્લાની મોટા ભાગની વસ્તી ખેતી દ્વારા આજીવિકા મેળવે છે. છતા ખેતીનો વિકાસ નહિવત છે. આ માટે મુખ્ય સમસ્યા સિંચાઇના અભાવની છે. જિલ્લાના દરેક તાલુકાઓમાં વરસાદ અન્ય જિલ્લાઓની સરખામણીએ વધારે પડે છે, છતા સંગ્રહ વ્યવસ્થાના અભાવને કારણે પાણીની અછત પણ સૌથી વધુ જોવા મળે છે. સિંચાઇના સ્રોત તરીકે નહેર કે મોટા ડેમોનો સંપૂર્ણ અભાવ છે. ભૌગોલિક પ્રતિકૂળતાને કારણે નાના ચેક ડેમ અને બોરવેલના પ્રયાસો મોટા ભાગે નિષ્ફળ જાય છે. ખેત તળાવડી જેવા પ્રયાસો પણ લાંબાગાળા સુધી પાણી જરુરિયાત પૂરી કરતા નથી. તાજેતરમાં મુખ્યત્વે કુવા, નાના ચેકડેમ, ક્યાક વોરવેલ તો ક્યાક ટૂંકાગાળા માટે નદી-તળાવ સિંચાઇ અંગેના આંશિક સ્રોત છે.


**6.1.3 તાલુકાવાર સિંચિત વિસ્તાર (00 હેકટરમાં)**

| જિલ્લા- | ચોખ્ખો સિંચિત વિસ્તાર | | | | ચો.વા.વિ. | એંકદરે સિંચિત વિસ્તાર | | | | ચો.વા.વિ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકા | નહેર | કુવા | અન્ય | કુલ | સામે ટકા | નહેર | કુવા | અન્ય | કુલ | સામે ટકા |
| આહવા | 0 | 2 | 5 | 7 | 3.28 | 0 | 6 | 9 | 15 | 4.14 |
| સુબીર | 0 | 5 | 28 | 33 | 15.86 | 0 | 29 | 34 | 63 | 20.51 |
| વઘઇ | 0 | 8 | 24 | 32 | 20.04 | 0 | 25 | 34 | 59 | 24.94 |
| કુલ (ડાંગ) | 0 | 15 | 57 | 72 | 12.36 | 0 | 60 | 77 | 137 | 11.54 |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

સમગ્ર જિલ્લામાં ચોખ્ખા વાવેતર વસ્તારની સામે ચોખ્ખો સિંચિત વિસ્તારનું પ્રમાણ માત્ર 12.36 ટકા છે. એક કરતા વધુ વખત સિંચિત વિસ્તાર સહિત એકંદર સિંચિત વિસ્તાર પણ ચોખ્ખા વાવેતર વિસ્તારની સામે માત્ર 11.54 ટકા છે. જિલ્લામાં કુલ સિંચિત વિસ્તાર 13,700 હેકટરની આસપાસ છે. જ્યારે ચોખ્ખો સિંચિત વિસ્તાર 7200 હેકટર છે, એનો અર્થ 6500 હેકટર વિસ્તાર એક થી વધુ વખત સિંતિત વિસ્તાર છે. જિલ્લાના દરેક તાલુકામાં વિવિધ સ્રોતો દ્વારા સિંચિત વિસ્તારની સરખામણી આલેખ-6.1.5.ના આધારે વધુ સ્પષ્ટ થશે.

**આલેખ-૬.૧.૫ તાલુકાવાર સિંચિત વિસ્તાર(હે)**




નદી-તળાવ જેવા ટૂંકાગાળાના સિંચાઇના સ્રોત માત્ર ચોમાસા અને શિયાળા પૂરતા જ ઉપયોગિ થાય છે. કુવા દ્વારા ચોખ્ખો સિચિત વિસ્તાર માત્ર 1500 હેકટરની આસપાસ છે. આલેખ-6.1.5.મા દર્શાવ્યા મુજબ વઘઇ તાલુકામાં કુવા દ્વારા સિંચિત વિસ્તાર સાપેક્ષ રીતે વધુ છે. ચોખ્ખા સિંચિંત વિસ્તારની દ્રષ્ટિએ ત્રણે તાલુકા પૈકી સુબીર તાલુકામાં સિચાઇની સવલત તાજેતરના વર્ષ દરમિયાન વધુ જોવા મળે છે. જિલ્લામાં સિંચાઇના સ્રોત તરીકે આલેખમાં દર્શાવ્યા મુજબ કુવા સિવાય ચેક ડેમ, તળાવ અને સરકારની ઉદવહન સિંચાઇ યોજનાના ટૂંકાગાળાના સ્રોત મહત્વના છે.

### ખેતીક્ષેત્રે યાંત્રિકીકરણ

ડાંગ જિલ્લામાં ખેતીક્ષેત્રે યાંત્રિકીકરણ એક મોટો પડકાર છે. અમુક અપવાદરૂપ વિસ્તારને બાદ કરતા મોટાભાગના વિસ્તારમાં હજુ પણ પરંપરાગત પદ્ધતિથી ખેતી થાય છે. પથરાળ, ઢોળાવવાળી અને ઝાડી-ઝાખરાવાળી જમીન હોવાથી ખેતીમાં યાંત્રિકીકરણની પ્રતિકૂળતા વધુ છે. કઇક અંશે ખેડાણ માટે ટ્રેકટરનો ઉપયોગ વધી રહ્યો છે. આ સિવાયના થ્રેસર જેવા મોટા યંત્રો ઉપયોગ શક્ય બન્યો નથી. એ જ રીતે સિંચાઇ માટે પણ ખાસ આધુનિક પદ્ધતિનો ઉપયોગ હજુ શક્ય બન્યુ નથી. આ માટે ખેડૂતોની આર્થિક અશક્ષમતા, સિંચાઇનો અભાવ, નાના ખેડાણ ઘટકો અને પથરાળ, ઢોળાવવાળી તેમજ ઝાડી-ઝાખરાવાળી જમીન વગેરે કારણો જવાબદાર છે. ડાંગ જિલ્લા પંચાયતના વાર્ષિક અહેવાલ 2017-18 મુજબ સમગ્ર ડાંગ જિલ્લામાં 2,572 ઓઇલ એંજીન, 612 ઇલેકટ્રીક મોટર અને 265 ટ્રેકટર વગેરે યંત્રોનો ઉપયોગ થાય છે.

### બજાર વ્યવસ્થા

જિલ્લામાં ખેત પેદાશોના વેચાણ માટે કોઇ ખાસ સરકારી, સહકારી કે ખાનગી બજારની વ્યવસ્થા નથી. વઘઇ તાલુકામાં એક ખેત ઉત્પાદન બજાર સમિતિ સિવાય અન્ય તાલુકામાં કોઇ સંગઠિત બજાર

માળખું નથી. જિલ્લાના મોટાભાગના ગામોમાં પરંપરાગત રીતે અઠવાડિક હાટ બજાર ભરાય છે. જેમાં તમામ પ્રકારની વસ્તુ કે સેવાનુ ખરીદ વેચાણ થાય છે. ખેત પેદાશો પણ આ હાટ બજારમાં સ્થાનિક વેપારીઓને જથ્થાબંધ અથવા છૂટક રીતે ખેડૂતો વેચાણ કરે છે. જેમા અનિયંત્રિત ભાવ તાલ, તોલ માપ માં બેદરકારી વગેરેના કારણે ખેડૂતોનુ શોષણ થાય છે. તેથી ખેડૂતો તેમની પેદાશોના યોગ્ય ભાવ મળી રહે તે માટે સરકાર દ્વારા યોગ્ય બજાર વ્યવસ્થા વિકસાવવાની અનિવાર્ય જરૂરિયાત છે.

**તાલુકાવાર પશુધન**


ગ્રામીણ વિસ્તારમાં ખેતી પછીનો મહત્વનો વ્યસાય પશુપાલન છે. ડાંગ જિલ્લામાં પશુપાલન કરવું જુની પરંપરા રહી છે. પશુઓની જાત તેમજ તેની સારસંભાળની રીત પણ પરંપરાગત છે. દેશી ગાય, ભેંસ, બકરા, મરઘા વગેરે મુખ્ય પશુઓનો સમાવેશ થાય છે. પશુઓને જંગલમાં ચરાવવા જવાની પરંપરા રહી છે. સામાન્ય રીતે આ પશુપાલન દૂધ વેચાણ કે નફા માટે નહી પરંતુ શોખ અને ગોસેવાના નામ થાય છે. ડાંગમાં જંગલ પરના નિયંત્રણો વધવાને કારણે દેશી પશુઓનુ પ્રમાણ ઘટતું ગયું. પશુઓમાં શંકરીકરણ થયુ અને પશુપાલનને નફાકારક વ્યવસાય તરીકે વિકસાવવાની મથામણમાં દેશી પશુઓનું પ્રમાણ સાવ ઘટી ગયું. સાથે સાથે શંકરીકરણ કરેલ પશુઓ પાણીના અભાવે અને ભૌગોલિક પ્રતિકૂળતાને કારણે ધાર્યા પ્રમાણમાં વિકસાવી શકાયુ નહી.

**6.1.4** તાલુકાવાર પશુધન- (પશુ વસ્તી ગણતરી-2012)

| ક્રમ | વિગત | આહવા | સુબીર | વઘઇ | કુલ(ડાંગ) |
|---|---|---|---|---|---|
| 1 | ગાય(દેશી+શંકર) | અપ્રાપ્ય | | | 78160 |
| 2 | ભેંસ | | | | 24767 |
| 3 | ઘેટા -બકરા | | | | 29574 |
| 4 | ઘોડા-ટટ્ટુ | | | | 20 |
| 5 | ડૂક્કર | | | | 462 |
| 6 | ઊંટ | | | | 11 |
| 7 | ગધેડા-ખચ્ચર | | | | 18 |
| 8 | કુલ | | | | 133012 |
| 9 | દૂધ સહકારી મંડળીઓની સંખ્યા | 100 | 79 | 96 | 275 |
| 10 | દૂધ ભરતા સભ્યોની સંખ્યા | 3281 | 2519 | 4521 | 10321 |
| 11 | વાર્ષિક દૂધ ઉત્પાદન (લિટરમાં) | 5853392 | 2530498 | 7362994 | 15746884 |
| 12 | સભ્યદિઠ દૂધનુ પ્રમાણ | 1784.03 | 1004.56 | 1628.62 | 1525.71 |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ.

આલેખ-૬.૧.૬ વાર્ષિક દૂધ ઉત્પાદન (લિટરમાં)




સમગ્ર ડાંગ જિલ્લામાં 2012ની પશુવસ્તી ગણતરી મુજબ માત્ર 78160 ગાયો અને 24767 ભેસો છે. ઘેટા અપવાદરૂપ જોવા મળે છે જ્યારે બકરાની સંખ્યા નોંધપાત્ર છે. ઘોડા-ટટ્ટુ, ઊંટ સાપુતારામાં પ્રવાસી લોકોના મનોજંનના વ્યવસાય પુરતા મર્યાદિત છે. ડૂક્કરની સંખ્યા મુખ્યત્વે આહવામાં મહારાષ્ટ્રથી આવેલ સમુદાયોની માલિકીના છે. એ જ રીતે ડાંગ જિલ્લામાં ગધેડાનુ પાલન અન્ય રાજ્યોમાંથી આવેલ લોકો દ્વારા થાય છે, સ્થાનિક લોકો દ્વારા નહી. સહકારી ધોરણે ડેરી ઉદ્યોગ પ્રચલિત બનતા આધુનિક ઢબે પૂનઃ પશુપાલન જીવંત થઇ રહ્યો છે. સમગ્ર જિલ્લામાં 275 સહકારી દૂધ મંડળીઓ છે. જે પૈકી આહવા તાલુકામાં સૌથી વધુ. આ દૂધ મંડળીઓ સાથે લગભગ 10,321 ખેડૂતો સંકળાયેલા છે. ડાંગની વસ્તીની સરખામણીએ આ પ્રમાણ ખૂબ ઓછુ કહી શકાય. સમગ્ર જિલ્લામાં સરેરાશ દૂધ ઉત્પાદન 1526 છે. કુલ ઉત્પાદન અને સરેરાશ દૂધ ઉત્પાદનની દ્રષ્ટિએ પણ આહવા તાલુકાના ગામો મોખરે છે.

**મરઘા-બતકા અને મત્સ્ય ઉદ્યોગ**

સમગ્ર ડાંગ જિલ્લામાં પશુવસ્તી ગણતરી 2012 મુજબ કુલ 19,3452 મરઘા-બતકાનુ પ્રમાણ હતુ. ડાંગ જિલ્લામાં વ્યાયિક ધોરણે મરઘા ઉછેર થતો નથી. એટલે અહિ કોઇ મરઘા ઉછેર કેન્દ્રો નથી. પરંતુ લોકો સ્વવપરાશ અને કેટલીક ધાર્મિક વિધીઓ માટે જરૂરીયાત મુજબ પોતાના ઘરે જ દેશી મરઘાઓ પાળે છે. આ મરઘાઓ આજુબાજુના ખેતરોમાં પોતાની મેળે દાણા ચણીને જીવે છે, તેમના પાલન માટે કોઇ ખાસ વ્યવસ્તા કે ખર્ચ કરવામાં આવતો નથી. આમ, ડાંગમાં મરઘા પાલન વ્યવસાય નથી. પરંતુ તાજેતરમાં દેશી મરઘાઓની માંગ વધતા વ્યવસાયિક ધોરણે વિકસવાની ખૂબ સંભાવના રહેલી છે. ડાંગ જિલ્લામાં પાણીનો અભાવ હોવાથી અને મોટા ડેમ કે તળાવના અભાવને કારણે મત્સ્ય ઉદ્યોગ વિકસ્યો નથી.

**વનપેદાશો**

ડાંગ એક જંગલ પ્રદેશ છે. જિલ્લામાં જમીનનો કુલ વિસ્તાર 1,76,601 હેકટર છે. જે પૈકી 58.59 ટકા જંગલ વિસ્તાર અને માત્ર 32.75 ટકા એટલે કે 57843 હેકટર ચોખ્ખો વાવેતર વિસ્તાર છે. જિલ્લાની 94 ટકાથી વધુ વસ્તી આદિવાસી છે, જેમને જંગલ સાથે આર્થિક, સામાજિક અને ધાર્મિક રીતે વિશિષ્ટ સંબંધ છે. સ્થાનિક આદિવાસીઓની મોટા પ્રમાણમાં જરૂરિયાતો જંગલ આધારિત છે. જેમ કે ઘર બનાવવા લાકડૂ, બળતણ, ખેતીના સાધનો, વાસંની બનાવટો, ઢોર ચરાવવા અને કેટલાંક આદિવાસીઓ જંગલ જનીનમાં પરંપરાગત રીતે ખેતી પણ કરે છે. ઇમારતી લાકડૂં ઉપરાંત બળતણ, ટીમરુંના પાન, વાંસ અને મહુડાના ફૂલ તથા ડોળી જેવી ગૌણ વન પેદાશો સ્થાનિક લોકો માટે જરૂરિયાત અને આર્થિક ઉપાર્જનના સાધનો છે.


**કોષ્ટક-6.1.5 મુખ્ય જંગલ પેદાશોનુ ઉત્પાદન અને મૂલ્ય**

| વર્ષ | ઇમારતી લાકડૂં (00 ઘન મી) | બળતણ (00 મે.ટન) | મૂલ્ય (રૂ.000) |
|---|---|---|---|
| 2001-02 | 68.41 | 64.4 | 122724.49 |
| 2010-11 | 23.57 | 64.26 | 84858.00 |
| 2018-19 | 47.38 | 23.09 | 306378.08 |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

ઇમારતી લાકડા અન બળતણ નો પૂરવઠો વર્ષ 2001-2 બાદ ઘટયો છે. ઇમારતી લાંકડાનું ઉત્પાદન વર્ષ 2018-19 દરમિયાન વધ્યુ છે જ્યારે બળતણમાં સતત ઘટાડો નોંધાયો છે. ઇમારતી લાકડૂં અને બળતણનું કુલ મૂલ્ય 2010-11 બાદ સતત વધ્યુ છે જે અંગેની સ્થિતિ આલેખ પરથી વધુ સ્પષ્ટ થઇ શકશે.


**આલેખ-૬.૧.૭ જંગલ પેદાશોનુ મૂલ્ય(રૂ.)**




**ડાંગ જિલ્લામાં વન અધિકાર કાયદાની સ્થિતિ -**


ગુજરાતમાં વન અધિકાર કાયદાનાં અમલીકરણની સાથે જ ડાંગ જિલ્લામાં પણ ૨૦૦૮થી આ કાયદાનાં અમલીકરણની પ્રક્રિયા શરૂ થઇ હતી. વન અધિકાર કાયદો-૨૦૦૬, ડાંગ જિલ્લાના કુલ ૩૧૧ ગામોમાં અમલી બનેલ છે. જિલ્લામાં મુખ્યત્વે નાયબ પ્રાયોજના વહીવટદારની કચેરી આહવા-ડાંગ તથા ૩૧૧ વન અધિકાર સમિતિઓ મારફત આ કાયદાની પ્રક્રિયા વેગવંત છે. ગુજરાતમાં ડાંગ સૌથી વધુ આદિવાસી વસ્તીની ટકાવારી ધરાવતો અને કુલ ભૌગોલિક વિસ્તારનાં સૌથી વધુ જંગલ વિસ્તારની ટકાવારી ધરાવતો જિલ્લો છે. જિલ્લાનો ૭૬ ટકા ભૌગોલિક વિસ્તાર જંગલ પ્રદેશ છે. મોટાભાગની આદિવાસી વસ્તી પરંપરાગત રીતે જંગલસંપત્તિ પર નિર્ભર છે. તેથી વન અધિકાર કાયદાનું અમલીકરણ ડાંગ જિલ્લામાં સૌથી વધુ અસરકારક અને લાભદાયી નીવડી શકે તેમ છે. આ કાયદા અન્વયે વ્યક્તિગત અને સામુદાયિક એમ બે પ્રકારના પરંપરાગત ભોગવટાના અધિકાર પ્રાપ્ત થાય છે. વ્યકિતગત અધિકાર હેઠળ શરતોને આધિન કબજાની જંગલ જમીનની માલીકી મળે છે. સામુદાયિક અધિકાર હેઠળ સામૂહિક જરૂરિયાતની જંગલ જમીનનો અધિકાર મળે છે.

### જિલ્લામાં વ્યક્તિગત અધિકારોની સ્થિતિ




કાયદાનાં અમલીકરણનાં શરૂઆતના વર્ષો દરમ્યાન કાયદા અંગેની જાણકારીનાં અભાવે, અધૂરી વિગતવાળા દાવાઓ, અપૂરતા પુરાવા, જમીનના નકશા કે પ્રતિવાદીનો જવાબ આપવામાં વિલંબ વગેરે કારણોસર મંજૂર દાવાઓનું પ્રમાણ ૨ ટકા કરતા પણ ઓછું હતું. જ્યારે પડતર અને પ્રક્રિયા હેઠળના દાવાઓનું પ્રમાણ ખૂબ જ ઊંચુ હતું. (આલેખ-૬.૪)

વર્ષ ૨૦૧૨ પછી એટલે કે છેલ્લા ત્રણ વર્ષો દરમ્યાન મંજૂર દાવાઓનાં પ્રમાણમાં વધારો થયો છે. ખાસ કરીને ૨૦૧૪ના વર્ષમાં મંજૂર દાવાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. કુલ દાવા પૈકી મંજૂર દાવાઓના પ્રમાણમાં જેમ જેમ વધારો થતો જાય છે, તેમ તેમ પડતર/પ્રક્રિયા હેઠળના દાવાઓમાં ઘટાડો થયો છે.(આલેખ-૬.૪).





- કાયદાના અમલીકરણકાળ દરમ્યાન જિલ્લામાં નામંજૂર વ્યક્તિગત દાવાઓનું પ્રમાણ નહિવત્ છે જે સારી વાત છે. પરંતુ હજુ સુધી ૮૦ ટકા દાવા અનિર્ણીત છે. તે સૌથી ચિંતાજનક બાબત અને કાયદાનાં બિનકાર્યક્ષમ અમલને સૂચિત કરે છે.
- કાયદાની જોગવાઇઓ મુજબ દરેક દાવેદારને કબજા હેઠળની જમીન પૈકી વધુમાં વધુ ચાર હેક્ટર જમીન મળી શકે છે. તે મુજબ બધા જ દાવેદારોને ૪ હેક્ટર જમીન ભલે ન મળે પણ જો અડધા ભાગનાં દાવેદારોને ૪ હેક્ટર જમીન મંજૂર થાય તો (કુલ મંજૂર દાવા ૧,૪૬,૧ / ૨ = ૭૩૦ ને ૪ હેક્ટર જમીન આપતાં ૭૩૦ X ૪ = ૨,૯૨૦) કુલ ૨,૯૨૦ હેક્ટર જમીન મંજૂર કરવી પડે. પરંતુ વાસ્તવમાં અત્યાર સુધીમાં કુલ મંજૂર દાવાઓ સામે માત્ર ૯૨૮.૮ હેક્ટર જમીન મંજૂર થઇ છે.
- ઇ.સ. ૨૦૧૦ અને ૨૦૧૧ દરમ્યાન મંજૂર દાવાઓનું પ્રમાણ સાપેક્ષ રીતે ઓછું હતું. તેની સામે મંજૂર દાવાદીઠ સવા હેક્ટરની આસપાસ જમીન મંજૂર થઇ હતી. પરંતુ છેલ્લા ત્રણ વર્ષો દરમ્યાન મંજૂર દાવાદીઠ એક હેક્ટર કરતા પણ ઓછી જમીન મંજૂર થઇ છે. અર્થાત મોટાભાગનાં કુટુંબોને એક હેક્ટર કરતા પણ ઓછી જમીન મળી છે **(આલેખ-૬.૫)**. એનો અર્થ એમ કરી શકાય કે,

જંગલજમીનનાં દાવેદારોને માત્ર દાવા મંજૂર કરીને જ ખુશ રાખવાનાં પ્રયત્નો થયા છે. વાસ્તવમાં પોતાનાં કબજા હેઠળની જમીન પણ પૂરેપુરી મંજૂર થઇ નથી.

**કોષ્ટક-6.1.6 વન અધિકાર કાયદા હેઠળ આપેલ જમીન (વર્ષ 2017-18 અંતિત)**


| તાલુકા | લાભાર્થીઓ | ટકા | આપેલ જમીન(હે) | ટકા | સરેરાશ જમીન |
|---|---|---|---|---|---|
| આહવા | 975 | 30.88 | 947 | 25.64 | 0.97 |
| સુબીર | 816 | 25.85 | 1252 | 33.90 | 1.53 |
| વઘઇ | 1366 | 43.27 | 1494 | 40.45 | 1.09 |
| કુલ | 3157 | 100.00 | 3693 | 100.00 | 1.17 |

સ્રોત-સામાજિક-આર્થિક સમીક્ષા, ડાંગ-2017-18




વર્ષ 2017-18ના અંતે વ્યક્તિગત અધિકારોના લાભાર્થીઓની સંખ્યા 3,157 થઇ છે, અને તેમને આપેલ જમીનનું પ્રમાણ 3,693 હેક્ટર છે. આ પ્રમાણ જોતા કહી શકાય કે વ્યક્તિગત અધિકારોના લાભાર્થીઓની સંખ્યામા વધારો થયો છે. પરંતુ તેમને મળવાપાત્ર સરેરાશ જમીનના પ્રમાણમા કોઇ ખાસ ફેરફાર જણાયો નથી. સમગ્ર જિલ્લામાં મળવાપાત્ર સરેરાશ જમીનનું પ્રમાણ 1.17 હેક્ટર છે. ત્રણે તાલુકા પૈકી સુબીર તાલુકામાં સરેરાશ જમીન પ્રમાણ સૌથી વધુ 1.53 હેક્ટર છે. જ્યારે આહવા તાલુકાના ગામોમાં આ પ્રમાણ માત્ર 0.97 હેક્ટર છે.

**જિલ્લામાં સામુદાયિક વન અધિકારોની સ્થિતિ**




ડાંગ જિલ્લામાં સામુદાયિક દાવાનાં સંદર્ભમાં ચિંતાજનક બાબત એ છે કે, મોટાભાગની પ્રજા જંગલસંપત્તિ પર આધારિત હોવા છતાં માત્ર ૬૨૬ કુલ સામુદાયિક દાવાઓ વન અધિકાર સમિતિને મળ્યા છે. ૩૧૧ ગામોના સંદર્ભે ગામદીઠ માત્ર

બે દાવા પ્રાપ્ત થયા છે. વાસ્તવમાં ઢોરચરાણ, ગૌણવનપેદાશ, વનવિકાસ, બળતણનાં લાકડા મેળવવા જેવા વિવિધ હેતુસર જંગલસંપત્તિનો ઉપયોગ થતો હોવાથી ગામદીઠ ઓછામાં ઓછા ચારથી પાંચ દાવાઓ હોવા જોઇએ. ધાર્યા કરતા ઓછા દાવા પ્રાપ્ત થવાનું કારણ કાયદા અંગેની લોકજાગૃતિ અને માર્ગદર્શનનો અભાવ છે. જે કાયદાના બિનકાર્યક્ષમ અમલીકરણનો નિર્દેશ કરે છે.

આમ, સમગ્ર સ્થિતિ જોતા ટૂંકમાં કહી શકાય કે, ગુજરાત અને ડાંગ જિલ્લામાં જે તે વન અધિકાર સમિતિઓને મળેલ કુલ દાવાઓ પૈકી માન્યદાવાઓની ટકાવારી ખુબ જ નીચી જણાય છે. તથા જે દાવાઓ માન્ય થયા છે તે સામે જંગલજમીન પણ ઓછી મંજૂર થયેલ છે. ઉપરાંત આ સમગ્ર સ્થિતમાં છ વર્ષાન્તે પણ સંતોષજનક પ્રગતિ જણાઇ નથી. રાજ્યના જિલ્લાઓ વચ્ચે માન્યદાવા અને મંજૂર જમીન સંદર્ભે ઊંચી અસમાનતા જોવા મળે છે. સંપૂર્ણ રીતે આદિવાસી જંગલ વિસ્તાર તરીકે ઓળખાતા ડાંગ જિલ્લામાં પણ કાયદાનાં અમલીકરણની પ્રગતિ સાપેક્ષ રીતે ખુબ જ નબળી છે.

**કૃષિક્ષેત્રે વસ્તીનું વ્યાવસાયિક વર્ગીકરણ**

સંપૂર્ણ શહેરીકરણના ગુણધર્મો ધરાવતા શહેરો ડાંગ જિલ્લામાં નથી. સમગ્ર જિલ્લો ગ્રામીણક્ષેત્રની લાક્ષણિકતા ધરાવે છે. જિલ્લામાં ઔદ્યોગીકરણનો પણ અભાવ છે. જિલ્લાની મોટા ભાગની શ્રમશક્તિ ખેત અને તેને આનુષંગિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે. જિલ્લામાં કુલ કામ કરતી વસ્તીનું પ્રમાણ 1,18,257 છે. એટલે કે કુલ વસ્તીના 51.80 ટકા શ્રમશક્તિ છે. જે પૈકી કૃષિક્ષેત્રે પ્રત્યક્ષ રીતે જોડાયેલ શ્રમશક્તિનુ પ્રમાણ કોષ્ટક-6.1.7.મુજબ સમજી શકાશે.


**કોષ્ટક-6.1.7 કૃષિક્ષેત્રે વસ્તીનું વસ્તીનું વ્યાવસાયિક વર્ગીકરણ**

| ક્રમ | વિગત | આહવા | સુબીર | વઘઇ | કુલ(ડાંગ) |
|---|---|---|---|---|---|
| 1 | **ખેડૂતો** | 24995 | 18481 | 21085 | **64561** |
| | **(ટકા)** | (51.30 | (62.79) | (52.58) | **(54.59)** |
| 2 | ખેત મજુરો | 16708 | 9331 | 14447 | **40486** |
| | (ટકા) | (34.29) | (31.70) | (36.03) | **(34.24)** |
| 3 | ગૃહ ઉદ્યોગના કામદારો | 278 | 225 | 669 | **1172** |
| | (ટકા) | (0.57) | (0.76) | (1.67) | **(0.99)** |
| 4 | અન્ય કામદારો | 6740 | 1397 | 3901 | **12038** |
| | (ટકા) | (13.83) | (4.75) | (9.73) | **(10.18)** |
| | કુલ | **48721** | **29434** | **40102** | **118257** |
| 5 | (ટકા) | (100) | (100) | (100) | (100) |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

સમગ્ર જિલ્લામાં કુલ શ્રમશક્તિ પૈકી 54.59 ટકા ખેડૂતો અને 34.24 ટકા ખેત મજુરો મળીને કુલ ૪૪.૪૩ ટકા કામ કરતી વસ્તી ખેતી પર નિરભર છે. એનો અર્થ સમગ્ર જિલ્લાની વસ્તીની આજીવિકા ખેતીક્ષેત્ર પર નિરભર છે. જિલ્લામાં કુલ શ્રમશક્તિ પૈકી ખેડૂતોનુ પ્રમામ સૌથી વધુ છે. ત્યાર પછીના ક્રમે ખેત મજુરી છે. એનો અર્થ જિલ્લામાં રોજગારીનો અન્ય વિકલ્પ ન હોવાથી લોકો ખેત મજુરી તરફ વળી રહ્યા છે. ખેત મજુર તરીકે ડાંગના લોકો મહારાષ્ટ્ર, વલસાડ, બારડોલી અને અન્ય જિલ્લામાં સ્થળાંતર કરે છે. જિલ્લાના ત્રણે તાલુકા પૈકી 41 ટકા શ્રમશક્તિ આહવા તાલુકામાં છે જ્યારે સૌથી ઓછી 25 ટકા સુબીર તાલુકામાં છે. ખાસ કરીને વઘઇ તાલુકામાં ખેડૂતો અને ખેત મજુરોના પ્રમાણ વચ્ચેનો માત્ર સાડા છ હજાર શ્રમિકોનો જ તફાવત છે. વઘઇ તાલુકામાં 53 ટકા ખેડૂતોની સામે 36 ટકા ખેતમજુરો છે.

**આલેખ-૬.૧.૧૨ વસ્તીનુ વ્યાવસાયિક વર્ગીકરણ**




## 6.2 દ્વિતીય ક્ષેત્ર

ગુજરાત રાજ્યના અર્થતંત્રમાં દ્વિતીય ક્ષેત્ર મહત્વનુ ક્ષેત્ર છે. ડાંગ જિલ્લામાં આ ક્ષેત્રની ભૂમિકા નહિવત છે. જિલ્લામાં કોઇ જી.આઇ.ડી.સી. નથી. કે કોઇ મોટા કે મધ્યમ કદના ઉદ્યોગો પણ નથી. સ્થાનિક જંગલ પેદાશોની ઉપલબ્ધતા જોતા આ જિલ્લામાં નાના પાયાના અને ગૃહ ઉદ્યોગોના વિકાસની ખૂબ સંભાવના રહેલી છે. યોગ્ય માર્ગદર્શન, આર્થિક પ્રોત્સાહન અને બજારના સંપર્કના અભાવે આ દિશામાં પ્રગતિ થઇ શકી નથી. કેટલાંક મંદ ગતિએ ચાલતા નાના અને ગૃહ ઉદ્યોગો એની સાક્ષી પૂરે છે. જેની વિગત નીચે મુજબ છે.

**કોષ્ટક-6.2.1** જિલ્લામાં નાના પાયાના ઉદ્યોગોનુ પ્રમાણ

| ક્રમ | ઉદ્યોગ જુથ | આહવા | સુબીર | વઘઇ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ઉત્પાદન પ્રવૃત્તિ | | | | 4 |
| 2 | બાંધકામ | | | | 1 |
| 3 | આવાસ અને ખાદ્ય વસ્તુની સેવાકીય પ્રવૃત્તિ | | | | 3 |
| 4 | વ્યાવસાયિક અને તક્નિકી પ્રવૃત્તિઓ | | અપ્રાપ્ય | | 2 |
| 5 | શિક્ષણ | | | | 1 |
| 6 | અન્ય સેવાકીય | | | | 3 |
| 7 | કુલ | | | | 14 |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

વિવિધ ક્ષેત્રે જિલ્લામાં માત્ર 14 એકમોની માહિતી મળે છે. જે પૈકી ઉત્પાદકીય પ્રવૃત્તિમાં 4 એકમો છે, એ સિવાયના અન્ય ક્ષેત્રો એનાથી ઓછા એકમો છે.

**ખાણ-ખનીજ**


જિલ્લામાં અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદીઓ છે. જેમાંથી સાદી રેતી પ્રાપ્ત થાય છે. પથરાળ જમીનને કારણે કાળા પથ્થર મળે છે સામાન્ય માટી મળે છે. આ સિવાય અન્ય ખનીજોનો અભાવ છે. મળવાપાત્ર ખનીજ વસ્તુ આધારિત ઉદ્યોગોની વિકાસની સંભાવના રહેલી છે.

**કોષ્ટક-6.2.2 ગૌણ ખનીજ પેદાશ (ઉત્પાદન મેટ્રીક ટનમાં અને મૂલ્ય રૂ.માં)**

| ખનીજ | 2014-15 | | 2015-16 | | 2016-17 | | 2017-18 | | 2018-19 | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઉત્પાદન | મૂલ્ય | ઉત્પાદન | મૂલ્ય | ઉત્પાદન | મૂલ્ય | ઉત્પાદન | મૂલ્ય | ઉત્પાદન | મૂલ્ય |
| સાદી રેતી | 5810 | 69720 | 1450 | 17400 | 5150 | 154500 | 1000 | 75000 | 2500 | 1560 |
| લાઇમ સ્ટોન | 700 | 21000 | 1300 | 39000 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| સામાન્ય માટી | 200 | 2400 | 300 | 3600 | 0 | 0 | 5000 | 232000 | 0 | 0 |
| કુલ | 6710 | 93120 | 3050 | 60000 | 5150 | 154500 | 6000 | 307000 | 2500 | 1560 |


સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

રેતી, પથ્થર અને માટીની રોયલ્ટીનુ મૂલ્ય છેલ્લા પાંચ વર્ષ દરમિયાન મોટા ફેરફારો ધરાવે છે. વર્ષ 2017-18 સુધી કુલ ખનિજ સંપત્તિના મૂલ્યમાં વધારો જણાયો છે. ત્યાર પછીના વર્ષ 2018-19 દમિયાન નહીવત થઇ ગયુ છે. માત્ર રેતી સિવાય અન્ય ખનીજનું ઉત્પાદન થયુ નથી. આર્થિક ગણતરી 2012 અનુસાર જિલ્લામાં ખાણ ખનન અને ઉત્પાદકીય પ્રવૃત્તિઓમાંથી લગભગ 1524 વ્યકિતઓ રોજગારી મેળવે છે.





**સહકારી પ્રવૃત્તિઓ**

ડાંગ જિલ્લામાં સહકારી પ્રવૃત્તિઓ અસરકારક સાબિત થઇ રહી છે. સમગ્ર જિલ્લામાં વિવિધ ક્ષેત્રની કુલ 762 મંડળીઓ સાથે કુલ 59,261 સભ્યો જોડાયેલા છે. કુલ સહકારી મંડળોઓ પૈકી સૌથી વધુ 37.66 ટકા મંડળીઓ આહવા તાલુકાના ગામોમાં છે. જિલ્લાની કુલ મંડળીઓ પૈકી 32.55 ટકા મંડળીઓ સહકારી દૂધ મંડળીઓ છે, જ્યારે 32.30 ટકા વૃક્ષ ઉછેર મંડળીઓ છે. જિલ્લામાં મંડળીદીઠ 78 સભ્યો છે. મંડળીદીઠ સભ્ય સંખ્યાની દ્રષ્ટિએ સુબીર તાલુકો મોખરે છે. જેમાં આ પ્રમાણ 97 સભ્યોનુ છે. મંડળીઓ સાથે સંકળાયેલા



કુલ સભ્યો પૈકી સૌથી વધુ સભ્યો જંગલ કામદાર મંડળીઓમાં જોવા મળે છે. વઘઇ અને આહવા તાલુકાની જંગલ કામદાર મંડળીઓમાં સૌથી વધુ લોકો પ્રવૃત છે. જંગલ સહકારી મંડળીઓ, દૂધ સહકારી મંડળીઓ અને પ્રાથમિક ખેત ધિરાણ મંડળીઓ આ ત્રણ પ્રકારની મંડળીઓમાં સૌથી વધુ લોકો કામ કરી રહ્યા છે. સહકારી ધોરણે રોજગારીની દ્રષ્ટિએ આ ત્રણે પ્રકારની મંડળીઓ ડાંગ જિલ્લામાં સૌથી મહત્વની સાબીત થઇ છે. તેથી સરકારી અને બિન સરકારી સંસ્થાઓએ આ ક્ષેત્રમાં વધુ પ્રોત્સાહક પગલા લેવાની જરૂર જણાય છે.

**આલેખ- 6.2.3 વિવિધ સહકારી મંડળીઓની સભ્ય સંખ્યા દર્શાવતો આલેખ**





સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

## ઔદ્યોગિકક્ષેત્રે વસ્તીનું વ્યાવસાયિક વર્ગીકરણ

જિલ્લાની કુલ શ્રમશક્તિ પૈકી ઔદ્યોગિક ક્ષેત્રમાં જોડાયેલ શ્રમશક્તિનું પ્રમાણ ઓછુ છે. કારણ કે ડાંગમાં ઉદ્યોગોનો અભાવ છે. માત્ર ગૃહ ઉદ્યોગની પ્રવૃત્તિઓ ચાલે છે, જેમાં માત્ર 0.99 ટકા જ શ્રમશક્તિ સંકળાયેલી છે.

**આલેખ ૬.૨.૪ વસ્તીનુ વ્યાવસાયિક વર્ગીકરણ**



### 6.3 તૃતીય ક્ષેત્ર


પ્રાકૃતિક જીવનશૈલી ધરાવનાર ડાંગી આદિવાસીઓને વનપેદાશો અને ખેતી સિવાય અન્ય આર્થિક પ્રવૃત્તિઓમાં રૂચી ઓછી હોય છે. વેપાર, ધંધા અને સેવાકીય પ્રવૃત્તિઓ સ્થાનિક આદિવાસી વસ્તી ખૂબ ઓછા પ્રમાણમાં જોડાય છે. છેલ્લા બે દાયકાથી શિક્ષણ અને બિનઆદિવાસી સમાજ સાથેના સંપર્કને કારણે યુવા વર્ગ કેટલીક બિનકૃષિલક્ષી પ્રવૃત્તિઓમાં જોડાઇ રહ્યો છે. જેમ કે કેશ કર્તન, મોબાઇલ રીપેરિંગ, ટાઇપીંગ, રેડિયો-ટી.વી. રીપેરીંગ, બાંધકામ, બેન્ડ પાર્ટી, મંડપ ડેકોરેશન, ખાનગી પરિવહન, રમત, કળા-કૌશલ્ય અને સરકારી વહીવટી અને સેવા ક્ષેત્રમાં શરૂઆત કરી રહ્યા છે. તેમાં છતા આ ક્ષેત્રે હજુ પણ પ્રમાણમાં મર્યાદિત શ્રમશક્તિ સંકળાયેલ છે.

**તૃતીયક્ષેત્રની વિવિધ પ્રવૃત્તિમાં કામદારોની સંખ્યા( આર્થિંગ ગણતરી-2012)**

| ક્રમ | પ્રવૃત્તિ | સવેતન કામદાર વિનાના એકમોમાં | એક સવેતન કામદારવાળા એકમોમાં | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| 1 | વીજળી, ગેસ, વરાળ અને વાતાલુંકુલિત પુરા પાડવા | 1 | 49 | 50 | 0.59 |
| 2 | પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, કચરા નિકાલ વ્યવસ્થા અને સંબંધિત પ્રવૃત્તિ | 2 | 45 | 47 | 0.55 |
| 3 | બાંધકામ | 175 | 21 | 196 | 2.31 |
| 4 | જથ્થાબંધ, છૂટક વેપાર અને તેનુ મરામત | 1423 | 766 | 2189 | 25.78 |
| 5 | પરિવહન અને સંદેશ સેવાઓ | 196 | 285 | 481 | 5.67 |
| 6 | રહેવા અને ખાનપાન સંબંધિ પ્રવૃત્તિ | 330 | 896 | 1226 | 14.44 |
| 7 | માહિતી અને પ્રસારણ | 21 | 14 | 35 | 0.41 |
| 8 | નાણાકીય અને વિમા વિષયક પ્રવૃત્તિ | 2 | 82 | 84 | 0.99 |
| 9 | સ્થાવર મિલકતને લગતી પ્રવૃત્તિ | 1 | 0 | 1 | 0.01 |
| 10 | વ્યાવસાયિક, વૈજ્ઞાનિક અને તાંત્રિક પ્રવૃત્તિ | 14 | 49 | 63 | 0.74 |
| 11 | વહીવટી અને મદદરૂપ સેવા પ્રવૃત્તિ | 24 | 9 | 33 | 0.39 |
| 12 | શિક્ષણ | 3 | 2491 | 2494 | 29.38 |
| 13 | માનવ આરોગ્ય અને સામાજિક કાર્યની પ્રવૃત્તિ | 24 | 876 | 900 | 10.60 |
| 14 | કલા, મનોરંજન, રમતો અને આનંદ પ્રમોદક પ્રવૃત્તિ | 2 | 41 | 43 | 0.51 |
| 15 | અન્ય અવર્ગીકૃત સેવાકીય પ્રવૃત્તિ | 582 | 66 | 648 | 7.63 |
| 16 | કુલ | **2800** | **5690** | **8490** | 100 |

સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ


**વિવિધ આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળાયે કામદારોની ટકાવારી**




ઉપરોક્ત કોષ્ટક અને આલેખ જોતા સ્પષ્ટ થાય છે કે, જિલ્લાની 1.18 લાખની શ્રમશક્તિ પૈકી માત્ર 8,490 શ્રમિકો જ વેપાર-ધંધા અને સેવાકીય આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. કુલ કામદારો પૈકી સૌથી વધુ (29.38 ટકા)શ્રમિકો શિક્ષણલક્ષી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. ત્યાર પછીના ક્રમે જથ્થાબંધ તેમજ છૂટક વેપારી પ્રવૃત્તિ સાથે 25.78 ટકા શ્રમિકો અને ખાનપાન સંબંધી પ્રવૃત્તિ સાથે 14.44 ટકા શ્રમિકો સંકળાયેલા છે. આ સિવાયની અન્ય આર્થિક પ્રવૃત્તિઓમાં શ્રમિકોની ભાગીદારી ખૂબ જ મર્યાદિત છે. સેવાક્ષેત્રની વધતી માંગને ધ્યાનમાં લેતા આ ક્ષેત્રમાં રોજગારીની ભાવી સંભાવના વધુ રહેલી છે. તેથી આ ક્ષેત્રે યુવા વર્ગ વધુ પ્રવેશે તે માટે સરકાર દ્વારા કોશલ્ય તાલીમો, આર્થિક, અને બજાર સંબંધી પ્રોત્સાહનોની આવશ્યકતા જણાય છે.

### 6.3.1 બેકિંગક્ષેત્રે

**તાલુકાવાર બેંકીંગ સુવિધા**




સ્રોત-જિલ્લાની આંકડાકીય રૂપરેખા, 2018-19. આંકડા શાખા, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ

જિલ્લામાં બેંકીંગ સવલતો અપૂરતી છે. સમગ્ર જિલ્લામાં કુલ 17 બેંકો જ કાર્યરત છે. ખાસ કરીને સુબીર તાલુકામાં બેંકીંગ સુવિધાની મોટી ખોટ વર્તાય છે. બેંકિંગ કામકાજ માટે દૂરના ગામડાઓમાંથી આહવા મુખ્ય મથકે જવું પડે છે. ઓછી બેંકોમાં વધુ લોકોની ભીડને કારણે સમયસર બેંકીંગ સેવાનો લાભ મળી શકતો નથી. વાંરવાર ધકા ખાવાથી ત્રાસી ગયેલા ઘણા લોકો આવી બેંકોને બદલે શેઠ-શાહૂકારોના શોષણનો ભોગ બને છે. આમ, વિવિધ ક્ષેત્રમાં લોકો મૂડીરોકાણ કરીને સ્વરોજગારી મેળવી શકે તે માટે યોગ્ય બેંકીંગ સુવિધા વધારવાની આવશ્યકતા છે.

**૫.૧૨ ઉપસંહાર**

રામાયણ અને મહાભારત કાળથી ‘દંડકારણ્ય’ તરીકે જાણીતો ડાંગ જિલ્લો જંગલ વિસ્તારની દૃષ્ટિએ સમૃદ્ધ છે. મરાઠા-પેશ્વાઓથી લઇને અંગ્રેજ શાસન સુધી વિભિન્ન રાજસત્તાઓએ આ ભૂમિ પર સત્તા જમાવવાના પ્રયાસો કર્યા હતા. જંગલ સંપત્તિથી આકર્ષિત અંગ્રેજ સરકારે પણ ડાંગના જંગલો પર સત્તા જમાવવા માટે પ્રયાસ કર્યા. તેમ છતાં ભારત સ્વતંત્ર થયું ત્યાં સુધી ડાંગી રાજાઓની સત્તા અતૂટ રહી. બીજી બાજુ ડાંગી ખેડૂતો પણ અંગ્રેજોની અનામત જંગલ નીતિ અને રક્ષિત જંગલનીતિ હેઠળ જપ્ત થયેલ કબજાની જમીન મેળવવા સતત સંઘર્ષો કરતાં રહ્યા. સ્વતંત્રતા પછી પણ જંગલજમીન પરનાં હક્કો ન મળતાં તેઓ સંઘર્ષ કરતાં રહ્યા છે. ડાંગી આદિવાસીઓનાં જંગલજમીનના પ્રશ્નોની સ્થિતિ આજે પણ એટલી જ ગંભીર છે. આજે પણ ખેડૂતો તેમનાં કબજાની જંગલજમીનમાં ખેતી કરે છે અને વનવિભાગ સામે સંઘર્ષ કરે છે. વર્તમાન સરકારે અંગ્રેજોની જેમ ‘ડાંગ દરબાર’ ભરીને સાલિયાણાની રકમથી ડાંગી રાજાઓને શાંત પાડી દીધા છે. પરંતુ ડાંગી પ્રજા પોતાનાં હક્ક માટે હજુ  પણ ઝઝૂમે છે.

ઉપરાંત ડાંગ જિલ્લાનું વર્તમાન ચિત્ર તપાસતાં મુખ્યત્વે નીચે મુજબની લાક્ષણિકતા તારવી શકાય.

- ડાંગ જિલ્લો કુલ ભૌગોલિક વિસ્તાર પૈકી ૫૯ ટકા જંગલવિસ્તાર ધરાવે છે. જ્યારે ૩૩ ટકા વાવેતર વિસ્તાર ધરાવે છે. સમગ્ર રાજ્યમાં કુલ ભૌગોલિક વિસ્તારનાં સૌથી વધુ જંગલ વિસ્તારની ટકાવારી ડાંગ જિલ્લો ધરાવે છે.
- જિલ્લાનાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજૂરી છે. ખેતી મુખ્યત્વે વરસાદ આધારિત છે.
- છેલ્લા પાંચ વર્ષમાં પડતર અને ખેડી ન શકાય તેવી જમીનમાં ઘટાડો થયો છે અને બિનખેતી વિષયક ઉપયોગ વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયો છે.
- જિલ્લામાં વસ્તી વધારાનો ટકાવારી દર ઘટતો હોવા છતાં સ્ત્રી-પુરુષ પ્રમાણમાં સતત વધારો થયો છે. જે નોંધપાત્ર બાબત કહી શકાય. ડાંગ રાજ્યમાં સૌથી વધુ સ્ત્રી-પુરુષ પ્રમાણ ધરાવતો જિલ્લો છે.
- જિલ્લામાં માત્ર બાવન ટકા વસ્તી કામ કરતી વસ્તી છે. જ્યારે ૪૮ ટકા વસ્તી આશ્રિત છે. કુલ કામ કરતી વસ્તી પૈકી મોટાભાગની વસ્તી ખેતી અને ખેતમજૂરીમાં રોકાયેલ છે.
- ઇ.સ. ૧૯૯૧ થી ૨૦૧૧ દરમિયાન જિલ્લામાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે.
- જિલ્લામાં મોટાભાગનાં કુટુંબો હજુ પણ માત્ર પ્રાથમિક જરૂરિયાતો સંતોષી શકે છે. જ્યારે મુખ્ય સગવડ કે મોજશોખની જરૂરિયાત ધરાવનાર કુટુંબો નહિવત્ પ્રમાણમાં છે.
- વાહન વ્યવહાર, સંદેશવ્યવહાર, શિક્ષણ, તબીબી, વીજળી જેવી પાયાની સુવિધાઓ વધતી વસ્તીની દ્રષ્ટિએ અપૂરતી અને નીચી ગુણવત્તાની જણાય છે.
- સરકારી, બિનસરકારી અને સહકારી સંસ્થાકીય માળખાનો વિકાસ ખૂબ જ મર્યાદિત છે.

*****

**સંદર્ભ**


- આંકડાકીય રૂપરેખા, 2018-19, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ.
- સામાજિક-આર્થિક સમીક્ષા,2018-19, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ.
- વાર્ષિક વહીવટી અહેવાલ, 2017-18, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ.
- ડાંગ જિલ્લા સર્વસંગ્રહ. 2012. સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સરદાર ભવન, ગાંધીનગર.
- પટેલ, ભીખાભાઇ અને પટેલ, પ્રવીણ. 2014. આદિવાસીઓ : એક દ્રષ્ટિક્ષેપ-2011, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
- Statistical Abstract of Gujarat State.2019. Directorate of Economics and Statistics, Government of Gujarat, Gandhinagar.
- https://tribal.gujarat.gov.in/10/1/2020
- https://censusindia.gov.in/25/3/2020
- https://tapidp.gujarat.gov.in/14/4/2020

# પ્રકરણ-4 :

## The Issues of Tribal Development (આદિવાસી વિકાસના ક્ષેત્રો)

### 4.1. પ્રસ્તાવના

આદિવાસીઓને સમાજના મુખ્ય ધારાથી વિખુટા થવાના/રાખવાના વિવિધ કારણો છે. જેમ કે, રાજકીય સત્તાઓ દ્વારા ગુલામી, ઉપેક્ષા કે તસ્કરી, સામાજિક અસ્વીકાર્યતા, શોષણ, દમણ વગેરે કારણે આદિવાસી સમુદાયો જંગલ અને પહાડી વિસ્તારોમાં સ્થાયિ થયા. જ્યા તેઓ જળ, જંગલ અને જમીન પર સામુદાયિક માલિકી સ્વરૂપે સ્વૈચ્છિક/અનૌપચારિક અધિકારો ભોગવતા હતા. સમય જતા વન કાયદા/નીતિઓ અને વ્યક્તિગત જમીન માલિકીના કાયદાઓ પસાર કરી, રાજકીય સત્તા દ્વારા તેમના જળ, જંગલ અને જમીન  પરના પરંપરાગત અધિકારો છીનવી લીધા. ત્યારથી આજ પર્યંત આવા મૂળ નિવાસીઓ આર્થિક વિકાસની મૂળ સ્થિતિએ જ રહ્યા છે. બૃહદ સમાજની જેમ/જેવો વિકાસ સાધવા માટે તેમના નિવાસ વિસ્તારોમાં સગવડો સાપેક્ષ રીતે ઓછી/નહિવત છે. ઉપરાંત બૃહદ સમાજની વિકાસલક્ષી યોજનાઓ માટે જમીન વિમુખતારૂપે આદિવાસીઓનો ભોગ લેવાયો છે. સરદાર સરોવર યોજનાને બાદ કરતા ગુજરાતની તમામ વિકાસલક્ષી યોજનાઓ માટે આદિવાસીઓને વિસ્થાપિત કરી તેમને પુનઃસ્થાપનની કોઇ વ્યવસ્થા કરવામાં આવી નથી. વધુમાં સ્થાનિક સિંચાઇ યોજનાઓનો લાભ પણ મળ્યો નથી (જોષી, 2009).

આમ, બૃહદ સમાજ એક બાજુ આદિવાસીઓ અને પર્યાવરણના ભોગે ભૌતિક વિકાસ કરી રહ્યો છે. અને બીજી બાજુ કુદરતી સંસાધનોના વિનાશ માટે આદિવાસીઓને જવાબદાર ઠેરવવા મથે છે. આદિવાસીઓને કાયમી ધોરણે મજુર તરીકે જ ટકાવી રાખી, તેમના જ ઉપયોગથી કુદરતી સંસાધનોનું વિનાશ કરવાની બૃહદ સમાજની ચાલ ખૂબ જ અન્યાયી અને અનૈતિક છે. વાસ્તવમાં આદિવાસીઓ ભૌતિક વિકાસથી વંચિત રહ્યા/રાખ્યા. એનો અર્થ કુદરતી સંસાધનોનું શોષણ અને પર્યાવરણને દૂષિત કરવામાં તેમની ભૂમિકા નથી. જો કુદરતી સંસાધનોના ભોગે આદિવાસીઓએ વિકાસ સાધ્યો હોત તો તેઓ બૃહદ સમાજ કરતા પણ વધુ ભૌતિક સગવડો મેળવી શક્યા હોત. કારણ કે બૃહદ સમાજની સરખામણીએ આદિવાસી વિસ્તારોમાં જળ, જંગલ અને જમીન વધારે છે. આમ, બૃહદ સમાજે આદિવાસીઓના આ ત્યાગનો ઋણ ચૂકવવું જ રહ્યું. વળતરરૂપે આદિવાસી સમુદાયોના ભૌતિક વિકાસને બદલે તેમની આર્થિક-સામાજિક ક્ષમતા વિકસાવવાના પ્રયાસો થવા જરૂરી છે. પ્રસ્તુત પ્રકરણમાં જુથ ચર્ચા અને પ્રત્યક્ષ અવલોકનના માધ્યમથી ડાંગ જિલ્લાના આદિવાસીઓની ક્ષમતાઓનુ માપન દર્શાવ્યુ છે. ડાંગ જિલ્લામાં આદિવાસી વિકાસના વિભિન્નક્ષેત્રોમાં આદિવાસી વિકાસના પ્રશ્નો અને તેના ઉકેલ માટે તેમનામાં રહેલી ક્ષમતાને માપી તેને વિકસાવવાની શક્યતાઓનો વિચાર કરવામાં આવ્યો છે.

### 4.2 શિક્ષણ અને તેની સભાનતા

#### શિક્ષણની સમસ્યાઓ

ડાંગ જિલ્લામાં સંખ્યાત્મક દ્રષ્ટિએ અક્ષરજ્ઞાનનું પ્રમાણ ઊંચુ છે, પરંતુ શિક્ષણની ગુણવત્તા ખૂબ નબળી છે. જિલ્લામાં મોટા ભાગે એક પ્રવાહી(આર્ટસ) શિક્ષણ જોવા મળે છે. જોકે તાજેતરમાં વિજ્ઞાન પ્રવાહ તરફ લોકોનો દેખાદેખી વલણ જોવા મળે છે. અમારી જુથ ચર્ચામાં એક હકીકત એ બહાર આવી કે, મોટાભાગના વિદ્યાર્થીઓ ગણિત, અંગ્રેજી અને વિજ્ઞાન જેવા પાયાના વિષયોમાં નબળા હોવાથી વિજ્ઞાન પ્રવાહમાં સફળ થતા નથી. વિજ્ઞાન પ્રવાહમાં વારંવાર નાપાસ થઇને અંતે સામાન્ય પ્રવાહમાં ફરી પ્રવેશ મેળવે છે. નિરક્ષર વાલીઓ અને અજાગૃત સમાજને કારણે વિદ્યાર્થીઓને યોગ્ય સમયે ચોક્કસ દિશા કે માર્ગદર્શન પ્રાપ્ત થતું નથી. અન્યથા મહેનતુ વાલીઓના સંતાનો પણ મહેનતુ છે. અભ્યાસમાં ખૂબ મહેનત કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા નોંધપાત્ર છે. પરંતુ કુટુંબમાં શૈક્ષણિક વાતાવરણનો અભાવ અને પાયાના શિક્ષણની નીચી ગુણવત્તાના કારણે બિન આદિવાસી વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધા કરી શકતા નથી. વિદ્યાર્થીઓ પોતાની નબળાઇને કારણે શરમ-સંકોચ અનુભવે છે. અને અંતે અભ્યાસ છોડી દેતા હોય છે.

**શિક્ષણની નીચી ગુણવત્તા માટે શિક્ષકોનો અભિપ્રાય.**

- શિક્ષણ પ્રત્યે વાલીઓમાં જાગૃતિનો અભાવ
- બાળકોના અભ્યાસ અંગે વાલીઓમા સભાનતા નથી.
- શિક્ષણની ગુણવત્તા માટે શિક્ષકોના પ્રયત્નોને વાલીઓનો સહકાર મળતો નથી.
- મજુરીનું કામ કરતા વાલીઓ બાળકોને પોતાની સાથે લઇ જાય છે.
- સરકારના નીતિ નિયમો, આદેશો અને અભિયાનોને કારણે શિક્ષકોની સ્વતંત્રતા ખતમ થઇ ગઇ છે. વિદ્યાર્થીઓના શિક્ષણ માટે શિક્ષકો પૂરતો સમય આપી શકતા નથી. પરિણામે વિદ્યાર્થીઓની ક્ષમતા માપીને તેની સાથે આત્મિયતા કેળવીને શિક્ષકો ભણાવી શકતા નથી.
- વિદ્યાર્થીઓની ક્ષમતા સમજવાને બદલે સરકારી તંત્ર દ્વારા સૂચિત પદ્ધતિને જડતાપૂર્વક વળગી રહેવુ પડે છે.
- આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક બોલી જાણનાર શિક્ષકો હોતા નથી. તેથી તે શિક્ષક વિદ્યાર્થી સાથે આત્મિયતા કેળવી શકતો નથી. પરિણામે વિદ્યાર્થીઓ સાહેબની બીક, સંકોચને કારણે પોતાની મુંઝવણ જણાવી શકતા નથી.
- જિલ્લામાં ડ્રોપ-આઉટ રેશિયો ઊંચો છે. શિક્ષકોના મતે આ માટે... વાલીઓમાં અજાગૃતિ કે અસભાનતા, ઘરમાં શિક્ષણ યોગ્ય વાતાવરણનો અભાવ, વાલીઓની આર્થિક સંકળામણ, વાલીઓમાં સ્થળાંતર વગેરે કારણો જવાબદાર છે.
- વિદ્યાર્થીઓને શાળાનુ વાતાવરણ આકર્ષે એવી શૈક્ષણિક સગવડોનો અભાવ.
- શૈક્ષણિક વિકાસ અંગે પોતાના સમાજ અને કુટુંબની અજાગૃતતાને કારણે વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ માટે યોગ્ય સમયે માર્ગદર્શન અને દિશાસૂચન પ્રાપ્ત થતુ નથી. તેથી વિદ્યાર્થીઓ પોતાની ક્ષમતા મુજબના ધ્યેય અનુસાર ભણવાની ધગસ અને રસરૂચિ ધરાવતા નથી. પરિણામે બાપા ભણાવે છે, એટલે ગમે તે, ગમે તેમ ભણી નાખવાની વૃત્તિ જોવા મળે છે.

**શૈક્ષણિક ક્ષમતા**

ડાંગ જિલ્લાના વિદ્યાર્થીઓમાં કુદરતી રીતે અભ્યાસ માટે શારીરિક અને માનસિક ક્ષમતા છે. શિક્ષણની જટિલતાને પહોચી વળવા તેઓમાં તપસ્યા, સંઘર્ષ, ત્યાગ અને ઊચી સહન શક્તિ રહેલી છે. આધુનિક જીવનની સુખસગવડો વિના પણ તેઓ ભણવાની ક્ષમતા ધરાવે છે. જેમ કે એ.સી, પંખા, મોબાઇલ, ટેબલ-ખુરશી વગેરે જેવી સગવડો વિના ભણી શકે એવી ક્ષમતા રહેલી છે. એ જ રીતે ઘર, પરિવાર, મિત્રો, સગાસંબંધીઓ વગેરેથી દૂર રહીને પણ ભણવા તૈયાર હોય છે. ધોરણ-1 થી ઉચ્ચ શિક્ષણ સુધી છાત્રાલયમાં રહીને ભણનારા નોંધપાત્ર ઉદાહરણો ડાંગ જિલ્લામાં જોવા મળે છે.

કુદરતના ખોળે ઊછરેલા, નદી-તળાવ, જંગલ, ખેતર વગેરે સાથે ઘડતર થયુ હોવાથી ખડતલ શરીર અને સંઘર્સશીલ મન આદિવાસી બાળકોની મૂડી છે. તરવુ, દોડવુ, રમવુ, ઝાડ-ટેકરાની ઊંચાઇ આંબવી તથા વનસ્પતિ અને જીવસૃષ્ટિનો પરિચય જેવી કુદરતી ક્ષમતાઓ વિકસી છે. રમત-ગમ્મતના ક્ષેત્રમા સ્પર્ધા કરવા તેઓ કુદરતી રીતે જ ક્ષમતા ધરાવે છે. ડાંગ જિલ્લાની દોડવીર સરિતા ગાયકવાડ તેનુ જીવંત ઉદાહરણ છે.

**4.3 જંગલ અને વન અધિકારો**

**જંગલ સંસાધનના ઉપયોગની સમસ્યાઓ-**

ડાંગ જિલ્લામાં માત્ર 33 ટકા વાવેતર વિસ્તાર છે, જેમા વધતી વસ્તી માટે રોજગારીની તકો મર્યાદિત છે. જ્યારે લગભગ 56 ટકાની આસપાસ જંગલ વિસ્તાર છે. તેથી સ્વાભાવિક રીતે જ જંગલ રોજગારીનો મહત્વનો સ્રોત હોવો જોઇએ, પરંતુ તેમ થઇ શક્યુ નથી. તાજેતરમાં જુજ લોકોને વન વિભાગ દ્વારા રોજમદાર તરીકે મજુરીનુ કામ અપાય છે. કુલ શ્રમશક્તિના લગભગ બે થી પાંચ ટકા શ્રમિકો વાંસકામની બનાવટ દ્વારા આજીવિકા મેળવે છે. આ સિવાય જંગલ વિસ્તાર આધારિત સ્થાનિક લોકો માટે રોજગારીની કાયમી તકો સર્જી શકાઇ નથી. વન વિભાગ દ્વારા વન વિસ્તારમાં પશુચરાણ પર નિયંત્રણ, રેતી, માટી, પથ્થર અને અન્ય ખનિજના વપરાશ પર પ્રતિબંધ વગેરે કારણે ડાંગ જિલ્લાના લોકો માટે જંગલ શોભાના ગાઠીયા સમાન બની રહે છે. ડાંગ જિલ્લામાં વિપુલ જંગલ સંસાધન હોવા છતા લોકોએ જીવનનિર્વાહ માટે અન્ય રાજ્ય કે જિલ્લાઓમાં મજુરીકામ કરવા સ્થળાંતર કરવુ પડે છે. વાવેતર વિસ્તાર મર્યાદિત હોવાથી અને વસ્તીમા થતા વધારાને કારણે બિનઆર્થિક ખેડાણ ઘટકો વધ્યા છે. મર્યાદિત જમીનને કારણે ખેતીની આવકમાંથી જરૂરિયાતો પુરી થઇ શકતી નથી તેથી લોકો મજુરી માટે સ્થળાંતર કરવા મજબૂર બને છે.

વન વિભાગ દ્વારા કોટવાડીયા આદિવાસીઓને વાંસ કાપવાની શરતી પરવાગી આપવામાં આવે છે. પરંતુ વાસંની બનાવટો વન વિભાગ દ્વારા સૂચિત એજન્સીને વેચવાની ફરજ પાડવામાં આવતી હોવાથી નફાકારક ભાવ મેળવી શકાતા નથી.

ડાંગ જિલ્લામાં જમીન વિભાજનની સમસ્યા ખેત ઉત્પાદકતા પર વિપરિત અસર કરતી જોવા મળે છે. ડાંગના મોટાભાગના કુટુંબોની જમીન પર બે-ત્રણ પેઢી પૂર્વેના દાદા, પરદાદાઓના નામે છે. તેથી વર્તમાન પેઢીને જમીન સુધારા કરવા, સિંચાઇની વ્યવસ્થા, બંધપાળા વગેરે જમીન સવર્ધન માટે પ્રોત્સાહન રહેતુ નથી, કેમ કે, તેમને જમીનમાં સુધારા કર્યા પછી તે જમીન પોતાના ભાગે આવશે કે કેમ તે અંગે આશંકા હોય છે.

**વનપેદાશ એકત્રીકરણ અને પ્રક્રિયાની ક્ષમતા-**

- ડાંગ જિલ્લામાં વાવેતર વિસ્તાર કરતા જંગલ વિસ્તાર વધુ હોવાથી જંગલ સંસાધન આધારિત વિવિધ સ્વરૂપે રોજગારીની તકો ઊભી થઇ શકે છે. જેમ કે, વાંસ એકત્રીકરણ, વાંસની વિવિધ બનાવટો, ટીમરુના પાનનું એકત્રીકરણ અને બીડી ઉદ્યોગ, પતરાળાની બનાવટ, ફર્નિચર તથા લાંકડાની અન્ય બનાવટ, કાગળ ઉદ્યોગ વગેરે. વાંસની બનાવટોના ઘણા સફળ ઉદાહરણો પ્રાપ્ય છે.
- ડાંગમાં ઉત્તમ સાગનુ લાકડું સરળતાથી મળી રહે છે, પરંતુ લાકડાં પર નકશીકામ અને ફર્નિચર બનાવનારા યુ.પી., બીહારના કારીગરો રોજગારી મેળવે છે. સ્થાનિક યુવાનોને આ અંગે તાલીમબદ્ધ કરી રોજગારી માટે તૈયાર કરવાની આવશ્યકતા છે.
- ડાંગ જિલ્લામાં વાંસ પુરતા પ્રમાણમાં મળે છે, જે જિલ્લા બહાર મોકલવાના બદલે સ્થાનિક યુવાનો કાગળ ઉદ્યોગ શરૂ કરીને રોજગારી મેળવી શકે.
- ડાંગમાં સાગના કિમતી લાકડાં ઉપરાંત કેટલાંક હલ્કી ગુણવત્તાના લાંકડા ઉપલબ્ધ છે. જેના ઉપયોગથી સ્થાનિક લોકો પ્લાયવુડ બનાવવાનો ઉદ્યોગ ચલાવી શકે છે. ઉપરાંત ટીમરુ, કેસુડા, કુંભી, મહૂડો વગેરેના પાંદડા માંથી બાજ-દળીયા બનાવવાનો ઉદ્યોગ નફાકારક રીતે સ્થાનિક યુવાનો ચલાવી શકે છે.
- ડાંગ જિલ્લાના આદિવાસીઓમાં વન પેદાશ એકત્રીકરણ અને ઉપયોગની વારસાગત કળા-કોશલ્ય અને ક્ષમતા રહેલી છે. ઉપયોગી વન પેદાશની ઓળખ અને મેળવવાની કુનેહ તેઓ વારસાગત રીતે ધરાવે છે.
- ડાંગના વિશાળ જંગલ વિસ્તારમાં અનેક વન ઔષધિઓ છે, જેની જાણકારી પણ સ્થાનિક લોકો ધરાવે છે. તેથી આયુર્વેદિક દવાઓની બનાવટનો ગૃહ ઉદ્યોગ દ્વારા રોજગારી મેળવી શકે. આ કામ ડાંગના ભગતો, વેધરાજ કે અન્ય જાણકાર લોકો કરી શકે છે. આ અંગે શિવારીમાળ ગામના વેધરાજ મનુ ભોયે સફળ ઉદાહરણ છે.

**વન અધિકાર કાયદાની આર્થિક ભૂમિકા**

'સરકારી જંગલ કાયદો-૧૮૬૫'થી લઇને ભારતીય જંગલનીતિ-૧૯૮૮ સુધીનાં તમામ કાયદાઓ અને નીતિઓમાં મોટાભાગના વનવિસ્તારો વનવિભાગની માલિકી અને નિયંત્રણ હેઠળ હતા. આવી સ્થિતિમાં જંગલસંરક્ષણ માટે લોકભાગીદારી અને આદિવાસીઓના પરંપરાગત અધિકારોની અવગણના થતી રહી. પરિણામે વન આધારીત ગરીબ આદિવાસીઓની આજીવિકા અને વનસંરક્ષણ સંદર્ભે વિવિધ

પ્રશ્નો અને ભયસ્થાનો ઊભા થયા. ઉપરાંત આદિવાસી સમુહો દ્વારા જંગલનું જતન કરવાની જે પરંપરાગત વ્યવસ્થા હતી તેને આ કાયદાઓએ સંપૂર્ણ રીતે નાશ કર્યો, પરિણામે જંગલના જતન અને સંરક્ષણ માટે આદિવાસી સમુદાયોને કોઇ રસ રહ્યો નહીં. તેથી મોટા પાયે જંગલોનો નાશ થવા માંડ્યો (અગરવાલ અને નારાયણ-૧૯૮૯). આ સમસ્યાના ઉકેલ રૂપે 'અનુસૂચિત જનજાતિ તથા અન્ય પરંપરાગત વનવાસી (વન અધિકાર માન્યતા) અધિનિયમ-૨૦૦૬' પસાર કર્યો. જે ૧ જાન્યુઆરી ૨૦૦૮થી કાયદા તરીકે અમલી બન્યો.

ડાંગ જિલ્લામાં વન અધિકાર કાયદા2006-ના અમલની સમીક્ષા કરતા માલુમ પડે છે કે, જે તે વન અધિકાર સમિતિઓને મળેલ કુલ દાવાઓ પૈકી માન્યદાવાઓની ટકાવારી ખુબ જ નીચી જણાય છે. તથા જે દાવાઓ માન્ય થયા છે તે સામે જંગલજમીન પણ ઓછી મંજૂર થયેલ છે. ઉપરાંત આ સમગ્ર સ્થિતમાં છ વર્ષાન્તે પણ સંતોષજનક પ્રગતિ જણાઇ નથી. રાજ્યના જિલ્લાઓ વચ્ચે માન્યદાવા અને મંજૂર જમીન સંદર્ભે ઊંચી અસમાનતા જોવા મળે છે. સંપૂર્ણ રીતે આદિવાસી જંગલ વિસ્તાર તરીકે ઓળખાતા ડાંગ જિલ્લામાં પણ કાયદાનાં અમલીકરણની પ્રગતિ સાપેક્ષ રીતે ખુબ જ નબળી છે.

ડાંગમાં વન અધિકાર કાયદાનું અમલીકરણ કંઇક અંશે નિયમાધિન છે, પરંતુ લાભાર્થીઓના હિતપક્ષે મર્યાદિત જણાય છે. જે જોગવાઇઓમાં લાભાર્થીઓનું હિત વધુ હોય છે. તે જોગવાઇઓના અમલમાં બાંધછોડ અથવા છટકવાની વૃત્તિથી અવળું અર્થઘટન થતું જણાય છે. લાભાર્થીઓને કબજાની જંગલજમીન કરતા ઓછી જમીન મંજૂર થઇ છે. કાયદા અંગે માહિતી અને માર્ગદર્શનના અભાવે ગેરસમજ ઊભી થતી જણાય છે. વન અધિકાર માંગણીની પ્રક્રિયા અંગે માર્ગદર્શન અને માહિતી આપવામાં સ્વૈચ્છિક સંસ્થાઓ, ગ્રામમિત્રો અને સરપંચની ભૂમિકા મહત્વની રહી છે. સ્થળતપાસ અને રોજકામની પ્રક્રિયામાં અપેક્ષિત પારદર્શિતા જણાતી નથી. સમયસર જાણ ન કરવાને કારણે ગ્રામસભામાં લોકોની હાજરી પણ મર્યાદિત માલૂમ પડે છે. મોટાભાગના લાભાર્થીઓની જરૂરિયાતો વ્યક્તિગત અને સામૂહિક ધોરણે જંગલસંપત્તિ પર નિર્ભર છે. તેમ છતાં જંગલસંપત્તિનો ઉપયોગ અટકાવવા વન વિભાગ દ્વારા વનસંરક્ષણનાં નામે આદિવાસીઓને વિવિધ પ્રકારે હેરાનગતિ કરવામાં આવતી હતી. આ હેરાનગતિમાં કાયદાનાં અમલ બાદ ઘટાડો જણાય છે.

વન અધિકાર કાયદાનાં અમલીકરણની કેટલીક મર્યાદાઓ પણ છે, જેમ કે કાયદા અંગે લોકજાગૃતિનો અભાવ, કાયદા અંગેની ગેરસમજ, અધિકાર માંગણી માટે માહિતી અને માર્ગદર્શનનો અભાવ વગેરે મર્યાદાઓ વધુ ગંભીર જણાય છે. આ મર્યાદા દુર કરવા લાભાર્થીઓનાં વ્યવહારુ સૂચનો પણ એટલા જ અગત્યના છે. જેમ કે કાયદા અંગે લોકજાગૃતિ વધારવી, તાલીમની વ્યવસ્થા, માર્ગદર્શન માટે વધુ મદદનીશોની નિમણૂક વગેરે.

ડાંગના આદિવાસીઓનુ આર્થિક જીવનધોરણ જંગલસંપત્તિ પર આધારિત છે. તેમની ખોરાક, પોષાક, રહેઠાણ જેવી પાયાની જરૂરિયાતો પણ જંગલસંપત્તિ પર નિર્ભર છે. ખોરાક માટે ખેતઉત્પાદનનો મુખ્ય સ્રોત જંગલજમીન છે. લાભાર્થીઓનાં રોજિંદા ખોરાક માટેના નાગલી, જુવાર, અડદ, તૂવેર, ડાંગર, ખરસાણી વગેરે મુખ્ય પાકો છે. જોગાનુજોગ આ પાકોની ઉત્પાદકતા જંગલજમીનમાં સૌથી વધુ જોવા

મળે છે. સાથે સાથે લોકોની આર્થિક સ્થિતિને અનુરૂપ ન્યુનત્તમ બાહ્યખર્ચે આ પાકોનુ ઉત્પાદન થાય છે. એ જ રીતે રહેઠાણ માટેનાં મકાન બનાવવાની તમામ સામગ્રી જંગલમાંથી જ પ્રાપ્ત કરે છે. વ્યવસાયો પણ કંઇક અંશે વનપેદાશો પર આધારિત છે. બળતણ જેવી પાયાની જરૂરિયાત માટે જંગલ સૌથી મહત્વનો સ્રોત છે. પશુપાલન માટે ચરાણ અને ઘાસ-ચોરો મેળવવા જંગલજમીન મુખ્ય સ્રોત છે.

કાયદાના અમલને કારણે જંગલ આધારિત જરૂરિયાતોની સલામતી વધવાની સાથે તેનાં પ્રમાણમાં વધારો થયો છે. જંગલજમીનની માલિકી સલામત બનતા તે જમનની જાળવણીનાં પ્રયાસો થકી ફળદ્રુપતાં વધી છે. પરિણામે ખેતઉત્પાદન વધ્યું. ખેતીની આવકમાં વધારો થયો. જંગલ આધારિત રોજગારી વધવાથી ખેતી સિવાયની પૂરક આવકમાં વધારો થયો. જંગલજમીન માન્ય થતાં અને સ્થાનિક રોજગારી વધતાં સ્થળાંતરનું પ્રમાણ ઘટ્યું. સામુદાયિક વનઅધિકાર પ્રાપ્ત થવાથી ગૌણવનપેદાશ આધારિત વ્યવસાયોનો વિકાસ અને નવી તકો ઊભી થઇ. આમ, કાયદાના અમલ થકી લાભાર્થીઓની કૃષિ અને બિનકૃષિલક્ષી આવકમાં વધારો થયો. પરિણામે તેઓની જીવનાવશ્યક ખર્ચ ઉપરાંત માવનમૂડિરોકાણ ખર્ચ કરવાની ક્ષમતા વધી છે. આમ, લાભાર્થીઓની આર્થિક સ્થિતિ સુધારવામાં કાયદાની મહત્વની ભૂમિકા રહી છે.

ઉપરાંત વનસંરક્ષણ માટે પણ કાયદાની ભૂમિકા મહત્વપૂર્ણ જણાય છે. વ્યક્તિગત વનઅધિકારનાં લાભાર્થીઓએ મંજૂર જંગલજમીનના વૃક્ષોની દેખરેખ અને સંભાળ રાખી છે. કેટલાંક લાભાર્થીઓએ વૃક્ષારોપણ પણ કર્યું છે. એ જ રીતે સામુદાયિક વનઅધિકારો માન્ય થતાં સામુદાયિક જંગલસંસાધનની જાળવણી, નિયમન અને વિકાસ થયો છે. વન અધિકાર સમિતિઓ દ્વારા વનસંરક્ષણ સમિતિઓની રચના કરી વિવિધ વનસંરક્ષણ પ્રવૃત્તિઓ હાથ ધરી છે. વૃક્ષારોપણ, જંગલ પર દેખરેખ, જંગલમાં બંધ-પાળા બાંધવાં, વનપેદાશનાં ઉપયોગની નિયમનકારક વ્યવસ્થા વગેરે પ્રવૃત્તિઓ દ્વારા વનસંરક્ષણને વેગ મળ્યો છે. વનસંરક્ષણમાં લોકોની ભાગીદારી વધી છે. ટૂંકમાં કાયદાનાં અમલ થકી જંગલસંપત્તિમાં નોંધપાત્ર વધારો થઇ શક્યો નથી, પરંતુ જંગલવિનાશની પ્રવૃત્તિઓ પર અસરકારક નિયંત્રણ આવ્યું છે, તે કાયદાની મહત્વપૂર્ણ ભૂમિકા કહી શકાય.

### 4.4 કૃષિ વિકાસની સમસ્યાઓ અને ક્ષમતા

**ખેત વિષયક સમસ્યાઓ-**

ડાંગ જિલ્લામાં પાણીના અછતનો વિકટ પ્રશ્ન છે. ખેતી માટે સિંચાઇની કોઇ સંસ્થાકીય વ્યવસ્થા નથી. ભૂગર્ભજળનું સ્તર ખૂબ ઊંડૂ હોવાથી કૂવા કે બોરવેલ સફળ થતા નથી. વ્યકિતગત ખાનગી સિંચાઇ વ્યવસ્થા અતિ ખર્ચાળ નિવડે છે. જેના માટે ખેડૂતોની આર્થિક ક્ષમતા હોતી નથી. સિંચાઇના અભાવે ડાંગ જિલ્લાની ખેતી પરંપરાગત, વરસાદ આધારિત અને પછાત અવસ્થામાં છે. સિંચાઇનો અભાવ ઉપરાંત જમીન ઢોળાવવાળી અને પથરાળ હોવાથી યંત્રો આધારિત આધુનિક ખેત વ્યવસ્થા ખર્ચાળ અને બિન નફાકારક સાબિત થાય છે. તેથી ડાંગ જિલ્લાના આદિવાસીઓ પરંપરાગત ખેતપદ્ધતિથી પરંપરાગત(દેશી) પાકો લઇ નિર્વાહ ખેતી કરે છે. જેમા નફાકારક અધિશેષ નહિવત હોય

છે. તેમ છતા તાજેતરમા કેટલાંક ખેડૂતો ખેતીમાં અવનવા પ્રયોગો કરી રહ્યા છે. જેમ કે, સ્ટોબેરી, ડ્રેગન ફ્રુટ, મસરૂમ, શેરડી, આંબાવાડી, કાજુવાડી વગેરે. જો કે પૂરતા પાણીના અભાવે સરવાળે નુકશાન સહન કરવુ પડે છે.

**જમીન વિહોણા અને ઓછી જમીન ધારકોનું ઊંચુ પ્રમાણ-**

ડાંગ જિલ્લામાં કુલ 48448 કુટુંબો છે, જેમાથી 12573 જમીન ધારકો છે. એટલે કે માત્ર 25 ટકા કુટુંબોના નામે જમીન છે. જે પૈકી 3,659 સીમાન્ત અને નાના ખેડૂતો છે. જેમની પાસે 2 હેકટર કરતા ઓછી જમીન છે. કુલ શ્રમદળના 34 ટકા ખેત મજુરો છે. આ તમામ માટે આજીવિકા કે રોજગારીનો મોટો પડકાર છે. જિલ્લામાં ખેતી સિવાય રોજગારીના અન્ય વિકલ્પો નહિવત છે.

**જમીનની નીચી ગુણવત્તા-**

ડાંગ ડુંગરાળ જંગલ પ્રદેશ છે. જમીન ઢોળાવવાળી, પથરાળ અને ઝાડીઝાખરા વાળી છે. સિંચાઇની સવલતનો અભાવ છે. જમીન સમતોલ નથી. જમીન સમતોલ કરવા અને તેનુ ધોવાણ અટકાવવા બંધપાળા બાંધી શકાય એવી ખેડૂતની આર્થિક ક્ષમતા નથી.

**સિંચાઇની સવલતોનો અભાવ-**

ડાંગ જિલ્લામાં કુલ વાવેતર વિસ્તારના માત્ર 12 ટકા જમીન પિયત છે, એ પણ ટૂંકાગાળા માટે. આમ, ડાંગમાં મોટાભાગની જમીન બિન પિયત છે(કો-6.1.3). મોટા ડેમ કે નહેર દ્વારા સિંચાઇની સવલતનો સંપૂર્ણ અભાવ છે. ડુંગરો કે ટેકરાઓ ઉપર ભૂગર્ભજળ અશક્ય છે. કૂવા અને બોર નિષ્ફળ જાય છે. આમ, વ્યક્તિગત  રીતે સિંચાઇની સવલત માટે ખર્ચ ઊંચુ જાય છે, જે ઉઠાવવા ખેડૂતની આર્થિક ક્ષમતા નથી.

**ખેતપેદાશો અને ગૃહ ઉદ્યોગના ઉત્પાદનના બજારની સમસ્યા-**

ખેત પેદાશોના વેચાણ માટે જિલ્લામાં કોઇ ખાસ મોટુ બજાર કે માર્કેટ યાર્ડ નથી. મહારાષ્ટ્ર, વ્યારા કે સુરત વેચાણ માટે જવુ પડે છે. જેનો વહન ખર્ચ વધી જાય છે. તેથી ખેડૂતો સ્થાનિક હાટ બજારમાં વેચાણ માટે મજબૂર બને છે. આ બજારોમાં નાણા ચૂકવણીમાં વિલંબ, ખૂબ નીચા ભાવો તથા તોલમાપની ગેરરીતિ વગેરેનો ખેડૂતો ભોગ બને છે.

- સ્થાનિક સ્તરે અનેક પ્રકારના ગૃહ ઉદ્યોગો શરૂ થવાની શક્યતા રહેલી છે. પરંતુ તેના ઉત્પાદનના વેચાણ માટે બજારના જોડાણની મુશ્કેલીઓ છે.

**પ્રવર્તમાન માંગ અનુરૂપ પાકાયોજન અને ખેત પદ્ધતિ અંગે ટેક્નિકલ જ્ઞાનનો અભાવ-**

જિલ્લાના મોટાભાગના ખેડૂતો પરંપરાગત પદ્ધતિથી પરંપરાગત પાકો લે છે. જેના ખૂબ નીચા ભાવો હોય છે. જિલ્લામાં ખેતીક્ષેત્રે યાંત્રિકીકરણ નહીવત છે. જો કે આ માટે પણ મૂળ કારણ સિંચાઇનો અભાવ છે. સિંચાઇના અભાવે યાંત્રિકીકરણ અને આધુનિક ખેત પદ્ધતિ ખર્ચાળ નિવડે છે.

**ખેત વિષયક ક્ષમતા અને વિકાસની શક્યતા-**

- ડાંગ જિલ્લાના મોટાભાગના ખેડૂતો પાસે ઢોળાવવાળી અને પડતર જમીનનો ભાગ હોય છે. જેમા કાજુ અને કેરીની ખેતીની ઊંચી સંભાવના રહેલી છે. છોડ ઉછેર બાદ ઓછા પાણીએ પણ આ પ્રકારની ખેતી સંભવ છે. સુબીર તાલુકા અને સાપુતારા વિસ્તારમાં કાજુ અને આંબાની ખેતીના ઘણા સફળ ઉદાહરણો મળે છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઇના કૃષિ નિષ્ણાંતના જણાવ્યા પ્રમાણે ડાંગ જિલ્લામાં કાજુ અને કેરીની ખેતી માટે જમીન અને વાતાવરણ અનુકૂળ છે.
- ડાંગ જિલ્લામાં નવેમ્બર, 2021 સુધીમાં સહકારી ધોરણે કાજુ-પ્રક્રિયાના ત્રણ એકમો કાર્યરત છે. આમ, કાજુનુ ઉત્પાદન અને તેના પરની પ્રક્રિયા પણ સ્થાનિક કક્ષાએ સંભવ છે. તેથી ડાંગના કાજુની એક અલગ બ્રાન્ડથી બજાર વિકસાવવાની ઊંચી શક્યતા રહેલી છે. કાજુના છોડ, પ્રક્રિયા અને બજાર સંબંધી વ્યવસ્થા તાજેતરમાં બાયફ સંસ્થાના માધ્યમથી પ્રારંભિક ધોરણે થઇ રહ્યુ છે.
- ડાંગ જિલ્લામાં સાગ, સાદડ જેવા ઇમારતી લાકડાનો ઉછેર ઓછા ખર્ચે સંભવ છે. મોટાભાગના ખેડૂતો પાસે કુલ જમીનનો અમુક ભાગ ઢોળાવવાળો કે ખરાબારૂપે પડતર હોય છે. જેમા વ્યક્તિગત ખાનગી માલિકીથી સાગ ઉછેર શક્ય છે. જે ખેતીને પૂરક આવકનુ સાધન બની શકે છે.
- ડાંગ જિલ્લામાં નાગલી, વરઇ, અડદ, તુવેર, ડાંગર, ખરસાણી, કુળીત, સોયાબીન જેવા વિશિષ્ટ પાકો થાય છે. જે પરંપરાગત પ્રાકૃતિક ખેત પદ્ધતિથી થાય છે. આવી આરોગ્યપ્રદ દેશી ખેતપેદાશોનુ અલગ બ્રાન્ડથી બજાર વિકસાવી શકાય એમ છે. પરિણામે આવી સ્થાનિક દેશી ખેતી નફાકારક બની શકશે. ઉપરાંત આવી પ્રાકૃતિક ખેતપેદાશોમાંથી વિભિન્ન વાનગીઓ, ખાદ્યચીજો કે અન્ય બનાવટો બનાવી વિશિષ્ટ બજાર વિકસવાની શક્યતા રહેલી છે. દા.ત. નાગલીના પાપડ, બિસ્કીટ, ચોકલેટ જેવી બનાવટો, અડદના પાપડ, વરઇની ભગર, કુળીતની દાળ તથા અન્ય બનાવટો વગેરેનુ એક અલગ બજાર વિકસાવી આવી દેશી પેદાશોનું મૂલ્ય વર્ધન કરી શકાય. આ દિશામાં સક્રિય પ્રયાશો કેટલાક સહકારી મંડળો અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ડાંગમાં થઇ રહ્યા છે.
- ડાંગ જિલ્લામાં સાપેક્ષ રીતે વધુ વરસાદ પડે છે. પરંતુ પાણીના સંગ્રહની યોગ્ય વ્યવસ્થાના અભાવે અને ડુંગરાળ પ્રદેશને કારણે પાણી નીચાણવાળા પ્રદેશોમાં વહી જાય છે. જો યોગ્ય સંગ્રહ વ્યવસ્થા દ્વારા સિંચાઇની સગવડ ઊભી કરવામાં આવે તો ડાંગની જમીનમાં દરેક પ્રકારના કિંમતી પાક થવાની ક્ષમતા રહેલી છે.
- ડાંગ જિલ્લામાં મોટા પાંદડાવાળું જંગલ વિશેષ હોવાથી પાંદડાની વિવિધ બનાવટો, બીડી ઉદ્યોગ, તથા કમ્પોષ્ટ ખાતર બનાવવાના કારખાના વિકસાવવાની ક્ષમતા રહેલી છે.
- જંગલમાંથી ફળ, ફૂલ, પાંદડા, ઔષધિઓ, ઘાસ વગેરે ઓળખવુ, મેળવવું તથા એકત્રિત કરવાની ડાંગના લોકોમાં અદ્ભૂત આવડત અને ક્ષમતા રહેલી છે. ઉપરાંત ઊંચા ઝાડ અને ડુંગરો પર ચડવાની

વિશિષ્ટ આવડ તેઓ ધરાવે છે. લોકો તડકો, વરસાદ, વાવાઝોડૂ, ઠંડી, ગરમી વગેરે કુદરતી પડકારો ઝીલવાની અદ્ભૂત સહનશક્તિ ધરાવે છે.

- નાગલી, અડદ, વરઇ, ખરસાણી જેવા પરંપરાગત પાકોની ખેતી કરવાની આવડત, તર્ક અને પાકો અંદાજ ડાંગી લોકોમાં વારસાગત છે.

## 4.5 પશુપાલનની સમસ્યાઓ અને ખેડૂતોની ક્ષમતા-

### પશુપાલનની સમસ્યાઓ

ડાંગ જિલ્લામાં આધુનિક પશુપાલન વિકસ્યો નથી. આ માટે નીચે મુજબના પરિબળો જવાબદાર છે. 1) પાણી તથા ઘાસચારાની તંગી, 2) ખેડૂતોમાં પશુપાલન અંગે રસરૂચિ, આવડત, અને આત્મશ્રદ્ધાનો અભાવ 3) દૂધના નફાકારક ભાવોનો અભાવ 4) પશુ ચિકિત્સા તથા ભરણ-પોષણ ખર્ચમાં વધારો વગેરે. ડાંગ જિલ્લામાં દેશી પશુપાલન ઘટી રહ્યુ છે. લોકો જીવનશૈલી બદલાતા, મોંઘવારી વધતા બિન નફાકારક દેશી પશુપાલન છોડી અન્ય રોજગાર-ધંધા તથા મજુરી તરફ વળી રહ્યા છે. તેમ છતા આંશિક રીતે દેશી ગાય, ભેસ, બકરા, મરઘા વગેરેનુ પાલન થાય છે. આ પ્રકારનુ પશુપાલન માત્ર પશુ વેચાણ અને છાણ માટે જ થાય છે. જ્યારે દૂધની આવક નહીવત છે. એ જ રીતે સહકારી ધોરણે ચાલતી દૂધ મંડળીઓના સંચાલનના વિકટ પ્રશ્નોને કારણે લોકોનો સહકારી ડેરી પ્રત્યે વિશ્વાસ ઓછો થતો જાય છે.

### દેશી પશુધનના બજારની ક્ષમતા-

- ડાંગ જિલ્લામાં પૂરતા પ્રમાણમાં સિંચાઇ અને પાણીની વ્યવસ્થા શક્ય બને તો પશુપાલન રોજગારીનુ મહત્વનુ સાધન બની શકે છે. સિંચાઇને કારણે ખેડૂતો વધુ સારી ખેતી કરી શકશે. ખેતીનો સુકો ઘાસ ઉપરાંત લીલા ઘાસની પણ વ્યવસ્થા થઇ શકશે. ડાંગ જિલ્લાનો મોટો હિસ્સો જંગલ વિસ્તાર હોવાથી જંગલી ઘાસની પણ અનુકૂળતા રહેલી છે. વન અધિકાર કાયદા અન્વયે ગૌચર કે ચરાણનો સામુદાયિક અધિકાર આપી કાયમી ધોરણે ઘાસચારાની તંગી નિવારી શકાય એમ છે. સાથે સાથે સહકારી ડેરી ઉદ્યોગના પ્રવર્તમાન પ્રશ્નોનું નિરાકરણ કરી ખેડૂતોમાં સહકારી ધોરણે ડેરી પ્રવૃત્તિ વિકસાવી શકાય.
- ડાંગ જિલ્લામાં જંગલ વિસ્તારની વિપુલતા હોવાથી દેશી પશુ ઉછેર લઘુત્તમ ખર્ચે શક્ય બને છે. દેશી ગાયોનુ ઘી, દૂધની બનાવટો, ગૌમુત્ર, છાણ અને તેની બનાવટો વગેરેનું અલાયદુ બજાર ઊભુ થઇ શકે છે.
- ડાંગમાં દેશી બકરા ઉછેરની ઉજળી તકો રહેલી છે. પરંપરાગત રીતે લોકો દેશી બકરા પાળે છે. એક દેશી બકરાની કિંમત રૂ.5000 થી 15000 સુધી સ્થાનિક બજારમાં પ્રાપ્ત થાય છે. આદિવાસીઓ લઘત્તમ ખર્ચે દેશી બકરા ઊછેરની આવડત ધરાવે છે. ગામની આસપાસ જંગલ વિસ્તાર હોવાથી બકરાઓ જંગલમા ચરાવવા લઇ જાય છે અથવા જંગલમાંથી ઝાડના પાંદડા ઘરે લાવીને ખવડાવે છે. ચરાણ સિવાય બકરા માટે અન્ય કોઇ ખર્ચ કરવામાં આવતો નથી. આમ, નહિવત ખર્ચે દેશી

બકરાઓનો ઊછેર કરીને તથા આ માટે યોગ્ય બજાર ઊભુ કરીને પૂરક આવક મેળવવાની શક્યતા રહેલી છે. અમુક ધાર્મિક-સામાજિક પ્રસંગોએ સ્થાનિક બજારમાં બકરાની માંગ વિશેષ રહે છે. તેથી ઘણા કુટુંબો ખેતીની સાથે બકરા ઊછેરનો વ્યવસાય કરે છે.

### 4.6 દેશી મરઘા-બતકા ઉછેર તથા બજારની ક્ષમતા-

ડાંગ જિલ્લામાં આધુનિક ઢબે પોલ્ટ્રીફાર્મ ઉદ્યોગ વિકસ્યો નથી. કારણ કે આ માટે જરૂરી ટેક્નિકલ જાણકારી અને આવડતનો સ્થાનિક લોકોમાં અભાવ છે. ઉપરાંત પોલ્ટ્રીફાર્મમાં શરૂઆતનો મૂડીરોકાણખર્ચ ઊંચો આવે છે. જેને પહોંચી વળવાની ક્ષમતા ઉદ્યોગ-સાહિકોમાં નથી. તાજેતરમાં મહારાષ્ટ્ર અને તાપી જિલ્લામાં ચાલતા પોલ્ટ્રીફાર્મની અનુકરણ અસરથી ડાંગ જિલ્લામાં પણ તે પ્રયોગાત્મક ધોરણે શરૂ થયા છે.

પોલ્ટ્રીપ્રોડકટની સ્થાનિક માંગ હોવાથી આ ઉદ્યોગ વિકસાવવાની તક રહેલી છે. જિલ્લાના મોટાભાગના ગામોમાં ત્રણ થી પાંચ કુટુંબો ચિકન વેચાણની પ્રવૃત્તિ દ્વારા રોજગારી મેળવે છે. પરંતુ તેઓ મહારાષ્ટ્રના તથા તાપી અને સોનગઢ જિલ્લાના વેપારીઓ પાસેથી મરઘાની ખરીદી કરી ચિકન વેચાણનો ધંધો કરે છે. તેથી સ્થાનિક પોલ્ટ્રીફાર્મ ઉદ્યોગ વિકાસની શક્યતા રહેલી છે.

ડાંગ જિલ્લામાં મોટાભાગના કુટુંબો પરંપરાગત રીતે દેશી મરઘાઓનો ઉછેર કરે છે. મરઘા ઉછેરની પ્રક્રિયાને તેઓ પોતાની જીવનશૈલીનો એક ભાગ સમજે છે. લોકો મરઘાઓને વારસાગત સંપત્તિ માને છે. કુટુંબદીઠ સરેરાશ 10 થી 40 મરઘાઓનું પ્રમાણ જિલ્લામાં જોવા મળે છે. મરઘાઓનો ઉપયોગ તેઓ સ્વવપરાશ, મહેમાનગતિ અને/અથવા વેચાણ માટે કરે છે. મરઘા ઉછેર કુટુંબની પૂરક આવકનો મહત્વનો સ્રોત છે. કુટુંબના દરેક સભ્યના નામે મરઘી પાળવાની પરંપરા છે. જે સભ્યના નામે રાખેલ મરઘી દ્વારા મરઘાઓની સંખ્યામા વધારો થાય તો તે સભ્ય વધુ નસીબદાર હોવાની માન્યતા રહેલી છે.

દેશી મરઘા ઉછેર માટે ઊંચા મૂડીરોકાણવાળી ખર્ચાળ વ્યવસ્થા હોતી નથી. દેશી મરઘાઓ સાંજે પોતાની રીતે ઘરમાં આવીને નિશ્ચિત જગ્યાએ વસી જાય છે તથા સવારે ઘરની આજુબાજુના વિસ્તારમાં ચરવા જતા રહે છે. તેથી મરઘા ઉછેરનો કોઇ પણ પ્રકારનો ખર્ચ રહેતો નથી. તદ્દપરાંત દેશી મરઘાનો ભાવ પોલ્ટ્રીફાર્મના મરઘા કરતા વધુ હોય અને ખર્ચ નહિવત હોવાથી નફાકારકતા ઊંચી જોવા મળે છે. આમ, દેશી મરઘા તથા તેના ઇંડાના વેચાણ માટે બજાર વિકસાવી કુટુંબોને પૂરક રોજગારીની વધુ તકો ઊભી થવાની શક્યતા રહેલી છે.

### 4.7 કૃત્રિમ તળાવ આધારિત મત્સ્ય ઉદ્યોગની ક્ષમતા, અને પ્રયોગો.

ડાંગ જિલ્લામાં દરિયા કિનારો કે મોટા બંધો નથી. કે જ્યા મત્સ્ય ઉદ્યોગ વિકસી શકે. જિલ્લાની મોટાભાગની વસ્તી માંસાહારી છે. તેથી માછલીની માંગ થાય છે, પરંતુ સ્થાનિક ઉત્પાદન નથી. જિલ્લાના ઘણા ગામોમાં ભરાતા અઠવાડિક કે હાટબજારમાં અન્ય જિલ્લાના વિક્રેતાઓ સ્થાનિક માંગ પુરી પાડે છે. તાજેતરમાં કેટલાંક સ્થાનિક યુવા સાહસિકો કૃત્રિમ તળાવ ઊભુ કરીને મત્સ્ય ઉછેર કરી રહ્યા છે.

આ યુવા સાહસિકોના મતે સ્થાનિક કક્ષાએ માછલીઓના બજાર કે માંગનો પ્રશ્ન નથી, પરંતુ મૂડીરોકાણ ખર્ચની મોટી સમસ્યા રહેલી છે. કારણ કે કૃત્રિમ તળાવ ખોદવાનો ખર્ચ, ગુણવત્તાયુક્ત પ્લાસ્ટિક પાથરવુ, તળાવમાં પાણી ભરવુ, માછલીઓનું બિયારણ તથા માછલીઓના ખોરાક વગેરેનો ખર્ચ ખૂબ ઊંચો આવે છે. આમ, ડાંગ જિલ્લામાં કૃત્રિમ તળાવ આધારિત મત્સ્ય ઉછેરનો પ્રારંભિક મૂડીરોકાણ ખર્ચનો મોટો પ્રશ્ન છે.

ક્ષમતા- ડાંગ જિલ્લામાં કૃત્રિમ તળાવ દ્વારા મત્સ્ય ઉદ્યોગના વિકાસની શક્યતા રહેલી છે. તાજેતરમાં ઘણા યુવા સાહસિકો સફળ પ્રયોગો કરી રહ્યા છે. પ્રારંભિક મૂડીરોકાણ ખર્ચમાં આર્થિક સહાય પ્રાપ્ત થાય તો ઘણા યુવા સાહસિકો આ ક્ષેત્રમાં સ્વરોજગારી ઊભી કરી શકે છે. કારણ કે મોસમી ખેતી, અપૂરતી જમીન અને સ્થાનિક રોજગારીના અભાવને કારણે યુવાનો આવા સ્થાનિક માંગ આધારિત વ્યવસાયો કરવા તૈયારી બતાવે છે. આમ, માછલીની સ્થાનિક માંગ હોવાથી મત્સ્ય ઉદ્યોગ નફાકારક બની શકે એમ છે.

*****

## પ્રકરણ-5 :

## Action Plan (કાર્ય યોજના)

### 5.1 પ્રસ્તાવના

આદિવાસી વિકાસ માટેના પડકારો ગુજરાતના મોટાભાગના આદિવાસી જિલ્લાઓમાં સર્વસામાન્ય છે. કેટલાંક તાલુકાઓમાં ભૌગોલિક પ્રતિકૂળતા કે અનુકુળતાને કારણે તેમાં આંશિક ભેદ જોવા મળે છે. સરકારી કે બિન સરકારી પ્રયત્નોમાં જે ઉપેક્ષિત સ્થિતિ ઉદ્ભવી છે, તે દરેક તાલુકાઓમાં સામાન્ય છે. જેમ કે 1) સિંચાઇનો અભાવ 2) શિક્ષણ અને આરોગ્યની મર્યાદિત સુવિધા તથા નીચી ગુણવત્તા 3) ગરીબી-બેરોજગારી 4) વીજળી અને પાણીના પ્રશ્નો 5) પ્રવાસન વિસ્તારોમાં સ્થાનિકને તક નથી, 7) અયોગ્ય બજાર વ્યવસ્થા 8) સ્થળાંતર 9) કાળી મજૂરી, શોષણ 10) વેપાર-ધંધામાં સ્થાનિકની અવગણના, અશક્ષમતા 11) સંગઠિતક્ષેત્રમાં રોજગારી અર્થે સ્થાનિકને પ્રાધાન્ય નથી 12) વિસ્થાપન 13) અપર્યાપ્ત બજેટ વગેરે અનેક પડકારો મોટાભાગના આદિવાસી જિલ્લાઓમાં સર્વસામાન્ય છે. તેમ છતા ડાંગ જિલ્લામાં કેટલીક ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક વિશેષતા રહેલી છે. એ મુજબ ડાંગ જિલ્લામાં આર્થિક સમસ્યાઓ, વિકાસના ક્ષેત્રો તથા સંભાવનાઓમાં  ભિન્નતા રહેલી છે. તેથી સંપોષિત વિકાસના પ્રયાસ પણ જુદી રીતે થવા જરૂરી છે. પ્રકરણ-4માં ડાંગ જિલ્લાના આદિવાસીઓના વિકાસના ક્ષેત્રો, આર્થિક સમસ્યાઓ અને તેના ઉકેલ માટે લોકોમાં રહેલી ક્ષમતાઓનું માપ દર્શાવ્યુ છે. પ્રસ્તુત પ્રકરણમાં આદિવાસીઓમાં રહેલી ક્ષમતા, સંસ્કૃતિ અને તેમની જીવનશૈલી મુજબ ઉકેલ શોધવાનો પ્રયાસ છે.

### 5.2 શૈક્ષણિક વિકાસની કાર્ય-યોજના

- આદિવાસી વિકાસનો કાયમી ઉકેલ મેળવવુ હોય અથવા સંપોષિત આદિવાસી વિકાસની દિશામાં પ્રયત્નો કરવા હોય તો શિક્ષણ અને કેળવણીને કેન્દ્ર સ્થાને રાખવુ પડશે. આ માટે પૂરતી શિક્ષણ સુવિધા વધારવાની જરૂર છે. પૂરતા કાયમી શિક્ષકો અને તેમની નિયમિતતા પર ભાર આપવુ જરૂરી છે. વાલીઓમાં શિક્ષણની મહત્વતા અને વ્યાવસાયિક શિક્ષણ અંગેની જાગૃતતા લાવવાની આવશ્યકતા છે. પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂત બનશે તો શાળા છોડવાનો દર ઘટશે.
- શાળાઓમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકોની ખાલી જગ્યા ફરજિયાત ભરાશે.
- શિક્ષકોને વસ્તીગણતરી, ચૂંટણી, સર્વે જેવા બિનશૈક્ષણિક કાર્યોમાંથી સંપૂર્ણ મુક્તિ અપાશે.
- શિક્ષક વિદ્યાર્થી સાથે આત્મિયતા કેળવી શકે તે માટે સ્થાનિક સામાજિક-સાંસ્કૃતિક તથા આર્થિક સ્થિતિથી વાકેફ હોય અને સ્થાનિક બોલી/ભાષા બોલી શકે એવા સ્થાનિક શિક્ષકોની નિમણુંક કરાશે. જેથી શિક્ષક વિદ્યાર્થીની મુંઝવણ અને ક્ષમતા સમજીને માર્ગદર્શન આપી શકે અને વિદ્યાર્થી પણ પોતાની કોઇ પણ સમસ્યા ભય વિના શિક્ષકને રજૂઆત કરી શકે.
- શિક્ષકે વિદ્યાર્થીના વ્યક્તિગત સંપર્કથી આત્મિયતા કેળવી વિદ્યાર્થીના વ્યક્તિગત મેન્ટરની ભૂમિકા નિભાવવાની રહેશે. આ માટે વર્ગદિઠ મહત્તમ સંખ્યા 30 રાખવી.
- શિક્ષકોના જિલ્લા બહારના દૈનિક આવન-જાવન પર નિયંત્રણ લાવવું.

- શિક્ષકોની નિયમિતતા અને શૈક્ષણિક ક્ષમતા પર ભાર.
- વિદ્યાર્થીઓને શાળાનુ વાતાવરણ આકર્ષે એવી શૈક્ષણિક સગવડો અનિવાર્ય બનાવવું. જેમ કે સ્વચ્છ અને હવાઉજાસવાળુ વર્ગદિઠ ખંડ, બ્લેક બોર્ડ ઉપરાંત દ્રશ્ય-શ્રાવ્યની સવલત, રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સાધનો, રમત-ગમતનું મેદાન, સ્વચ્છ અને પાણીની સવલત સહિતનું કુમાર-કન્યા માટે અલગ-અલગ શૌચાલય વગેરે સવલતો અનિવાર્ય હોય.
- શૈક્ષણિક સંસ્થાઓમાં નિયમિત રીતે રમત-ગમતની પ્રવૃત્તિઓ તથા સ્પર્ધાઓ યોજીને વિદ્યાર્થીઓને આ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવું. આ માટે સંસ્થાઓમાં રમત-ગમતના શિક્ષકની નિમણુંક ફરજિયાત બનાવવી.
- જિલ્લામાં યુવા અને રમત-ગમત વિભાગ સંચાલિત 'જિલ્લા રમત-ગમ્મત શિક્ષણ અને તાલીમ કેન્દ્ર(સ્પોર્ટસ એકેડેમી) શરૂ કરાશે. જેના દ્વારા નિયમિત રીતે સ્પર્ધાઓનુ આયોજન થતુ રહેશે.
- ધોરણ-10થી સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ તથા કારકિર્દી સંદર્ભે સમયસર યોગ્ય દિશાસૂચન અને માર્ગદર્શન મળી રહે તે માટે જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી મારફત આ ક્ષેત્રના તજ્ઞનોની મદદથી વર્ષમાં બે વખત અઠવાડીક કાર્યશાળા કે શિબિરનુ આયોજન કરાશે.
- વિદ્યાર્થીઓની નિયમિતતા વધે અને શિક્ષકોને વાલીઓનો સહકાર મળે તે માટે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વર્ષમાં બે વખત વાલી મિટિંગનુ આયોજન કરવું, જેમાં શિક્ષણની ગુણવત્તા, વિદ્યાર્થીઓની નિયમિતતા, વાલીઓના પ્રશ્નો વગેરેની ચર્ચા કરી વાલીઓને જાગૃત કરવાના રહેશે.
- સરકાર દ્વારા માધ્યમિક થી ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં લઇ સુયોગ્ય સુવિધાયુક્ત છાત્રાલયોની સગવડ વધારવી. જેમા રહેવા જમવાની મફત સગવડ, પુસ્તકાલય, વાંચનાલય, રમતનું મેદાન અને પૂરતા શૌચાલય અને બાથરૂમની સવલતો વગેરે પાયાની સવલતો અનિવાર્ય હોય.
- સ્થાળાંતરિત મજુરોના બાળકો માટે પ્રાથમિક શાળાઓમાં મોસમી છાત્રાલયની વ્યવસ્થા જરુરી સુધારા સાથે ચાલુ રાખવી.


### 5.3 જંગલ-જમીન : અધિકારો અને ઉદ્યોગ-ધંધાના વિકાસની કાર્યયોજના

ડાંગ જિલ્લામાં માત્ર 33 ટકા વાવેતર વિસ્તાર છે, જેમા વધતી વસ્તી માટે રોજગારીની તકો મર્યાદિત છે. જ્યારે લગભગ 56 ટકાની આસપાસ જંગલ વિસ્તાર છે. તેથી સ્વાભાવિક રીતે જ જંગલ રોજગારીનો મહત્વનો સ્રોત હોવો જોઇએ, પરંતુ તેમ થઇ શક્યુ નથી. લોકોએ જીવનનિર્વાહ માટે અન્ય રાજ્ય કે જિલ્લાઓમાં મજુરીકામ કરવા સ્થળાંતર કરવુ પડે છે. મર્યાદિત જમીન તથા વરસાદ આધારિત ખેતીને કારણે ખેતીની આવકમાંથી જરૂરિયાતો પુરી થઇ શકતી નથી તેથી લોકો મજુરી માટે સ્થળાંતર કરવા મજબૂર બને છે. માટે અહી જંગલ સંસાધનના ઉપયોગથી આદિવાસીઓની આજીવિકા વધે તે માટેની કાર્યયોજના દર્શાવી છે.

**વન પેદાશ આધારિત ઉદ્યોગોની કાર્ય-યોજના**

- વન વિભાગ દ્વારા ડાંગના વાંસ બાહ્ય કંપનીઓને વેચવાને બદલે સ્થાનિક આદિવાસીઓ માટે રોજગારી સર્જનમાં વાપરવા જોઇએ.
- ડાંગના જંગલના વાસની ગુણવત્તાને ધ્યાને લઇ તેની બનાવટો અંગે TSP/NGO મારફત  કાયમી ધોરણો તાલીમ કેન્દ્ર સ્થાપીને નીચે મુજબના ક્ષેત્રોમાં તાલીમ આપી સહકારી ધોરણે ગ્રામોદ્યોગો ચલાવવામાં આવશે. 1) વાંસકામ એકત્રીકરણ મંડળીઓ, 2) ટોપલા-ટોપલી બનાવટ 3) વાંસના રમકડા અને સુશોભન વસ્તુઓ 4) વાંસનુ ફર્નિચર 5) વાસના પેકિંગ બોક્ષ અને વૃક્ષ ઉછેરના કુંડાળા 6) બાજ-દડીયા 7) ફર્નિચર-નકશીકામ 8) પ્લાયવુડ ઉદ્યોગ, 9) કાગળ ઉદ્યોગ વગેરે. સહકારી ધોરણે મંડળીઓ દ્વારા ઉદ્યોગ ચલાવાશે.

**વન પેદાશ આધારિત ઉદ્યોગોની કાર્ય-યોજના**




જિલ્લાની ટ્રાઇબલ સબ પ્લાન કચેરી TSP/NGO મારફત તાલીમ પામેલ લોકોને વન પેદાશ આધારિત ગ્રામોઉદ્યોગો ચલાવવાની માન્યતા આપવામાં આવશે. તાલીમ પામેલ કે આવડત ધરાવનાર શ્રમિકો જે ઉદ્યોગ કે પ્રવૃત્તિ કરવી હોય તે માટે સહકારી મંડળ બનાવશે. આ મંડળોને સરકાર દ્વારા જરૂરી સાધનો-યંત્રો અને પ્રારંભિક મૂડીરોકાણ માટે આર્થિક સહાય આપવામાં આવે. આમ, ગ્રામીણ કક્ષાએ વિવિધ પ્રકારની બનાવટ કરતી સહકારી ગ્રામોદ્યોગ મંડળીઓ કાર્ય કરશે. આ મંડળીઓનુ જિલ્લા કક્ષાએ

સહકારી સંઘ બનશે. જે સહકારી મંડળીઓ પર નિયમન રાખે તથા મંડળીઓના ઉત્પાદન માટે બજાર ઊભુ કરી આપશે. સહકારી મંડળીઓ દ્વારા થયેલ ઉત્પાદનના વેચાણ માટે જિલ્લા સહકારી સંઘ સરકારી અને બિનસરકારી એજન્સીના આર્થિક સહયોગથી મેળાઓનુ આયોજન કરશે. આ માટે વેપારીઓ/વિક્રતાઓને નિમંત્રણ આપી ઉત્પાદક સહકારી મંડળીઓ સાથે વેપારી કરાર કરવામાં આવશે.

**વન ઔષધિલક્ષીક્ષેત્રના વિકાસની કાર્ય-આયોજન-**

ડાંગના વિશાળ જંગલ વિસ્તારમાં અનેક વન ઔષધિઓ છે, જેની જાણકારી પણ સ્થાનિક લોકો ધરાવે છે. તેથી આયુર્વેદિક દવાઓની બનાવટનો ગૃહ ઉદ્યોગ દ્વારા રોજગારી મેળવી શકે. આ કામ ડાંગના ભગતો, વૈધરાજ કે અન્ય જાણકાર લોકો કરી શકે છે. આ અંગે શિવારીમાળ ગામના વૈધરાજ મનુ ભોયે સફળ ઉદાહરણ છે. સરકાર દ્વારા ઔષધિઓના જાણકાર ભગતોને દવા બનાવી ઇલાજ અને વેચાણની માન્યતા આપવી. જંગલ જમીનમાંથી ઔષધિઓ કાઢવાનો એફ.આર.એ-2006 અન્વયે સામુદાયિક અધિકાર આપવા. પ્રારંભિક મૂડીરોકાણ માટે આર્થિક સહાય અને જરૂરી સાધન સામગ્રી આપવી. આયુષ, વિભાગ દ્વારા પ્રમાણિત કરીને આવી દવા અને ઇલાજ કરનારને પ્રમાણપત્ર આપવા. મસયાંતરે આયુર્વેદિક ઇલાજના કેમ્પનુ આયોજન કરી ડાંગી વેધરાજોને પ્રોત્સાહિત કરવામાં આવે.

**જંગલ-જમીન અધિકારો-**

- ડાંગ જિલ્લામાં 33 ટકા ચોખ્ખો વાવેતર વિસ્તાર છે જ્યારે 59 ટકા જંગલ વિસ્તાર છે. તેથી સાલવારી ખેડહક્કના ધોરણે જમીન વિહોણા ખેડૂતોને પડતર કે જંગલ જમીન આપવુ જોઇએ. કારણ કે અન્ય વિસ્તારમાં જંગલ ખતમ કરી વિકાસ કરવો અને ડાંગમાં લોકોની આજીવિકાના ભોગે જંગલ સાચવવો એ કેવો ન્યાય ?
- વિશાળ વન વિસ્તારને કારણે પર્યાવરણીય તંદુરસ્તી માટે ડાંગ જિલ્લાની ભૂમિકા સાપેક્ષ રીતે વધુ છે. તેથી લોકોની આજીવિકાનો વિચાર કરી ડાંગની જંગલ સંપત્તિનો હિસ્સો ડાંગના જંગલ વિસ્તારની ટકાવારીના પ્રમાણમાં ફાળવવામાં આવે.
- વન અધિકાર કાયદા-2006 અંગે લોકોને માહિતગાર અને જાગૃત કરવા એફ.આર.એ, સેલ દ્વારા પાંચ ગામો વચ્ચે જાગૃતિ કેમ્પનુ આયોજન કરવુ. લોકોને કાયદાના નિયમો અંગે જાગૃત કર્યા બાદ દાવા અરજીની પ્રક્રિયા પુનઃ શરૂ કરીને હકારાત્મક અભિગમ દાખવી તેમના અધિકારો માન્ય કરવા જોઇએ. કાયદા અન્વયે ચાર હેકટરની મર્યદામાં રહી દાવો કરેલ સંપૂર્ણ જમીન માન્ય કરવામાં આવે.
- વન અધિકાર કાયદા અન્યવયે ગ્રામસભા ઠરાવે એ મુજબના તમામ સામુદાયિક દાવાઓ માન્ય કરવાના રહેશે.
- વન સંપત્તિના ઉછેર માટે સામુદાયિક અધિકાર આપી તે જમીનમાં ગામલોકો દ્વારા પોતાને ઉપયોગી એવા વૃક્ષોનો ઉછેર કરીને સંપૂર્ણ ઉપયોગ કરી શકે એવા અધિકાર આપવા.
- વન વિભાગ દ્વારા  જંગલ વિસ્તારમાં લોકોને રોજગારી અર્થે ઉપયોગી બને એવા વૃક્ષો-છોડ કે વન્ય સંપત્તિનો ઉછેર કરવો જોઇએ.

- જિલ્લામાં પશુપાલન વિકાસ હેતુથી જંગલ જમીનમાં પશુચરાણ માટે અલગ અને ઘાસચારાના ઉછેર માટે અલગથી સામુદાયિક વન અધિકાર આપવા. ઘાસ-ચારાના ઉછેર માટે પ્રાપ્ત જમીનનુ સંચાલન પશુપાલકોની સહકારી મંડળી દ્વારા થવું જોઇએ. ગામની દરેક સહકારી દૂધ મંડળીને કબજો વિના ઘાસ-ચારા ઉછેર માટે સામુદાયિક વન અધિકારો આપવાના રહેશે.
- વન અધિકાર કાયદા અન્વયે માન્ય જમીન 7-12 અને 8અ ના ઉતારામાં સમાવાની પ્રક્રિયા થાય તથા તે જંગલ જમીન પર ધિરાણ કે શાખનો અધિકાર પ્રાપ્ત થશે.
- સહભાગી વન વ્યવસ્થાપન કાર્યક્રમને સુધારા સાથે લાગુ પાડવામાં આવે. જેમા વન મંડળી ઇચ્છે એ વૃક્ષો કે ઉપયોગી વનસંપત્તિનો ઉછેર કરી શકે, વેચી શકે અને ઉપજની વેચાણ આવકનો સંપૂર્ણ હિસ્સો પ્રાપ્ત થાય.
- ડાંગમાં પરદાદાઓના નામે બોલાતી સયુંકત જમીન વર્તમાન કુટુંબો કે વારસદારોના નામે કરવાની કામગીરી ફરજિયાત રીતે મહેસૂલ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે. જેથી જમીન સવર્ધનને પ્રોત્સાહન આપી શકાય.
- જમીન સમતલ, બોરીબંધ, સંરક્ષણ દિવાલ જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા અમલમાં રહેલ યોજનાઓનો લાભ વધુને વધુ ખેડૂતોને મળે તે માટે આવી યોજનાઓનુ વિસ્તરણ કરવું જરૂરી.
- જમીન સંરક્ષણ માટે ધિરાણ આપી, સરકાર દ્વારા તેની ચકાસણી કરી, આપેલ ધિરાણને સરકારી સહાયમાં તબદીલ કરી લોન માફ કરી શકાય. જેનાથી નાણાનો ઉપયોગ વાસ્તવમાં જમીન સરક્ષણ માટે થશે.

### 5.4 પરંપરાગત/પ્રાકૃતિક ખેત પેદાશો અને તેની બજાર વ્યવસ્થા

- ડાંગ જિલ્લામાં નાગલી, વરઇ, અડદ, તુવેર, ડાંગર, ખરસાણી, કુળીત, સોયાબીન જેવા વિશિષ્ટ પાકો થાય છે. જે સંપૂર્ણ દેશી બિયારણોના ઉપયોગથી પરંપરાગત પ્રાકૃતિક ખેત પદ્ધતિથી થાય છે. આવી આરોગ્યપ્રદ દેશી ખેતપેદાશોની શહેરી અને શ્રીમંત વર્ગના કુટુંબોમાં ઊંચી કિંમતે વધુ માંગ રહેલી છે. પરંતુ બજાર સાથે જોડાણના અભાવે સ્થાનિક ખેડૂતોને ખેતીમાં પ્રોત્સાહક ભાવ મળતા નથી. તેથી આવી પ્રાકૃતિક ખેત પેદાશોના અલગ બ્રાન્ડથી બજાર વિકસાવવા નીચે મુજબની બજાર વ્યવસ્થા વિકસાવી શકાય.

## પ્રાકૃતિક ખેતપેદાશોના બજારની કાર્ય-યોજના

**સરકાર**

- તાલીમ અને માર્ગદર્શન
- આર્થિક સહાય તથા સાધનો
- સંગ્રહ વ્યવસ્થા અને અન્ય સહાયક સવલતો

**જિલ્લા સહકારી ખેતબજાર સંઘ**

- દરેક તાલુકા મથકે સંગ્રહ વ્યવસ્થાનું સંચાલન
- વેચાણ માટે બજાર મેળવવું (મેળા-પ્રદર્શનોનુ આયોજન)
- નિયંત્રિત બજારની ભૂમિકા- પ્રાકૃતિક પેદાશ માટે અલગ બ્રાન્ડ

**પ્રથમિક સહકારી ખેડૂત મંડળ**

- દરેક ગામની એક સહકારી ખેત મંડળી રહેશે.
- મંડળીઓ ખેતપેદાશોનુ એકત્રીકરણ કરશે.

➢ ઉપરોક્ત માળખા મુજબ સરકારી વિભાગ જિલ્લા સહકારી સંઘ સાથે મળીને વેપારીઑને નિમંત્રિત કરી કૃષિ મેળાઓ તથા પ્રદર્શનો યોજશે. જેમાં સંઘ અને વેપારીઓ વચ્ચે વેપારી કરારો થશે. દરેક ખેતપેદાશ માટે આ પ્રકારની વેચાણ વ્યવસ્થા રહેશે તો ખાનગી વેપારીઓ દ્વારા ખેડૂતોનુ શોષણ અટકશે અને ખેડૂતોની નફાકારકતા વધશે. પ્રાકૃતિક ખેતપેદાશોના ભાવ નક્કી કરવાની સત્તા જિલ્લા સહકારી સંઘ ધરાવશે. આ સંઘ બજાર નિયંત્રણની ભૂમિકા નિભાવે અને રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય બજાર સાથે મંડળીઓનું સપર્ક સાધવાનું માધ્યમ બને. આ માટે રાજ્ય સરકારે આર્થિક અને ટેક્નિકલ પ્રોત્સાહન આપવું જોઇએ. એ સિવાયનું સરકારી હસ્તક્ષેપ ન હોવું જોઇએ.

➢ ખેડૂતોને સારા ભાવ મળે તે માટે ચોક્કસ બ્રાન્ડ અને ગ્રેડીંગ, પ્રમાણન આવશ્યક છે. પ્રારંભમાં વિશિષ્ટ પેદાશના વેચાણ માટે સંચાર માધ્યમોમાં જાહેરાત માટે સરકારનો સહયોગ જરૂરી રહેશે.

➢ જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જિલ્લાના દરેક ખેડૂતો સાથે પ્રત્યક્ષ સંપર્ક વધારવું જરૂરી છે. KVK મારફત અમુક સમયાંતર સર્વે અભ્યાસોના આધારે ખેડૂતોને પાક આયોજન અને યોગ્ય ખેત પદ્ધતિ અંગે માર્ગદર્શન તથા તાલીમો આપવી જરૂરી છે. કૃષિ રથના બદલે દરેક મામમાં ખેડૂત તાલીમો કે ખેડૂત મેળાનુ આયોજન કરી ખેડૂતોની સમસ્યા જાણી માર્ગદર્શન પુરુ પાડવું જોઇએ. આ દરમિયાન ખેડૂત સમ્માન યોજના કે અન્ય યોજના હેઠળ જે આર્થિક સહાય કરવામાં આવે છે, તેનુ વિતરણ થવુ જોઇએ. આર્થિક સહાય રોકડને બદલે ખેડૂતોને યોગ્ય પાક આયોજનનુ માર્ગદર્શન આપી તેની જરૂરિયાત મુજબની વસ્તુ કે સાધનો આપવા જોઇએ. સહાય મેળવવાના લાલચે આ તાલીમોમાં ખેડૂતોની ભાગીદારી વધશે.

### 5.5 પ્રાકૃતિક ખેતપેદાશોના મૂલ્યવર્ધનની યોજના.

પ્રાકૃતિક ખેતપેદાશોમાંથી વિભિન્ન વાનગીઓ, ખાદ્યચીજો કે અન્ય બનાવટો બનાવી વિશિષ્ટ બજાર વિકસવાની શક્યતા રહેલી છે. દા.ત. નાગલીના પાપડ, બિસ્કીટ, ચોકલેટ જેવી બનાવટો, અડદના પાપડ, વરઇની ભગર, કુળીતની દાળ તથા અન્ય બનાવટો વગેરેનુ એક અલગ બજાર વિકસાવી આવી દેશી પેદાશોનું મૂલ્ય વર્ધન કરી શકાય. આ દિશામાં સક્રિય પ્રયાશો કેટલાક સહકારી મંડળો અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ડાંગમાં થઇ રહ્યા છે.

ડાંગ જિલ્લામાં પ્રાકૃતિક ખેતપેદાશોનુ મૂલ્યવર્ધન કરવામાં સખી મંડળો વધુ સફળ રહ્યા છે. જિલ્લા ગ્રામવિકાસ એજન્સી દ્વારા અમલી મિશન મંગલમ યોજના અન્યવયે સખી મંડળો વિવિધ પ્રવત્તિઓ કરે છે. સખી મંડળોને તાલીમ, સાધન સામગ્રી અને બજાર ઊભૂ કરવામાં સ્વૈચ્છિક સંસ્થાઓ અસરકારક ભૂમિકા નિભાવે છે. આમ, સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી સખી મંડળો નીચેની આકૃતિમાં દર્શાવેલ વિવિધ પ્રવૃત્તિઓ કરશે. જેનાથી અંતરિયાળ ગામોની મહિલાઓ પોતાના વતનમાં રોજગારી મેળવી શકશે.


**પ્રાકૃતિક ખેતપેદાશોના મૂલ્યવર્ધનની કાર્ય-યોજના.**

**DRDA (મિશન મંગલમ)**
- અમલીકરણ, નિરિક્ષણ અને મૂલ્યાંકન
- આર્થિક સહાય

**NGO**
- જે તે પ્રવૃત્તિ માટે સખી મંડળોને તાલીમ
- જરૂરી ટેક્નિકલ સહાય અને સાધનો
- મંડળો દ્વારા થયેલ ઉત્પાદનના વેચાણ માટે બજાર ઊભૂ કરવું.

**વિભિન્ન પ્રવૃતિ કરતા સખી મંડળો**
- નાહરી હોટેલ, નાગલી અને અડદ પાપડ, મહૂડા અને નાગલી બિસ્કિટ, નાગલી અને મહૂડા ચોકલેટ, વરઇ-સાવાની ભગર, વિવિધ દેશી કઠોળ અને તેની દાળ, વાંસ અને મહુડા ફૂલનું અથાણું, દેશી ચટણી, જંગલી મધ, મહૂડાનુ તેલ, દેશી ઘાણીનું તેલ, પોલિસ વિનાના દેશી ચોખ્ખા વગેરે.

## કાજુ અને કેરીની ખેતી માટેની કાર્યયોજના




આલેખમાં દર્શાવ્યા મુજબ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અથવા જિલ્લા બાગાયત શાખા અંતર્ગત વાડીયોજના પ્રોજેક્ટ મુજબ આર્થિક સહાય અને અમલીકરણ કરાશે. સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી સહકારી મંડળોને જે તે પ્રવૃત્તિ માટે તાલીમ આપી, સાધનો પુરા પાડવામાં આવશે. કાજુ અને કેરીના રોપા ઉછેરની પ્રવૃત્તિ માટે સહકારી મંડળને તાલીમ અપાશે. આ મંડળ પાસેથી રોપા અનુક્રમે કાજુ સહકારી ખેડૂત મંડળ અને આંબા સહકારી ખેડૂત મંડળ ખરીદશે. ત્યાર બાદ આ ખેડૂતો દ્વારા તૈયાર થયેલ કાજુ પ્રોસેસિંગ કરતા મંડળો ખરીદશે. છેવટે પ્રોસેસ થયેલ તૈયાર કાજુનુ પોતાના બ્રાન્ડ નામથી પેંકિગ કરીને કાજુ પ્રોસેસિંગ મંડળો સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી વેચાણ કરીને નફો મેળવશે.

### 5.6 ઇમારતી લાકડાં ઉછેરની કાર્ય-યોજના

ડાંગ જિલ્લામાં સાગ, સાદડ જેવા ઇમારતી લાકડાનો ઉછેર ઓછા ખર્ચે સંભવ છે. મોટાભાગના ખેડૂતો પાસે કુલ જમીનનો અમુક ભાગ ઢોળાવવાળો કે ખરાબારૂપે પડતર હોય છે. જેમા વ્યક્તિગત ખાનગી માલિકીથી સાગ ઉછેર શક્ય છે. જે ખેતીને પૂરક આવકનુ સાધન બની શકે છે. આ માટે વન વિભાગ જે રીતે જંગલ જમીનમાં વૃક્ષારોપણ કરે છે એ રીતે ખેડૂતની ખાનગી માલિકીની પડતર જમીનમાં વૃક્ષારોપણ કરી આપે. વૃક્ષારોપણનો તમામ ખર્ચ વન વિભાગનો રહેશે. ત્યાર બાદ વૃક્ષોની કાળજી રાખી ઉછેરવાની જવાબદારી ખેડૂત સંભાળશે. આ માટે વનવિભાગ દ્વારા ખેડૂતને તાલીમ આપવામાં આવે. વૃક્ષોની માલિકી સંપૂર્ણ ખેડૂતની રહેશે.

### 5.7 જળ વ્યવસ્થાપન કાર્ય યોજના

ડાંગ જિલ્લામાં સાપેક્ષ રીતે વધુ વરસાદ પડે છે. પરંતુ પાણીના સંગ્રહની યોગ્ય વ્યવસ્થાના અભાવે અને ડુંગરાળ પ્રદેશને કારણે પાણી નીચાણવાળા પ્રદેશોમાં વહી જાય છે. બીજી બાજુ જિલ્લામાં ઘરવપરાશ, પશુપાલન, સિંચાઇ તથા અન્ય રોજગાર ધંધા માટે પણ પાણીની અછતની સમસ્યા વર્ષના મોટાભાગના મહિનાઓમાં અનુભવાય છે. તેથી વરસાદી પાણીના સંગ્રહ માટે યોગ્ય વ્યવસ્થા વિચારવાની આવશ્યકતા છે. આ માટે નીચે મુજબની યોજના વિચારી શકાય.

- મનરેગા હેઠળ જંગલ જમીન, પડતર કે ખરાબાની જમીન પર ખાડા કરી વરસાદના પાણીને જમીનની અંદર ઊતારી પાણીના સ્તર ઉપર લાવવાની યોજના અમલમાં મુકવી જોઇએ.
- ડાંગમાં સિંચાઇની જરૂરિયાત અને સ્થાનિક લોકોના ઉપયોગની મર્યાદામાં વરસાદી પાણી સંગ્રહ માટે અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદીઓ પર ડેમ બનાવવા. આ માટે આસપાસની જમીન માલિકી ધરાવતા ખેડૂતોની સહકારી મંડળીઓ બનાવી, બધા સભ્યોને લાભ મળે એવા સ્થળે પડતર કે જંગલ જમીનમાં ડેમ બનાવવા FRA-2006 અન્વયે સામુદાયિક અધિકાર માટે અરજી કરશે. આ સામુદાયિક વન અધિકારની અરજી માન્ય કરી ખેડૂતોની જમીન ડૂબાણમાં ન જાય તથા લોકોએ વિસ્થાપિત થવાની જરૂર ન પડે વગેરે બાબતોને ધ્યાને લઇ પડતર કે જંગલ જમીનમાં ડેમ બનાવવા જોઇએ. સરકારના સહાયથી બનેલ ડેમના પાણીના વપરાશ માટે સહભાગી સિંચાઇ વ્યવસ્થા લાગુ પાડવામાં આવશે.
- વ્યકિતગત ધોરણે વરસાદના પાણીનું સંગ્રહ કરવા માટે દરેક કુટુંબને ઓછામાં ઓછી 10 હજાર લિટરની ભૂગર્ભ ટાંકી બનાવી, ઘરના નળીયાનુ પાણી તેમાં સંગ્રહવાની સંપૂર્ણ ગોઠવણ કરી આપવામાં આવે. માત્ર ટાંકા બનાવીને કામ અધુરૂ છોડવુ ના જોઇએ. આ કાર્ય સરકાર સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી કરી શકશે.

### 5.8 પશુપાલનક્ષેત્રે વિકાસલક્ષી કાર્ય-આયોજન

- ડાંગ જિલ્લામાં જંગલ વિસ્તારની વિપુલતા હોવાથી દેશી પશુ ઉછેર લઘુત્તમ ખર્ચે શક્ય બને છે. દેશી ગાયોનુ ઘી, દૂધની બનાવટો, ગૌમુત્ર, છાણ અને તેની બનાવટો વગેરેનું અલાયદૃ બજાર ઊભુ થઇ શકે છે. વન અધિકાર કાયદા અન્વયે ગૌચર કે ચરાણનો સામુદાયિક અધિકાર આપી કાયમી ધોરણે ઘાસચારાની તંગી નિવારી શકાય એમ છે. સાથે સાથે સહકારી ડેરી ઉદ્યોગના પ્રવર્તમાન પ્રશ્નોનું નિરાકરણ કરી ખેડૂતોમાં સહકારી ધોરણે ડેરી પ્રવૃત્તિ વિકસાવી શકાય.
- ડાંગમાં દેશી બકરા ઉછેરની ઉજળી તકો રહેલી છે. પરંપરાગત રીતે લોકો દેશી બકરા પાળે છે. એક દેશી બકરાની કિંમત રૂ.5000 થી 15000 સુધી સ્થાનિક બજારમાં પ્રાપ્ત થાય છે. આદિવાસીઓ લઘત્તમ ખર્ચે દેશી બકરા ઊછેરની આવડત ધરાવે છે. ગામની આસપાસ જંગલ વિસ્તાર હોવાથી બકરાઓ જંગલમા ચરાવવા લઇ જાય છે અથવા જંગલમાંથી ઝાડના પાંદડા ઘરે લાવીને ખવડાવે છે. ચરાણ સિવાય બકરા માટે અન્ય કોઇ ખર્ચ કરવામાં આવતો નથી. આમ, નહિવત ખર્ચે દેશી

બકરાઓનો ઊછેર કરીને તથા આ માટે યોગ્ય બજાર ઊભુ કરીને પૂરક આવક મેળવવાની શક્યતા રહેલી છે. અમુક ધાર્મિક-સામાજિક પ્રસંગોએ સ્થાનિક બજારમાં બકરાની માંગ વિશેષ રહે છે. ડાંગમાં ઘણા કુટુંબો ખેતીની સાથે બકરા ઊછેરનો વ્યવસાય કરે છે. ખૂબ નાના પાયે થતા આ વ્યસાયને વિસ્તારવાની જરૂર છે. આ માટે સરકાર દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી પશુ ઉછેર(રાખવા)ની વ્યવસ્થામાં આર્થિક અને તક્નિકી સહાય કરવામાં આવે. સામુદાયિક વન અધિકારની જોગવાઇ અન્વયે ગૌચરની માન્યતા આપી શકાય. અને તે ગૌચરનું સંચાલન સહકારી ધોરણે કરવામાં આવે.

### 5.9 દેશી મરઘા ઉછેરની કાર્ય-યોજના

ડાંગ જિલ્લામાં મોટાભાગના કુટુંબો પરંપરાગત રીતે દેશી મરઘાઓનો ઉછેર કરે છે. મરઘા ઉછેરની પ્રક્રિયાને તેઓ પોતાની જીવનશૈલીનો એક ભાગ સમજે છે. કુટુંબદીઠ સરેરાશ 10 થી 40 મરઘાઓનું પ્રમાણ જિલ્લામાં જોવા મળે છે. એક મરઘાની કિંમત રૂ.200 થી રૂ.1000 સુધી હોય છે. મરઘા ઉછેર કુટુંબની પૂરક આવકનો મહત્વનો સ્રોત છે. આ વ્યવસાયને પ્રાકૃતિક પોલ્ટ્રી ફાર્મ સ્વરૂપે આધુનિક ઢબે વિકસાવવાની જરૂર છે. આ માટે સરકારી કે બિન સરકારી એજન્સી દ્રારા મરઘા ઉછેર(રાખવા)નું માળખુ ઊભુ કરી આપી તકનિકી સહયોગ આપવામાં આવે. મરઘા વેચાણ માટે ખેડૂતો સહકારી ધોરણે મંડળી બનાવશે. મંડળી દ્વારા સભ્ય ખેડૂતો પાસેથી મરઘાઓ એકત્રિત કરી મોટા બજારમાં વેચાણ અર્થે મોકલવામાં આવશે.

### 5.10 મત્સ્ય ઉદ્યોગની કાર્ય-યોજના

ડાંગ જિલ્લામાં દરિયા કિનારો કે મોટા બંધો નથી, કે જ્યા મત્સ્ય ઉદ્યોગ વિકસી શકે. પરંતુ તાજેતરમાં કેટલાંક સ્થાનિક યુવા સાહસિકો કૃત્રિમ તળાવ ઊભુ કરીને મત્સ્ય ઉછેરના સફળ પ્રયોગો કરી રહ્યા છે. અર્થાત, જિલ્લામાં કૃત્રિમ તળાવ દ્વારા મત્સ્ય ઉદ્યોગના વિકાસની શક્યતા રહેલી છે. આ યુવા સાહસિકોના મતે સ્થાનિક કક્ષાએ માછલીઓના બજાર કે માંગનો પ્રશ્ન નથી, પરંતુ મૂડીરોકાણ ખર્ચની મોટી સમસ્યા રહેલી  છે. તેથી સરકારી કે બિન સરકારી સંસ્થાઓ દ્વારા નીચે મુજબની તકનિકી અને આર્થિક સહાય પુરી પાડવી જોઇશે.

1) તળાવ ખોદી આપવામાં આવે.
2) તળાવમાં સારી ગુણવત્તાનુ પ્લાસ્ટિક પાથરી આપવામાં આવે.
3) મત્સ્ય ઉછેર અને માછલીઓ માટેના દાણ બનાવવાની તાલીમ આપવામાં આવે.
4) દાણ બનાવવાના યંત્રો-સાધનો આપવામાં આવે.

આમ, ઉપરોક્ત પ્રકારની આર્થિક અને તક્નિકી સહાય સ્થાનિક યુવાનોને પુરી પાડવામાં આવે તો મત્સ્ય ઉદ્યોગ નફાકારક રીતે વિકસી શકે એમ છે.

## 5.11 સ્થળાંતર અને ખેતમજુરો માટેની કાર્ય-યોજના

- જમીન વિહોણા અને ખેતી સિવાયનો કાયમી ફાજલ શ્રમ, કે જે કાયમી અથવા દૈનિક મજુરીએ સ્થળાંતર કરે છે. તેમના માટે સ્થાનિક સ્તરે કાયમી રોજગારીનો વિકલ્પ વિચારવાની આવશ્યકતા છે. આ માટે નાના અને ગૃહ ઉદ્યોગો વધુ ઉપયોગી થઇ શકે. જેમ કે ખાદી ગ્રામો ઉદ્યોગ, ફર્નિચર, લાંકડા પર કોતરણી, સુથારી કામ, હાઉસ પ્લાન અને કડિયાકામ, ઈંટ ઉદ્યોગ, કાજુની પ્રક્રિયા, અડદ-નાગલીનો પાપડ ઉદ્યોગ, નાગલીના બિસ્કીટ અને અન્ય બનાવટો, વાંસ કામ. વગેરે પ્રકારનાં ઉદ્યોગો સ્થાનિક જરૂરિયાત મુજબ શરૂ કરી શકાય.
- સીમાન્ત અને નાના ખેડૂતો કે જે મોસમી બેરોજગાર છે. સમુહમાં ટૂંકાગાળાનુ સ્થળાંતર કરે છે. તેમના પૂરક રોજગારીની આવશ્યકતા છે. આ માટે ખેતીને સહાયક એવા પશુપાલન વ્યવસાય ઉત્તમ વિકલ્પ છે. સહકારી ધોરણે પશુપાલન, દાણ-ઘાસચારાની વ્યવસ્થા વગેરે અનુભવ જન્ય વ્યવસાય છે. પરંતુ આ માટે પહેલા પાણીની વ્યવસ્થા જરૂરી છે.
- ટૂકમા, સ્થાનિક કક્ષાએ કાયમી અને પૂરક રોજગારીના વિકલ્પો વિકસાવવાની આવશ્યકતા છે.

આમ, ડાંગ જિલ્લામાં વિવિધ આર્થિક સામાજિક પ્રશ્નો-પડકારો વિશિષ્ટ અને એટલા જ ગંભીર પણ છે. સાથે સાથે તેના ઉકેલ પણ અગલ દ્રષ્ટિકોણ માંગી લે તેમ છે. તેથી પ્રસ્તુત અહેવાલમાં સ્થાનિક લોકોમાં રહેલી ક્ષમતાને માપી તેના આધારે ઉકેલ શોધવાનો પ્રયાસ છે. જેને અંતમા આદિવાસી વિકાસની કાર્યયોજના તરીકે ભલામણ કરવામાં આવી છે.

*****